અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
પ્રિયંકાની બહાદુર દીકરી, માલતીએ મોન્સ્ટર લિઝાર્ડને ખોળામાં રમાડી

પેજ-09
શુભમન ગિલના નિર્ણય પર અશ્વિન ભડક્યો, કોહલીની કેપ્ટનસીમાંથી શીખવાની...



હવામાન

શહેર	મહત્તમ	લઘુત્તમ
અમદાવાદ	32.00	17.00
વડોદરા	32.00	18.00
સુરત	33.00	20.00

પેજ 5



1 જ ક્લિકમાં બંધ થઈ જશે તમારા બેંક ખાતાના તમામ પેમેન્ટ

25 NOVEMBER-2026 WEDNESDAY

શેખ હસીના વતન પરત ફરશે તો ધરપકડ નિશ્ચિત



પેજ 10

.....સુવિચાર.....

કુંવારા લોકો ખુશીથી જીવી શકે છે પરંતુ પરિવાર સાથે રહેતા લોકો જ આ તહેવાર ઉજવી શકે છે.

વર્ષ-16 । અંક-011 । વિક્રમ સંવત-2082 । કારતક વદ - 01 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

૨૮ બોલમાં સદી અને પર બોલમાં બેવડી સદી ફટકારી વનડે ક્રિકેટમાં રચ્યો ઇતિહાસ

ઈન્ડિયા Aએ UAEને ૭ વિકેટે હરાવ્યું: ૨૫૦ રનનો લક્ષ્યાંક માત્ર ૧૪.૨ ઓવરમાં પાર, રિંકુ સિંહે છગ્ગા સાથે અપાવી જીત



વૈભવ સૂર્યવંશીનો ઐતિહાસિક વિક્રમ

■ UAE સામે ૫૩ બોલમાં ૨૦૪ રનની તોફાની ઇનિંગ: વૈભવ સૂર્યવંશીએ ફટકાર્યા ૨૮ છગ્ગા અને ૭ ચોગ્ગા, બન્યો પ્લેયર ઓફ ધ મેચ



(એજન્સી) દોહા | તા.24

ક્રિકેટ જગતમાં ૧૫ વર્ષીય યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી એ મંગળવારે (તા. ૨૪ નવેમ્બર ૨૦૨૬) દોહા ખાતે રમાયેલા રાઇઝિંગ સ્ટાર એશિયા કપ માં અવિશ્વસનીય અને તોફાની બેટિંગ કરીને નવા વિશ્વ વિક્રમો સ્થાપિત કર્યા છે. UAE સામેની મુકાબલામાં વૈભવે માત્ર ૨૮ બોલમાં સદી અને ૫૨ બોલમાં બેવડી સદી ફટકારી હતી, જે બંને ૫૦ ઓવરના ક્રિકેટના વર્લ્ડ રેકોર્ડ છે. તેની આ ઐતિહાસિક ઇનિંગના સહારે ઈન્ડિયા A એ UAEને ૭ વિકેટે કારમી હાર આપી હતી.૫૩ બોલમાં ૨૦૪ રન: ૨૮ છગ્ગા અને ૭ ચોગ્ગાની રમઝટ વૈભવ સૂર્યવંશી ૨૮ બોલમાં સદી ૫૨ બોલમાં બેવડી સદી ૨૦૨૬ ની ઇનિંગ દરમિયાન UAEના બોલરો સંપૂર્ણપણે લાચાર નજરે પડ્યા હતા. વૈભવે ૫૩ બોલનો સામનો કરીને ૨૦૪ રન ફટકાર્યા હતા, જેમાં ૨૮ છગ્ગા અને ૭ ચોગ્ગા સામેલ હતા.લોંગ-ઓન પરથી છગ્ગો ફટકારીને તેણે પોતાની બેવડી સદી પૂરી કરી હતી અને ત્યારબાદ હેલ્મેટ કાઢીને ટીમ ઈન્ડિયાના ડગઆઉટ તરફ સેલિબ્રેશન કરવાની સાથે આકાશમાં ઈશ્વરનો આભાર માન્યો હતો.

■ મળીને ચૂંટણી લડશે, શાહે કહ્યું- CM અકાલી દળના હશે, સીટ શેરિંગ પર નિર્ણય હજુ થયો નથી

પંજાબમાં 6 વર્ષ બાદ ભાજપ-અકાલી દળનું ગઠબંધન





(એજન્સી) નવી દિલ્હી | તા.24

પંજાબના રાજકારણમાં એક મોટા અને ઐતિહાસિક વળાંક રૂપે ભારતીય જનતા પાર્ટી (BJP) અને શિરોમણી અકાલી દળ (SAD) ૬ વર્ષના અંતરાલ બાદ ફરી એકવાર સાથે આવ્યા છે. મંગળવારે (તા. ૨૪ નવેમ્બર ૨૦૨૬) નવી દિલ્હી સ્થિત ભાજપ હેડક્વાર્ટર ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નબીન અને શિરોમણી અકાલી દળના અધ્યક્ષ સુખબીર સિંહ બાદલની ઉપસ્થિતિમાં યોજાયેલી સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં આ ગઠબંધનની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.ભાજપ અકાલી દળ ગઠબંધન ૨૦૨૬ અમિત શાહ સુખબીર બાદલ અંગે જાહેરાત કરતા ગૃહમંત્રી અમિત શાહે સ્પષ્ટ કર્યું હતું કે, પંજાબ વિધાનસભાની ચૂંટણી બંને પક્ષો સાથે મળીને લડશે.

૮ ડિસેમ્બરે મોગામાં મહારેલીમાં PM મોદી હાજર રહેશે

પંજાબ વિધાનસભા ચૂંટણી ભાજપ અકાલી દળ મોગા રેલી PM મોદી અંગે સુખબીર બાદલે જણાવ્યું હતું કે, તેમના પિતા સ્વ. પ્રકાશ સિંહ બાદલની જન્મજયંતી નિમિત્તે આગામી ૮ ડિસેમ્બરે મોગા ખાતે વિશાળ રેલીનું આયોજન કરવામાં આવશે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત રહેશે. ભાજપ અધ્યક્ષ નિતિન નબીને પણ આ જોડાણને પંજાબના વિકાસ માટે સ્વાભાવિક ગઠબંધન ગણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ભાજપ અને અકાલી દળે સાથે મળીને ૧૯૯૭, ૨૦૦૭ અને ૨૦૧૨ એમ ત્રણ વખત પંજાબમાં સરકાર બનાવી હતી. પરંતુ કૃષિ સુધારા કાયદાઓના વિરોધમાં સપ્ટેમ્બર ૨૦૨૦માં ૨૪ વર્ષ જૂનું આ ગઠબંધન તૂટી ગયું હતું. ત્યારબાદ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં અલગ-અલગ લડવાને કારણે ૧૧૭ બેઠકોમાંથી અકાલી દળ માત્ર ૩ અને ભાજપ માત્ર ૨ બેઠકો પર જ જીત મેળવી શકી હતી.

સીએસઆરના પૈસાનું મની લોન્ડરિંગ કર્યું

૨૦૦ કરોડનાં CSR કૌભાંડમાં બોગસ તબીબની ધરપકડની ઈડીને મંજૂરી



(એજન્સી) મુંબઈ | તા.24

પોતે ડોક્ટર હોવાનો ખોટો ડોળ રચી ચેરિટેબલ ટ્રસ્ટ રચી કોર્પોરેટ ગૃહો તથા અન્યો પાસેથી સીએસઆર ભંડોળ મેળવી ૨૦૦ કરોડ રુપિયાનું મની લોન્ડરિંગ કરવાના આરોપી જુહૂના રહીશ ધર્મેન્દ્રસિંહની ધરપકડ કરવાની પરવાનગી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ મેળવી લીધી છે. ઈડીની વિનંતી પર કોર્ટે જારી કરેલા પ્રોડક્શન વોરંટના આધારે સોમવારે સિંહને ખાસ પીએમએલએ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. એજન્સીએ મની લોન્ડરિંગના આરોપો પર સિંહની ઔપચારિક ધરપકડ કરવાની પરવાનગી માંગી હતી.

સિંઘની ધરપકડ કરવાની પરવાનગી માંગતી વખતે, ઈડીના વકીલ અરવિંદ અઘાવે દાવો કર્યો હતો કે સિંહ પાસે કોઈ તબીબી લાયકાત કે વ્યાવસાયિક વિશ્વસનીયતા ન હોવા છતાં, તેમણે વિવિધ ટ્રસ્ટો દ્વારા આરોગ્યસંભાળ અને સખાવતી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા તબીબી વ્યાવસાયિક તરીકેનો ઢોંગ કરી ૨૦૦ કરોડ રુપિયાની હેરફેર કરી હતી.

સિંહના વકીલે આ અરજીનો વિરોધ કર્યો હતો, જેમણે દલીલ કરી હતી કે એજન્સીએ તેમનું નિવેદન પહેલાથી જ નોંધી લીધું હોવાથી, વધુ કસ્ટડીમાં પૂછપરછ માટે તેમને કસ્ટડીમાં લેવાની કોઈ જરૂર નથી. જોકે, કોર્ટે નોંધ્યું હતું કે, અરજી વાંચ્યા પછી, એવું જણાય છે કે આરોપી કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર)ના નામે મોટી રકમના નાણાંની લોન્ડરિંગમાં સંડોવાયેલો છે તેવું માનવાના કારણો છે. પ્રથમ દ્રષ્ટિએ તેની સંડોવણી જોવા મળે છે. સીએસઆર ફંડ્સ ટ્રસ્ટ દ્વારા કથિત રીતે ડાયવર્ઝન કરવામાં આવ્યા હોવાનો આરોપ છે.

ઈડી અનુસાર, સિંહે ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના અને સંચાલન કરી તેના દ્વારા આરોગ્યસંભાળ સંબંધિત પ્રોજેક્ટ્સ માટે સીએસઆર ભંડોળ એકત્ર કર્યું હતું.

ઈડીએ આરોપ લગાવ્યો છે કે લગભગ ૪૦ જાહેર ક્ષેત્રના ઉપક્રમો (પીએસયુ), જાહેર ક્ષેત્રની બેંકો અને ખાનગી કંપનીઓ પાસેથી મળેલા સીએસઆર ભંડોળને કથિત રીતે નકલી કંપનીઓનાં નેટવર્ક નેટવર્ક દ્વારા ડાયવર્ટ અને રિસાયકલ કરવામાં આવ્યું હતું.ઘણા પ્રોજેક્ટ્સ કથિત રીતે આંશિક રીતે જ અમલમાં મુકાયા હતા અથવા પ્રાપ્ત ભંડોળના પ્રમાણમાં અમલમાં મુકાયા ન હતા, જ્યારે વિક્રેતા બિલો કથિત રીતે વધારીને અને બોગસ અથવા શેલ એન્ટિટી દ્વારા વધારાના ભંડોળ મોકલવામાં આવ્યા હતા. ઈડીએ દાવો કર્યો છે કે સીએસઆર યોગદાનને સરળ બનાવનારા વચેટિયાઓને પણ કમિશન ચૂકવવામાં આવ્યું હતું.

અન્ય શહેરોમાં નબળો પ્રતિસાદ : બાઈક ટેક્સીના વિરોધમાં એલાન અપાયું હતું

ઓટોરિક્ષા હડતાળનું મુંબઈમાં સૂરસૂરિયું

(એજન્સી) મુંબઈ | તા.24

મોટર-બાઈક ઉપર પેસેન્જરોની હેરફેર કરતી રેપિડો બાઈક- ટેક્સી સર્વિસ તત્કાળ બંધ કરાવવાની માગણી સાથે કેટલાક રિક્ષા સંગઠનોએ આજે રાજ્યવ્યાપી હડતાળનું એલાન કર્યું હતું. જોકે મુંબઈમાં આ હડતાળનું સૂરસૂરિયું થઈ ગયું હતું. બાંદરા અને કુર્લા સ્ટેશન પાસેના રિક્ષા- શેરિંગ પોઈન્ટ ઉપર રોજ કરતાં વધુ રિક્ષાઓ જોવા મળી હતી. જ્યારે રસ્તા પર રેપિડો બાઈક- ટેક્સી પણ ફરતી જોવા મળી હતી.ઓટોરિક્ષા પંચાયત સમિતિ અને મહારાષ્ટ્ર નવનિર્માણ વાહતુક સેના તરફથી બાઈક- ટેક્સી સર્વિસના વિરોધમાં રિક્ષા હડતાળનું એલાન કર્યું હતું તેને પુણે, નાસિક અને બીજા શહેરોમાં ધાર્યો પ્રતિસાદ મળ્યો નહોતો. આ શહેરોમાં રિક્ષા યુનિયનવાળા તરફથી ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને ચેતવણી ઉચ્ચારવામાં



આવી હતી કે અઠવાડિયામાં બાઈક- ટેક્સીના મુદ્દે સરકાર તેનું વલણ સ્પષ્ટ નહીં કરે તો વધુ ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.હવે પછીના આંદોલનમાં રિક્ષાની સાથે ટેક્સીઓની પણ હડતાળ પાડવામાં આવશે. હડતાળનું એલાન કરનારા સંગઠનોએ જણાવ્યું હતું કે રેપિડો બાઈક ચલાવનારા પાસે બેજ નથી હોતો, પ્રવાસી પરિવહનના વાહનની નંબર પ્લેટ પીળા રંગની હોવી જોઈએ તેને બદલે બાઈક ટેક્સીની નંબર પ્લેટ સાદી જ હોય છે અને અત્યંત સ્પીડમાં આ બાઈક દોડાવવામાં આવતી હોવાથી પાછળ બેસતા પ્રવાસીને હંમેશા જીવનું જોખમ રહે છે. આ બધા કારણોસર સરકારે બાઈક ટેક્સી બંધ કરાવવી જોઈએ.બીજી તરફ બાંદરા અને કુર્લાથી બી.કે.સી. વચ્ચે નિયમિત રીતે પ્રવાસ કરતા શેર-એ-રિક્ષાના પ્રવાસીઓએ જણાવ્યું હતું કે ઓટોરિક્ષાવાળા ટ્રાફિકના નિયમોનો છડેચોક ભંગ કરે છે. ત્રણને બદલે ચાર કે પાંચ પેસેન્જરોને ઠાંસીને બેસાડે છે, સિગ્નલ બંધ હોય છતાં ઉભા રહેતા નથી, અત્યંત હુલ્લડાઈભરી રીતે રિક્ષા ચલાવે છે જેને કારણે છાશવારે નાના-મોટા અકસ્માત થાય છે. બીકેસી- કુર્લા વચ્ચે અવરજવર કરતા લોકોને અનેકવાર રિક્ષા અકસ્માતનો વસમો અનુભવ સહેવો પડયો હતો. કુર્લા અને બાંદરામાં ટ્રાફિક પોલીસની નજર સામે શેર-એ-રિક્ષાવાળા દાદાગીરીથી રિક્ષાઓ ચલાવતા હોય છે. આમ રેપિડો બાઈક-ટેક્સી કરતાં પણ જોખમી રીતે રિક્ષાઓ દોડાવવામાં આવે છે.

મુલુંડ, ઘાટકોપર, કાંદિવલી, બોરીવલી, મલાડ અને નવી મુંબઈમાં આજે શેર-એ-રિક્ષાઓ હંમેશની જેમ દોડતી હતી. કુર્લામાં તો કેટલાય રિક્ષાવાળાને ખબર જ નહોતી કે આજે હડતાળનું એલાન થયું છે. એવી જ રીતે ઘાટકોપર પૂર્વ અને પશ્ચિમમાં સ્ટેશનની બહાર રોજની જેમ જ રિક્ષાઓની લાઈન જોવા મળી હતી.

આર્થિક સ્થિતિને લીધે હોલ ભાડે રાખી શકે તેમ ન હતા

અંતિમ દાહની ફરજ બજાવતા પિતાએ સ્મશાનમાં દીકરીનો સગાઈ પ્રસંગ યોજ્યા

મુંબઈ : નાંદેડમાં અંતિમ સંસ્કાર માટે જાણીતા સિડકોના વૈકુંઠધામ સ્મશાનગૃહમાં એક ભવ્ય સમારોહ યોજાયો હતો. કાર્તિકી એકાદશીના શુભ અવસરે એક પરિવારે તેમની દિકરીનો સ્મશાનગૃહમાં સગાઈ સમારોહ યોજ્યો હતો. પરિવારની આજીવિકા સ્મશાનગૃહ સાથે જોડાયેલી હોવાથી આ જ જગ્યાએ શુભ પ્રસંગ ઉજવવાના તેમના આ નિર્ણયથી લોકોમાં આશ્ચર્ય ફેલાયું હતું. વિગત મુજબ, કાતકી એકાદશીના શુભ અવસરે બપોરે ૧૨ વાગ્યે અક્ષદા પવાર અને છત્રપતિ સંભાજીનગરના રવિ ગાયકવાડનો સગાઈનો સમારોહ યોજાયો હતો. બંને યુવક- યુવતી ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવી રહ્યાં છે અને બંને પરિવારો અગાઉથી એકબીજાના પરિચિત છે. આ સમારોહમાં વર-વધૂ સહિત બંને પરિવારોના સભ્યો, સગાંસંબંધીઓ અને મિત્રો મળીને લગભગ ૩૦૦ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહ માટે સ્મશાનભૂમિના પ્રવેશદ્વાર પર આકર્ષક રંગોળી બનાવવામાં આવી હતી. સમગ્ર પરિસરની સફાઈ કરીને તેને સજાવવામાં આવ્યું હતું. શરણાઈ અને ઢોલ-નગારાંના તાલ સાથે ફટાકડા પણ ફોડવામાં આવ્યા હતા. આ સજાવટનાં ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં શરૂઆતમાં લોકોમાં અહીં ઈલેક્ટ્રિક સ્મશાનગૃહના ઉદ્ઘાટનનો કાર્યક્રમ યોજાયો હોવાની ચર્ચા શરૂ થઈ હતી. જોકે, બાદમાં આ દીકરીના સગાઈ સમારોહની જાણ થતાં લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.વૈકુંઠધામ સ્મશાનભૂમિમાં મસાનજોગી સમાજનાં કેટલાંક પરિવારો વર્ષોથી અંતિમ સંસ્કારની જવાબદારી સંભાળે છે. આ કામ સાથે જોડાયેલા હોવાથી સમાજનાં કેટલાંક પરિવારો સ્મશાનભૂમિની આસપાસના વિસ્તારમાં જ રહે છે. બાલાજી પવાર પણ આ જ વિસ્તાર સાથે સંકળાયેલા છે. આ અંગે અક્ષદાના પિતાએ જણાવ્યું હતું કે મારી આથક પરિસ્થિતિ ખૂબ જ નબળી છે. હું મારી દીકરીની સગાઈ કરાવવા માંગતો હતો, પરંતુ લગ્ન સમારોહનો ખર્ચ પોસાય તેમ ન હતો. તેથી, મેં વૈકુંઠધામ સ્મશાનગૃહમાં સમારોહનું આયોજન કરવાનું નક્કી કર્યું હતું.

પંજાબના રાજકારણમાં મોટો વળાંક

6 વર્ષ બાદ ફરી એક થયા BJP અને અકાલી દળ, ચૂંટણી પહેલા ગઠબંધનની જાહેરાત

પંજાબ : પંજાબના રાજકારણમાં એક મોટો અને નિર્ણાયક વળાંક આવ્યો છે. ભારતીય જનતા પાર્ટી અને શિરોમણિ અકાલી દળે આગામી 2027 ની પંજાબ વિધાનસભા ચૂંટણી એકસાથે મળીને લડવાની સત્તાવાર જાહેરાત કરી છે. 6 વર્ષના લાંબા અંતરાલ બાદ બંને પક્ષો ફરી એકવાર સાથે આવ્યા છે.આજે દિલ્હીમાં ભાજપ મુખ્યાલય ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન અને અકાલી દળના અધ્યક્ષ સુખબીર સિંહ બાદલે શિરોમણિ અકાલી દળના ફરીથી NDAમાં સામેલ થવાની જાહેરાત કરી હતી. આગામી વર્ષે યોજાનારી પંજાબ વિધાનસભા ચૂંટણી માટે બંને પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણી પર હાલ વાતચીત ચાલી રહી છે.ગઠબંધનની સત્તાવાર ઘોષણા કરતી વખતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે બધાને ગુરુ પર્વની શુભેચ્છાઓ. અમારા રાષ્ટ્રીય સાહેબના નેતૃત્વમાં આજે હમણાં જ એક બેઠક થઈ છે અને તેમાં અકાલી દળ અને ભાજપના મુખ્ય નેતાઓએ બેસીને એક નિર્ણય લીધો છે કે આગામી પંજાબ વિધાનસભાની ચૂંટણી ભાજપ અને અકાલી દળ બંને મળીને લડશે અને આજથી અકાલી દળ NDA ના સાથી તરીકે રાજકારણમાં કામ કરશે.ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને પણ સુખબીર સિંહ બાદલ અને તેમની પાર્ટીના સભ્યોનું NDA ગઠબંધનમાં સ્વાગત કર્યું હતું. નીતિન નવીને કહ્યું કે, આજે કારતક પૂર્ણિમા પણ છે અને ગુરુ પર્વની પણ તમને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ આપું છું. આજે ખૂબ જ પાવન દિવસ છે અને આજે પંજાબ હિતમાં ખૂબ મોટો નિર્ણય થઈ રહ્યો છે. હું સુખબીર સિંહ બાદલજીને અને તેમની પાર્ટીના સભ્યોને ખૂબ-ખૂબ શુભકામનાઓ આપું છું. તમારું NDA ગઠબંધનમાં સામેલ થવું, આપણા સૌની તાકાતને વધારશે.શિરોમણિ અકાલી દળ અને ભાજપ વચ્ચેનું ગઠબંધન દાયકાઓ જૂનું રહ્યું છે, પરંતુ કૃષિ કાયદાઓના વિવાદને કારણે બંનેના રસ્તા અલગ થયા હતા.સપ્ટેમ્બર 2020માં ગઠબંધન તૂટ્યું: અકાલી દળે 3 વિવાદાસ્પદ કૃષિ કાયદાઓને લઈને સપ્ટેમ્બર 2020માં ભાજપ સાથેનો પોતાનો 24 વર્ષ જૂનો નાતો તોડી નાખ્યો હતો.

પહેલા ગીરમાંથી અને હવે બરડામાંથી માલધારીઓને કાઢવા માટે સરકારે સિંહ મોકલ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે: ઈસુદાન

ભાણવડના પાસ્તર ગામે માલધારીઓની પીડા સાંભળી, બરડા ડુંગરમાં સિંહના હુમલાથી માલધારીઓની રોજગારી ખતમ થઈ રહી છે : ઈસુદાન ગઢવી

એક ગરીબ માલધારી પરિવારની રોજગારીનો આધાર એવા લાખ રૂપિયાના ઊંટને સિંહે મારી નાખ્યો, હવે પેટ કેમ ભરશે?: મુખ્યમંત્રી અને વન મંત્રીને અપીલ કે સિંહ સફારી માટે યોગ્ય બાઉન્ડ્રી બનાવો અથવા સિંહને પાછા જે તે સ્થળે મૂકી આવો: માલધારીઓના રોટલા છીનવે અને માલઢોરના જીવ લે તેવા સિંહ નથી જોવા, વિકાસ કોઈના ભોગે ન હોવો જોઈએ

(એજન્સી) અમદાવાદ । તા. 24

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ભાણવડ તાલુકાના પાસ્તર ગામે બરડા ડુંગર વિસ્તારમાં વસતા માલધારીઓની ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે અહીંના માલધારીઓ અગાઉ સુખેથી જીવન જીવતા હતા, પરંતુ ભાજપ સરકાર બન્યા બાદ બરડા ડુંગરમાં સિંહ મૂકવામાં આવ્યા છે અને હવે દરરોજ સિંહ માલધારીઓના માલઢોર પર હુમલા કરી મારી નાખે છે. ગઈકાલે જ એક ઊંટથી પોતાનું ગુજરાન ચલાવતા માલધારી પરિવારનો ૭૦-૮૦ હજારથી લાખ રૂપિયાની કિંમતનો ઊંટ સિંહે મારી નાખ્યો, જેનાથી તેમની રોજગારી ખતમ થઈ ગઈ છે; તેમજ ભેંસો ચારવા જઈએ તો સિંહ ખાઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. પહેલા ગીરમાંથી અને હવે બરડામાંથી માલધારીઓને કાઢવા માટે સરકારે આ રસ્તો અપનાવ્યો હોય તેમ લાગે છે, કારણ કે રોજગારી આપવાને બદલે સિંહ મોકલી માલધારીઓની રોજગારી છીનવવામાં આવી રહી છે અને હવે સિંહ માલઢોર મારી નાખે તો પણ કોઈ યોગ્ય વળતર કે ન્યાય મળતો નથી.

'આપ' નેતા ઈસુદાન ગઢવીએ મુખ્યમંત્રી, વર્તમાન વન મંત્રી અર્જુનભાઈ અને પૂર્વ વન મંત્રીને અપીલ કરતા જણાવ્યું હતું કે વિકાસ હોવો જોઈએ પણ તે કોઈના ભોગે ન હોવો જોઈએ; માલધારીઓના રોટલા છીનવે અને તેમના માલઢોરના જીવ લે તેવી સિંહ સફારી કાં તો બંધ કરી સિંહને પાછા જે તે સ્થળે મૂકી આવો અથવા તો સિંહ બહાર ન નીકળે તે માટે યોગ્ય બાઉન્ડ્રીની વ્યવસ્થા કરો.

મોટા જંગલમાં માલધારીઓના પશુઓ માટે ચારણની વધુ સુવિધા ઊભી કરવાને બદલે ખેડૂત, માલધારી અને શ્રમિક વિરોધી માનસિકતા ધરાવતી સરકાર તેમને હેરાન કરી રહી છે, તેથી આ સરકાર પાસે કોઈ અપેક્ષા નથી છતાં મુખ્યમંત્રી પાસે ૧૦ મહિનાનો સમય છે અને જો તેમાં નિરાકરણ લાવશે તો અમે તેમનો આભાર માનીશું. ઈસુદાન ગઢવીએ ખાતરી આપી હતી કે જો ૨૦૨૭માં આમ આદમી પાર્ટીની સરકાર બનશે તો માલધારીઓના વ્યવસ્થાપન અને સિંહની રંજાડના પ્રશ્ને યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે અથવા આ સમગ્ર નિર્ણય પર પુનઃવિચાર કરવામાં આવશે.

AAP ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ જુનાગઢ રેન્જ પોલીસ અધિકારી અને બુટલેગર વચ્ચે થયેલ 60 લાખની ડીલનો કર્યો ખુલાસો

(એજન્સી) અમદાવાદ | તા. 24



આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ આજે ગાંધીનગર સ્થિત સ્ટેટ મોનિટરિંગ સેલ સમક્ષ એક ગંભીર મુદ્દા પર ફરિયાદ દાખલ કરી હતી. આ મુદ્દે તેમણે મીડિયા સમક્ષ વિસ્તારપૂર્વક જણાવ્યું હતું કે, જુનાગઢ જિલ્લાના રેન્જ પોલીસે 60 લાખ રૂપિયાનો દારૂ બુટલેગરને વેચીને કમાણી કરી. 8 નવેમ્બરે એટલે કે દિવાળીના સમય દરમિયાન જુનાગઢ રેન્જ પોલીસે બાતમીના આધારે દારૂનો એક ટ્રક પકડ્યો. ત્યારબાદ સઘન પૂછપરછ દરમિયાન ડ્રાઇવરે જણાવ્યું કે પાછળ બીજો ટ્રક આવી રહ્યો છે, તો એમ રેન્જ પોલીસે બે ટ્રક પકડ્યા. ત્યારબાદ એક આખો ટ્રક જવા દેવાનું સેટિંગ થયું, બીજા ટ્રકમાંથી અડધો અડધ દારૂની પેટીઓ પોલીસે રાખી લેવાની અને બાકીના અડધા પર પોલીસ ફરિયાદ કરવાની અને પોરબંદરનો બુટલેગર દેવા લાધા અને રાજસ્થાનના બુટલેગરનું નામ નહીં લખવાનું, આવું સેટિંગ થયું. ત્યારબાદ રેન્જ પોલીસે મુદ્દા માલ ભરેલો દારૂનો ટ્રક સ્થાનિક વંથલી પોલીસને સોંપવાના બદલે આરઆર સેલની ઓફિસે લઈ જવામાં આવ્યો. કાયદાની દ્રષ્ટિએ કોઈપણ એજન્સી રેડ પાડે તો મુદ્દા માલ, આરોપી અને તપાસ સ્થાનિક પોલીસને સોંપવાની હોય છે. ત્યારબાદ કૌશિક બઢ નામના વ્યક્તિએ જેતપુરના ઈભા નામના બુટલેગરને આ દારૂ વેચ્યો. 200 પેટીઓ જેતપુરમાં મોકલી અને 300 પેટીઓ ઉપલેટા મોકલી.

વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ જણાવ્યું હતું કે, આ ભાંડો ફૂટી ન જાય એટલા માટે સ્થાનિક વંથલી પોલીસને તપાસ આપવાની જગ્યાએ રેન્જ પોલીસે પોતે રાખી લીધી. આ દારૂ પોરબંદરના બુટલેગર દેવા લાધાએ મંગાવ્યો હતો. પરંતુ રેન્જ પોલીસે દેવા લાધા સાથે સેટિંગ કર્યું અને દારૂ મંગાવનાર તરીકે પ્રશાંત ગિરીશભાઈ વાઘેલા નામના વ્યક્તિનું નામ લખાવ્યું. આ વ્યક્તિ ખાગેશ્રી ગામનો છે અને મેં ખાગેશ્રી ગામમાં ફોન કર્યો તો મને જાણવા મળ્યું કે "આ વ્યક્તિ પાસે કપડાં સીવડાવવાના પણ પૈસા નથી" તો આ વ્યક્તિ પોણા બે કરોડ દારૂનો દારૂ મંગાવે એવી એની હેસિયત નથી. તો મામુલી માણસને આરોપી બનાવ્યો. જુનાગઢ રેન્જ પોલીસે દેવા લાધાને છાવરી લીધો. આજે મેં ફરિયાદ આપી છે અને હજુ ઘણી વિગતો મારી પાસે છે. આ ઘટનામાં શું એક્શન લેવાય છે એની હું આવનારા દસ દિવસ સુધી રાહ જોઈશ, ત્યારબાદ હું બીજા ભાંડા ફોડ કરીશ. જુનાગઢ જિલ્લામાં કોઈ પણ નાગરિક જુનાગઢ રેન્જ પોલીસ, જુનાગઢ એલસીબી, જુનાગઢ એસઓજી કે ક્રાઈમ બ્રાન્ચ કે ડી સ્ટાફનો ભોગ બન્યા હોય, એમણે મારો સંપર્ક કરવો, હું એમના નામ ગુપ્ત રાખીશ. કોઈપણ વ્યક્તિ પોલીસના કાળા કામનો ભોગ બન્યો હોય તો તેઓ મારો સંપર્ક કરે તો અમે તેમને ન્યાય અપાવવામાં મદદ કરીશું.

પીઆઈ ગઢવી અને ડિવાયસપી શર્મા સામે એટ્રોસિટી એક્ટ હેઠળ એક્શન લેવામાં આવે: નિરંજન વસાવા

(એજન્સી) અમદાવાદ | તા. 24



આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તથા નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ ગતરોજ એક ગંભીર મુદ્દા પર કલેકટર સમક્ષ આવેદનપત્ર આપ્યું હતું અને આ મુદ્દે તેઓએ મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતાં જણાવ્યું હતું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે છેલ્લા આઠ વર્ષથી કામ કરતા સિક્યુરિટી ગાર્ડ પોતાની માંગણીઓને લઈને છેલ્લા ચાર દિવસથી ધરણા પર બેઠા હતા. છેલ્લા આઠ વર્ષથી એજન્સી દ્વારા તેમને ફક્ત 15000 રૂપિયા પગાર આપવામાં આવતો હતો, અને દિવાળીના બોનસમાં ફક્ત 250 ગ્રામ કાજુ, બદામ દ્રાક્ષનું પેકેટ આપવામાં આવ્યું. સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે, એને બનાવવા માટે અમારા લોકોએ પોતાની જમીનો ગુમાવી છે. અમારા લોકોએ આ મુદ્દે ઘણી વાર આંદોલનો કર્યા છે, સરકાર અને પ્રશાસન સાથે ઘર્ષણમાં ઉતરવું પડે છે, લોકો ટાવર ઉપર પણ ચડી જાય છે. આજે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા જોવા માટે દુનિયાભરમાંથી લોકો આવતા હોય ત્યારે અમારા લોકોને યોગ્ય વળતર અને યોગ્ય પગાર મળવો જોઈએ.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે, રિલાયન્સ જેવી મોટી મોટી કંપનીઓ પણ આ સ્ટેચ્યુ ઓફ યુનિટીના અલગ અલગ વિભાગોમાં કામ કરી રહી છે, ત્યારે અમારા લોકોનું ખૂબ જ મોટા પ્રમાણમાં શોષણ થાય છે. અહીંયા સિંઘમની સ્ટાઈલમાં આવીને પીઆઈ ગઢવી અને ડિવાયસપી શર્મા જેવા અધિકારીઓ અમારા ટ્રાઇબલ વિસ્તારના લોકોને ડરાવવા ધમકાવવાનો અને તેમના પર ખોટા કેસો કરવાનું ષડયંત્ર કરે છે તો આવા અધિકારીઓ પર તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવામાં આવે અને તેમના પર એટ્રોસિટી એક્ટ હેઠળ એક્શન લેવામાં આવે. જો સાત દિવસમાં એમના પર એક્શન લેવામાં નહીં આવે તો ઉમરગામથી અંબાજીના તમામ ટ્રાયબલ વિસ્તારના લોકોને બોલાવીને નર્મદા એસપી ઓફિસ અથવા તો કલેક્ટર કચેરીનો ગાંધીચિંધ્યા માર્ગે ઘેરાવ કરીશું. તો આ મુદ્દે અમે આજે કલેકટરને આવેદનપત્ર આપ્યું છે.

આવતીકાલે ૨૫ નવેમ્બરે ગુજરાતની તમામ વિધાનસભાઓમાં મોંઘવારી અને ખેડૂતોના પ્રશ્ને AAPનો લોકજાગૃતિ કાર્યક્રમ અને આવેદનપત્ર

મોંઘવારી મુદ્દે આમ આદમી પાર્ટી ધારાસભ્યો, મંત્રીઓ અને સાંસદોના ઘર પાસે જઈને પણ જનતાને જાગૃત કરશે : યોગેશ જાદવાણી



તંત્ર અને પોલીસના ડંડાના જોરે ચાલતી સત્તાને ગુજરાતની જનતા ૨૦૨૭ની ચૂંટણીમાં ઉખાડી ફેંકવા સજ્જ બની છે

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા યોગેશ જાદવાણીએ જણાવ્યું હતું કે આવતીકાલે તારીખ ૨૫/૧૧/૨૦૨૬ના રોજ આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતની તમામ વિધાનસભાઓમાં વધતી મોંઘવારીથી ગૃહિણીઓને ઘર ચલાવવામાં પડતી મુશ્કેલીના મુદ્દે લોકજાગૃતિ કાર્યક્રમ યોજી શહેરોમાં કલેક્ટર અને ગ્રામ્ય વિસ્તારોમાં મામલતદારને આવેદનપત્ર આપવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે ૨૦૧૪ પહેલાં મોંઘવારીના નામે સત્તામાં આવેલી ભાજપ સરકારના શાસનમાં આજે લોકોની આવક ઘટી છે, ધંધા પડી ભાંગ્યા છે અને વીજળી, પાણી, સ્કૂલ-ટ્યુશન ફી, શાકભાજીથી લઈને સહકારી ડેરીઓ પર કબજો કરી ભ્રષ્ટાચાર આચરી દૂધમાં ચાર-ચાર રૂપિયાનો ભાવવધારો ઝીંકી દેવાયો છે, જેનો લાભ પશુપાલકોને પણ મળતો નથી. આ ઉપરાંત ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં પ્રાઇવેટ કંપનીઓની મિલીભગત અને મનમાનીથી ખેડૂતોની મંજૂરી કે યોગ્ય વળતર વગર ઊભા પાકમાં વીજ થાંભલા અને ગેસ પાઇપલાઈનો નાંખવામાં આવે છે; વિરોધ કરનારા ખેડૂતો પર પોલીસ દમન કરી ખોટા અને ગંભીર ગુનાઓ હેઠળ જેલમાં પૂરવામાં આવે છે, જેના વિરોધમાં પણ આવતીકાલે આવેદનપત્ર અપાશે અને 'આપ' દ્વારા ધારાસભ્યો, મંત્રીઓ તથા સાંસદોના ઘર પાસે જઈને પણ લોકજાગૃતિ કરાશે.'આપ' પ્રવક્તા યોગેશ જાદવાણીએ વધુમાં જણાવ્યું હતું કે ધોળકાના સરગવાળા ગામમાં ૭૦-૮૦-૯૦ વર્ષની વૃદ્ધ માતાઓને ખેતરમાંથી ઢસડી લઈ જવાઈ, બહેન-દીકરીઓ અને બાળકોને માર મારવામાં આવ્યો તથા કોળી સમાજના યુવા આગેવાન બ્રિજરાજ સોલંકી અને ખેડૂતો પર જૂની કલમ ૩૦૭ જેવી ખોટી કલમો દાખલ કરાઈ છે, જેના વિરોધમાં પણ તમામ વિધાનસભાઓમાંથી આવેદનપત્ર અપાશે. ખેડૂતો, કર્મચારીઓ કે આંગણવાડીની બહેનો જે કોઈ સરકાર સામે અવાજ ઉઠાવે તેને ડરાવવા ત્રણ મહિના સુધી જેલમાં પૂરવાની મોડસ ઓપરેન્ડીથી પોલીસ અને તંત્રના ડંડાના જોરે સત્તા ચલાવાય છે, પરંતુ આમ આદમી પાર્ટી જેલથી ડર્યા વિના લડત આપશે. તેમણે કહ્યું કે ગુજરાતની જનતા આ સત્તાને ૨૦૨૭ની ચૂંટણીમાં ઉખાડી ફેંકવા સજ્જ બની છે અને ભાજપમુક્ત, નિર્ભય તથા રામરાજ્ય જેવું ગુજરાત બનાવ્યા વિના લોકો જંપશે નહીં.

સરખેજ-વેજલપુર હિટ એન્ડ રન કેસમાં મોટો ઘટસ્ફોટ: 17 વર્ષની સગીરા ચલાવતી હતી ઈ-સ્કૂટર, પિતા સામે ગુનો

(એજન્સી) અમદાવાદ | તા. 24

સરખેજ-વેજલપુર રોડ પર 3 ઓક્ટોબર, 2026ના રોજ થયેલા જીવલેણ અકસ્માતમાં યુવકના મોત મામલે તપાસ દરમિયાન ઈ-સ્કૂટર 17 વર્ષની સગીરા ચલાવતી હોવાનું સામે આવ્યું છે. અંબર ટાવર પાસે રસ્તો ઓળંગી રહેલા 24 વર્ષીય ભીમકુમાર હરીકિશોર મહતોને ઈ-સ્કૂટરે ટક્કર મારતાં તેઓ રોડ પર પટકાયા હતા. આ જ સમયે પાછળથી આવતી ટ્રકનાં ટાયર તેમના શરીર પરથી ફરી વળતાં ઘટનાસ્થળે જ તેમનું મોત થયું હતું. સગીર વયની દીકરી પાસે ડ્રાઇવિંગ લાયસન્સ ન હોવા છતાં તેને સ્કૂટર ચલાવવા આપનાર પિતા સામે એમ ડિવિઝન ટ્રાફિક પોલીસે મોટર વ્હીકલ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

3 ઓક્ટોબરના રોજ બપોરે આશરે 12 વાગ્યે 24 વર્ષીય ભીમકુમાર હરીકિશોર મહતો સરખેજ-વેજલપુર રોડ પર અંબર ટાવર પહેલાં આવેલી શીફા સ્ટીલ ટ્રેડર્સ નામની દુકાન સામેથી પગપાળા રસ્તો ઓળંગી રહ્યા હતા. આ દરમિયાન સરખેજ તરફથી આવતાં ઈલેક્ટ્રિક સ્કૂટરે તેમને ટક્કર મારતાં તેઓ રસ્તા પર પટકાયા હતા. તેઓ રસ્તા પર પડ્યા તે જ સમયે બાજુમાંથી પસાર થતી ટ્રકનાં ડાબી બાજુનાં ટાયર તેમના શરીર પરથી ફરી વળ્યાં હતાં. કમરથી માથા સુધીનો ભાગ કચડાઈ જતાં તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

અકસ્માત બાદ સ્કૂટરચાલક અને ટ્રકચાલક બંને વાહન લઈને સ્થળ પરથી જતા રહ્યા હતા. આ અંગે એમ ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો નોંધાયો હતો. તપાસ દરમિયાન પોલીસે ઈ-સ્કૂટરના માલિક અબ્દુલ હનીફ અબ્દુલગની શેખ (ઉં.વ. 48, રહે. માશાઅલ્લાહ ડુપ્લેક્સ, નવી ફતેવાડી, સરખેજ)ને પૂછપરછ માટે બોલાવ્યા હતા. પૂછપરછમાં અકસ્માત સમયે સ્કૂટર તેમની 17 વર્ષની દીકરી ચલાવતી હોવાનું સામે આવ્યું હતું. દીકરી સગીર વયની છે અને તેની પાસે ડ્રાઇવિંગ લાયસન્સ નથી તે જાણવા છતાં પિતાએ તેને પોતાનું સ્કૂટર ચલાવવા આપ્યું હોવાનું તપાસમાં ખુલ્યું હતું. આથી એમ ડિવિઝન ટ્રાફિક પોલીસે અબ્દુલ હનીફ શેખ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રખિયાલની અલફલાહ અને ચેરી બ્લોસમ સ્કૂલમાં ડમી વિદ્યાર્થીઓની ફરિયાદ:DEOની શિક્ષણ નિરીક્ષકને તપાસ કરી રિપોર્ટ સોંપવા સૂચના, બેદરકારી હશે તો સંચાલકો સામે પોલીસ ફરિયાદ

(એજન્સી) ગાંધીનગર | તા. 24



અમદાવાદના રખિયાલ વિસ્તારમાં આવેલી અલફલાહ સ્કૂલ અને ચેરી બ્લોસમ સ્કૂલ સામે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શિક્ષણ નિરીક્ષકને તપાસ સોંપવામાં આવી છે. ડમી વિદ્યાર્થીઓથી શાળા ચલાવવામાં આવતી હોવાનું જિલ્લા શિક્ષણાધિકારીના ધ્યાને આવ્યું હતું.

અલફલાહ સ્કૂલમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા અને તેના નામ ચેરી બ્લોસમ સ્કૂલમાં બોલતા હોવાનું ધ્યાને આવતા શિક્ષણ નિરીક્ષકને સ્થળ તપાસ કરી રિપોર્ટ રજૂ કરવા સૂચના આપવામાં આવી છે. તેમજ તપાસ રિપોર્ટમાં જો શાળાઓની બેદરકારી સામે આવશે તો બંને શાળાઓના સંચાલકો સામે પોલીસ ફરિયાદ પણ નોંધાઈ શકે છે.

અમદાવાદ શહેરની શાળાઓમાં જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્પેશીયલ ડ્રાઇવ શરૂ કરવામાં આવી છે. શાળાઓ શિક્ષણ વિભાગના નિયમોનું પાલન કરે છે નહીં ? ડમી વિદ્યાર્થીઓથી શાળાઓ છે કે શું તેની શિક્ષણ નિરીક્ષક દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ કરી સ્થળ તપાસ કરવામાં આવી હતી. જે દરમિયાન 14 જેટલી શાળાઓ શિક્ષણ વિભાગના માન્યતાના નિયમોનું પાલન ન કરતી હોવાનું સામે આવ્યું હતું. જેના આધારે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે.

જેમાં રખિયાલ વિસ્તારની અલફલાહ સ્કૂલ કે જેમાં 6થી 8ના વર્ગો મંજૂરી ન હોવા છતાં વર્ગો ચલાવવામાં આવતા હોવાનું તપાસમાં આવે આવ્યું હતું. જેને લઈને થોડા દિવસ પહેલા એક લાખ રૂપિયાનો દંડ પણ અલફલાહ સ્કૂલને ફટકારવામાં આવ્યો હતો. જો કે હવે તે બાદ અલફલાહ સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના નામ ચેરી બ્લોસમ સ્કૂલમાં ચાલતું હોવાની જાણ થતા શિક્ષણ નિરીક્ષકને તપાસ સોંપવામાં આવી છે. બંને શાળાઓમાં સ્થળ તપાસ કરી રિપોર્ટ રજૂ કરવા માટે શિક્ષણ નિરીક્ષકને આદેશ કરવામાં આવ્યો છે. જો તપાસમાં શાળાઓની બેદરકારી સામે આવશે અલફલાહ સ્કૂલ અને ચેરી બ્લોસમ સ્કૂલના સંચાલકો પોલીસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવી શકે છે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, ડમી વિદ્યાર્થીઓને લઈને શિક્ષણ નિરીક્ષકને તપાસ સોંપવામાં આવી છે. બંને શાળાઓ સામે અત્યારે શિક્ષણ નિરીક્ષક દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. જેથી તપાસ રિપોર્ટમાં બેદરકારી સામે આવશે તો બંને શાળા સંચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી શકે છે.

હેરિટેજ સપ્તાહ પાછળ લાખોનો ખર્ચ, પણ અમદાવાદમાં ઐતિહાસિક વાવની દયનીય સ્થિતિ...

(એજન્સી) અમદાવાદ | તા. 24

અમદાવાદમાં હેરિટેજ સપ્તાહની ઉજવણી પાછળ લાખોનો ખર્ચ થાય છે, પરંતુ શહેરની ઐતિહાસિક વાવો ખસ્તાહાલ છે. વાડજની સતી અહિલ્યા વાવ અને પાંચકુવાની અમૃતવર્ષિણી વાવ રિનોવેશન બાદ બંધ છે, જેથી કલાપ્રેમીઓ નિરાશ થાય છે. મણિનગરની વાવ આસપાસ ગંદકી અને ગટરના પાણી ભરાયા છે, તેમજ રાત્રે અસામાજિક પ્રવૃત્તિઓનો અડ્ડો બની છે. તંત્ર માત્ર ઉજવણી નહિ, પરંતુ વર્ષભર જાળવણી કરે તેવી નાગરિકોની માંગ છે.

તંત્ર દ્વારા હેરિટેજ સપ્તાહની ઉજવણી પાછળ અઢળક ખર્ચ કરવામાં આવે છે, પરંતુ બીજી તરફ અમદાવાદમાં આવેલા અનેક ઐતિહાસિક સ્થાપત્યો તંત્રની અવગણનાને કારણે ખસ્તાહાલ બન્યા છે. કેટલાક સ્થાપત્યોના સમારકામની દરકાર લેવાતી નથી, તો જે સ્થાપત્યોનું રિનોવેશન કરાયું છે તેમાંથી કેટલાક પર ખંભાતી તાળા લટકતા જોવા મળે છે, જેના કારણે મુલાકાતીઓ અને કલાપ્રેમીઓ તેનો લાભ લઈ શકતા નથી.

થોડા સમય પહેલાં અમદાવાદના વાડજ વિસ્તારમાં આવેલી સતી અહિલ્યાની વાવનું સમારકામ કરવામાં આવ્યું હતું, પરંતુ ત્યારબાદ તેને બંધ કરી દેવામાં આવી હોવાનું સામે આવ્યું છે. પરિણામે કલાપ્રેમીઓ તેની મુલાકાતે આવીને નિરાશ થઈ પરત ફરી રહ્યા છે. આ જ રીતે શહેરના પાંચકુવા વિસ્તારમાં આવેલી અમૃતવર્ષિણી વાવ પર પણ ખંભાતી તાળા લટકતા જોવા મળી રહ્યા છે. બીજી તરફ, મણિનગર વિસ્તારમાં ઉત્તમ નગર પાસે આવેલી વાવ અને તેની આસપાસની સ્થિતિ અત્યંત દયનીય બની છે. સ્થાનિક દ્રશ્યો મુજબ, વાવની આસપાસ સ્વચ્છતાનો અભાવ છે અને ઉકરડા જેવો માહોલ સર્જાયો છે, સાથે જ વાવમાં ગટરના પાણી ભરાયેલા જોવા મળે છે. આ ઉપરાંત, રાત પડતાંની સાથે અહીં દેશી તેમજ અંગ્રેજી દારૂની મહેફિલો જામતી હોવાના અને વાવ જાણે અસામાજિક પ્રવૃત્તિનો અડ્ડો બની ગઈ હોવાના આક્ષેપો પણ ઉઠ્યા છે.

કલાપ્રેમીઓ અને જાગૃત નાગરિકોની માગ છે કે તંત્ર માત્ર ખાનાપૂર્તિ માટે વર્ષમાં એકવાર હેરિટેજ સપ્તાહની ઉજવણી કરવાને બદલે આખા વર્ષ દરમિયાન આ અમૂલ્ય વારસાની જાળવણી અને સારસંભાળ પર ધ્યાન આપે.

રિક્ષા-ટેક્સી ચાલકો ફરી આંદોલનના મૂડમાં:25મીએ RTO કચેરીનો ઘેરાવ કરશે

(એજન્સી) અમદાવાદ | તા. 24

અમદાવાદમાં વધતા જતા CNGના ભાવ અને ઓલા, ઉબર, રેપિડો જેવી ઓનલાઈન એપ્લિકેશન દ્વારા રિક્ષા અને ટેક્સી ચાલકોનું શોષણ થતું હોવાના આક્ષેપ સાથે રિક્ષા અને ટેક્સી ચાલકોએ ફરી આંદોલનનું રણશિંગું ફૂંક્યું છે. અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિયન અને ટેક્સી યુનિયન દ્વારા અમદાવાદ એરપોર્ટ ટેક્સી સ્ટેન્ડ ખાતે બેઠક યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં રિક્ષા અને ટેક્સી ચાલકો અને યુનિયનના લોકો જોડાયા હતા. ગેરકાયદેસર ચાલતા ટુ વ્હીલર અને ઓનલાઈન એપ્લિકેશનના વિરોધમાં 25 મીએ RTO કચેરીનો ઘેરાવ કરી મોટી સંખ્યામાં રિક્ષા અને ટેક્સી ચાલકો ધરણા અને વિરોધ પ્રદર્શન કરશે.

સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા નિયમો મુજબ ઓનલાઈન એપ્લિકેશનમાં ભાડું ચૂકવવામાં આવતું ન હોવાનો આક્ષેપ કરી રિક્ષા અને ટેક્સી ચાલકોએ યોગ્ય ભાડું આપવાની માગ કરી હતી. તેમજ ગેરકાયદેસર રીતે ઓનલાઈન એપ્લિકેશનમાં ચાલતાં ટુ-વ્હીલર વાહનો બંધ કરાવવાની પણ માંગ કરવામાં આવી હતી, પરંતુ અનેક વખત રજૂઆત કરવા છતાં RTO દ્વારા માત્ર નોટિસ આપ્યા બાદ કોઈ કાર્યવાહી કરવામાં ન આવતી હોવાનો આક્ષેપ કર્યો છે. જેથી ઓલા, ઉબર, રેપિડો જેવી ઓનલાઈન એપ્લિકેશનને સસ્પેન્ડ કરવાની માંગ સાથે આગામી 25 નવેમ્બરે અમદાવાદ RTO કચેરી ખાતે વિરોધ પ્રદર્શન અને ધરણાં યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઓલા, ઉબર અને રેપિડો જેવી ઓનલાઈન એપ્લિકેશનને સસ્પેન્ડ કરવાની સાથે સરકારના નિયમ મુજબ ભાડું ચૂકવવામાં આવે તેવી માગ સાથે મોટી સંખ્યામાં રિક્ષા અને ટેક્સી ચાલકો વિરોધ નોંધાવશે. તેમજ જ્યાં સુધી તેમની માગણીઓ અંગે કાર્યવાહીનો લેખિતમાં જવાબ નહીં મળે ત્યાં સુધી ધરણાં અને વિરોધ પ્રદર્શન ચાલુ રાખવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિયનના પ્રમુખ વિજય મકવાણાએ જણાવ્યું હતું કે, અમદાવાદ RTO કચેરીએ 25મીએ મોટી સંખ્યામાં રિક્ષા અને ટેક્સી ચાલકો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. આજે બેઠક મળી હતી જેમાં નિયમના લોકો હાજર રહ્યા હતા. અત્યાર સુધી અનેક વખત રજૂઆત કરવા છતાં કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી નથી. જેથી હવે 25 તારીખે RTO કચેરીએ લેખિતમાં જવાબ માટે મોટી સંખ્યામાં જઈશું. જ્યાં સુધી અમને લેખિતમાં પોઝિટિવ જવાબ નહીં મળે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

ઘરઘંટી અને બાઇકમાંથી જથ્થો મળ્યો, એક પોઈન્ટ દસ લાખનો મુદ્દામાલ જપ્ત

કરજણમાં ગાંજો ઝડપાતા પોલીસની મોટી કાર્યવાહી

(એજન્સી) વડોદરા । તા. 24

વડોદરા જિલ્લાના કરજણ પંથકમાં ગઈકાલે રાત્રે પોલીસ અને ખાસ તપાસ ટુકડી દ્વારા બે અલગ-અલગ સ્થળોએ પાડવામાં આવેલા દરોડામાં ઘરઘંટીમાં છુપાવેલો તેમજ બાઇક પર લઈ જવાતો આશરે ચાર કિલોગ્રામ ગાંજાનો જથ્થો ઝડપી પાડીને બે આરોપીઓની ધરપકડ કરી છે અને કુલ એક પોઈન્ટ દસ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરીને વધુ તપાસ હાથ ધરી છે. પાદરા તાલુકાના અભોર ગામનો રહીશ મહેન્દ્રસિંહ ઉર્ફે લાલો નાનસિંહ જારીયા ગાંજાનો જથ્થો પોતાની બાઇક પર લઈને કરજણથી અભોર તરફ જઈ રહ્યો હોવાની ચોક્કસ માહિતી જિલ્લા ખાસ શાખાની પોલીસને મળી હતી. આ બાતમીના આધારે પોલીસ ટુકડીએ કરજણથી અભોર જતા માર્ગ પર વોચ ગોઠવી હતી. શંકાસ્પદ બાઇક લઈને મહેન્દ્રસિંહ પસાર થતા પોલીસે તેને અટકાવ્યો હતો અને પ્રાથમિક પૂછપરછ બાદ તેની પાસે રહેલા થેલાની તપાસ કરી હતી. તપાસ દરમિયાન થેલામાંથી એક કિલોગ્રામ નવસો એંસી ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ગાંજાનો જથ્થો, બાઇક અને એક મોબાઇલ ફોન કબજે લઈને આરોપી વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધી વધુ પૂછપરછ અને તપાસ શરૂ કરી છે.



બીજા બનાવમાં કરજણના નવાબજાર વિસ્તારમાં આવેલી હીરાબાગ સોસાયટીમાં રહેતો કાલુ વલીમહંમદ પઠાણ પોતાના ઘરમાં ગાંજાનો જથ્થો રાખીને તેનું છૂટક વેચાણ કરી રહ્યો હોવાની હકીકત પોલીસને મળી હતી. આ માહિતીના આધારે કરજણ પોલીસે ગઈરાત્રે તેના ઘરે દરોડો પાડીને ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. ઘરની અંદર તિજોરીની બાજુમાં મૂકેલી ઘરઘંટી તપાસતા તેમાંથી બદામી રંગની સેલોપેટ લગાડેલું ગાંજાનું પેકેટ મળી આવ્યું હતું. પોલીસે આશરે બે કિલોગ્રામ ગાંજો અને મોબાઇલ સહિત કુલ એક પોઈન્ટ દસ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને આરોપીની અટકાયત કરી છે અને આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો તેમજ કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં તપાસ તેજ બનાવી છે.

કરજણમાં ગાંજો ઝડપાતા સ્થાનિક વિસ્તારમાં નશીલા પદાર્થોની હેરફેર અને છૂટક વેચાણના નેટવર્ક અંગે નવી વિગતો સામે આવી રહી છે. ઘરઘંટી જેવી રોજિંદી વસ્તુમાં માદક પદાર્થ છુપાવવાની પદ્ધતિ તેમજ વાહન મારફતે થતી હેરફેર પરથી સ્પષ્ટ થાય છે કે તસ્કરો પોલીસની નજરથી બચવા માટે નવા-નવા રસ્તા અપનાવી રહ્યા છે. પોલીસ તંત્ર દ્વારા બંને આરોપીઓના સંપર્કો, મોબાઇલ કોલ વિગતો અને અગાઉની કોઈ ગુનાહિત પ્રવૃત્તિ છે કે કેમ તેની ઊંડાણપૂર્વક ચકાસણી કરવામાં આવી રહી છે.

ગુજરાતમાં માદક પદાર્થો અને નશીલા દ્રવ્યો સામે પોલીસ તંત્ર દ્વારા સતત ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, જેના ભાગરૂપે વડોદરા જિલ્લામાં આ કાર્યવાહી નોંધપાત્ર માનવામાં આવે છે. અમદાવાદ સહિત રાજ્યના વિવિધ શહેરો અને જિલ્લાઓમાં યુવાધનને નશાના દૂષણથી બચાવવા માટે પોલીસ દ્વારા ગુપ્તચર માહિતી અને દરોડાની કામગીરી સઘન બનાવાઈ છે. કરજણમાં ગાંજો ઝડપાતા તંત્રની સતર્કતા ફરી એકવાર સાબિત થઈ છે અને આગામી દિવસોમાં આ મામલે વધુ ખુલાસા થાય તેવી શક્યતા સેવાઈ રહી છે.

સંતરામપુર નગરના વોર્ડ નં. 04ના વાડી વિસ્તારમાં મચ્છરોના ઉપદ્રવ અને ગંદકીથી રોગચાળો ફેલાવાની ભીતિ



જગદીશ ત્રિવેદી | મહીસાગર

સંતરામપુર નગરપાલિકા વિસ્તારમાં આવેલા વોર્ડ નંબર 04ના વાડી વિસ્તારમાં ગંદકીને સવચ્છતાના અભાવે રોગચાલો ફેલાવાની ભીતી સેવાઈ રહી છે. તાવખાસીને વાયરલ ઈનફેકશનના કેસોમાં વધારો થઈ રહ્યો હોવાની સ્થાનિક રહીશો દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આ વધતા કેસોને પગલે આવિસ્તારમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે રોગચાળાને વધુ ફેલાતો અટકાવવા માટે નગરપાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક સફાઈ કામગીરી હાથ ધરી મચ્છર નિયંત્રણ માટે દવાનો છંટકાવ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર સંતરામપુર ના વાડી વિસ્તારની તમામ ગલીઓમાં યોગ્ય સાફ-સફાઈ કરાવવાની જરૂરિયાત ઊભી થઈ છે. ગંદકી અને મચ્છરોના ઉપદ્રવને ધ્યાનમાં રાખીને નગરપાલિકાની સફાઈ તથા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સમગ્ર વિસ્તારમાં સ્થળ તપાસ કરવામાં આવે અને જરૂરી દવાઓનો છંટકાવ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.વોર્ડ નંબર 04 વાડી વિસ્તાર ના રહીશોએ વધુમાં જણાવ્યું છે કે માત્ર એકાદ વિસ્તારમાં સફાઈ કરવાને બદલે વોર્ડ નંબર 04ના સમગ્ર વાડી વિસ્તારમાં વિશેષ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવે. નેગંદકીનો યોગ્ય નિકાલ કરવામાં આવે તેમજ મચ્છરોના ઉત્પત્તિ સ્થળો શોધી જરૂરી નિયંત્રણાત્મક કામગીરી કરવામાં આવે, જેથી નાગરિકોના આરોગ્યનું રક્ષણ થઈ શકે?.હાલમાં સ્થાનિક રહીશો દ્વારા સંતરામપુર નગરપાલિકા તંત્ર અને સંબંધિત આરોગ્ય વિભાગ સમક્ષ આ સમસ્યાને ગંભીરતાથી લઈ વહેલી તકે જરૂરી પગલાં ભરવાની માંગ કરવામાં આવી છે.

માણેજા ક્રોસિંગ પાસે દારૂ સાથે યુવક ઝડપાયો, ચોવીસ પોઈન્ટ પાંચ હજારનો મુદ્દામાલ જપ્ત

(એજન્સી) વડોદરા । તા. 24

વડોદરા શહેરમાં મકરપુરા પોલીસે ત્રેવીસ નવેમ્બર બે હજાર છવીસના રોજ પેટ્રોલિંગ દરમિયાન માણેજા ક્રોસિંગ નજીકના ખુલ્લા મેદાનમાંથી ગેરકાયદેસર વિદેશી દારૂ અને બિયરના જથ્થા સાથે એકવીસ વર્ષીય યુવકની ધરપકડ કરી છે, અને તેની પાસેથી ચોવીસ હજાર પાંચસો રૂપિયાનો મુદ્દામાલ કબજે લઈને દારૂ પૂરો પાડનાર શખ્સ સામે વધુ તપાસ હાથ ધરી છે.

મકરપુરા પોલીસ સ્ટાફ વિસ્તારમાં નિયમિત પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે માણેજા ક્રોસિંગ નજીકના ખુલ્લા મેદાનમાં પ્લાસ્ટિકની વજનદાર થેલી લઈને શંકાસ્પદ સ્થિતિમાં ઊભેલા એક યુવક પર નજર પડી હતી. પોલીસે તેને અટકાવીને પૂછપરછ હાથ ધરી હતી, જેમાં તેનું નામ તરુણ નરેન્દ્ર જાંગીડ હોવાનું અને તે વડોદરાના મકરપુરા ડેપો પાછળ આવેલા ઈન્દિરા નગર વિસ્તારનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. તેની પાસે રહેલી થેલીની તપાસ કરતા તેમાંથી પાસ કે પરમીટ વગરની વિદેશી દારૂની વ્હિસ્કીના એકસો એંસી મિલીલિટરના અડસઠ ક્વાર્ટર તેમજ બિયરના બાર ટીન મળી આવ્યા હતા. પોલીસે સમગ્ર જથ્થો કબજે લઈને ચોવીસ હજાર પાંચસો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ દ્વારા કરાયેલી પ્રાથમિક પૂછપરછમાં ઝડપાયેલા આરોપી તરુણ જાંગીડે મહત્ત્વની કબૂલાત આપી હતી. તેના જણાવ્યા અનુસાર આ દારૂ અને બિયરનો જથ્થો સન્ની ગુલાબસિંહ પાટણવડીયા નામના શખ્સે તેને વેચાણ કરવા માટે આપ્યો હતો. આરોપી સન્ની પાટણવડીયા છવીસ વર્ષનો હોવાનું અને વડોદરાના મકરપુરા ગામના કોઠી ફળિયું વિસ્તારમાં રહેતો હોવાનું સામે આવ્યું છે. આરોપીએ જણાવ્યું હતું કે તે રોજના ત્રણસો રૂપિયાના વેતનના બદલામાં આ જથ્થો વેચવાની કામગીરી કરતો હતો. માણેજા ક્રોસિંગ પાસે દારૂ સાથે યુવક ઝડપાયો તે ઘટના બાદ પોલીસે દારૂ પૂરો પાડનાર સન્ની પાટણવડીયાની સંડોવણી અને આ સમગ્ર પ્રવૃત્તિના મૂળ સુધી પહોંચવા માટે તપાસ તેજ કરી છે.

બેંક ઠગાઈનો માસ્ટરમાઈન્ડ અડાલજથી ઝડપાયો, બોગસ દસ્તાવેજોથી ત્રણ પોઈન્ટ સુડતાલીસ કરોડની લોન

(એજન્સી) વડોદરા । તા. 24

વડોદરાના રણોલી વિસ્તારમાં આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં બોગસ દસ્તાવેજો અને અરજીપત્રકો રજૂ કરીને ત્રણ પોઈન્ટ સુડતાલીસ કરોડ રૂપિયાની લોન મેળવી છેતરપિંડી આચરવાના ગુનામાં લાંબા સમયથી ફરાર માસ્ટરમાઈન્ડ કેવિન કિશોરભાઈ કરકરને પોલીસે ગાંધીનગરના અડાલજ ખાતેથી દરોડો પાડી ઝડપી લીધો છે, અને તેની સામે અન્ય પોલીસ મથકમાં પણ ગુનો નોંધાયેલો હોવાનું સામે આવ્યું છે.



જવાહર નગર પોલીસ મથક વિસ્તારમાં આવેલી રણોલીની બેંક શાખામાં વર્ષ બે હજાર બાવીસથી બે હજાર ચોવીસના સમયગાળા દરમિયાન આ છેતરપિંડીનો ખેલ પાર પાડવામાં આવ્યો હતો. આરોપી કેવિન કિશોરભાઈ કરકર, જે મૂળ વડોદરાના માંજલપુર વિસ્તારમાં શાંતિ કુંજ બે ખાતે પિંકલ એપાર્ટમેન્ટમાં રહેતો હોવાની વિગતો છે, તેણે બનાવટી અરજીપત્રકો અને ખોટા દસ્તાવેજોના આધારે બેંકમાંથી ત્રણ પોઈન્ટ સુડતાલીસ કરોડ રૂપિયાની મોટી રકમની લોન મેળવી લીધી હતી. છેતરપિંડીનો ભાંડો ફૂટ્યા બાદ આરોપી પોલીસ પકડથી બચવા માટે નાસતો ફરતો હતો અને લાંબા સમયથી તેની શોધખોળ ચાલી રહી હતી. લાંબા સમયથી ફરાર આરોપી અંગે પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે તે હાલમાં ગાંધીનગર જિલ્લાના અડાલજ વિસ્તારમાં આવેલી અંબા ટાઉનશિપના સરુપ ત્રણ ખાતે રોકાયેલો છે. આ માહિતીના આધારે પોલીસ ટુકડીએ તાત્કાલિક કાર્યવાહી કરીને અડાલજ ખાતે દરોડો પાડ્યો હતો અને આરોપી કેવિન કરકરને દબોચી લીધો હતો.

શૈલેષ સોટ્ટાના નિવેદનથી રાજકારણમાં ગરમાવો, પરિવારના સભ્યોને બચાવવાની સ્પષ્ટ વાત

(એજન્સી) ચાણોદ । તા. 24

ડભોઈના ભારતીય જનતા પક્ષના ધારાસભ્ય શૈલેષ સોટ્ટાએ સ્નેહમિલન કાર્યક્રમમાં છોટાઉદેપુરમાં રેતી અને માટી ચોરીના મુદ્દે પરિવારના સભ્યો સંડોવાયેલા હશે તો તેમનો બચાવ કરવામાં આવશે તેવું જાહેર નિવેદન આપતા રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે, જેની પ્રદેશ કક્ષાએ પણ ગંભીર નોંધ લેવાઈ હોવાનું સામે આવ્યું છે અને સાથોસાથ તેમણે ટિકિટવાંચ્છુઓ પર પણ આકરો કટાક્ષ કર્યો છે.

ડભોઈ ખાતે યોજાયેલા સ્નેહ સંમેલન દરમિયાન ધારાસભ્ય શૈલેષ સોટ્ટાએ છોટાઉદેપુર વિસ્તારમાં થતી રેતી અને માટીની ચોરી અંગે પોતાની વાત રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે છોટાઉદેપુરમાં માટી અને રેતી ચોરી સંદર્ભે સીઆઈડીમાં અરજી કરવામાં આવી છે અને તેની તપાસ પણ ચાલી રહી છે. આ મામલે તેમની પાસે રેકોર્ડ હોવાનો દાવો કરતા તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જ્યાં સુધી આપણા પરિવારના સભ્યો હશે ત્યાં સુધી તેમનો બચાવ કરવામાં આવશે અને આ વાત તેઓ ડંકાની ચોટ પર સમજી વિચારીને કહી રહ્યા છે. ધારાસભ્યના આ નિવેદનથી ખનન ચોરી સામેની કાયદાકીય કાર્યવાહી તેમજ તેમાં સંડોવાયેલા લોકોને રક્ષણ આપવાના સંકેત અંગે વિવિધ પ્રશ્નો ઊભા થયા છે અને વિવાદ વધુ વકર્યો છે.

શૈલેષ સોટ્ટાના નિવેદનથી રાજકારણમાં ગરમાવો આવ્યો છે તે સાથે જ આ સમગ્ર ઘટનાક્રમની પ્રદેશ કક્ષાએ પણ ગંભીર નોંધ લેવાઈ હોવાની વિગતો મળી રહી છે. જાહેર મંચ પરથી ખનન અને ચોરી જેવા સંવેદનશીલ મુદ્દે પરિવારના સભ્યોના બચાવની વાત કરાતા પક્ષના માળખામાં અને રાજકીય નિરીક્ષકો વચ્ચે વિવિધ તર્ક-વિતર્ક ચાલી રહ્યા છે. ગેરકાયદેસર ખનન અને રેતી-માટીની હેરફેર સામે તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવે છે ત્યારે ધારાસભ્યના નિવેદનને લઈને ચર્ચાઓએ જોર પકડ્યું છે. રેતી-માટી ચોરીના મુદ્દા ઉપરાંત ધારાસભ્ય શૈલેષ સોટ્ટાએ પક્ષમાં ટિકિટ મેળવવાની દાવેદારી કરનારા કેટલાક લોકોની કાર્યશૈલી પર પણ આકરા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું કે માત્ર હોર્ડિંગ લગાવવાથી કે પાંચસો ગ્રામ મીઠાઈ મોકલવાથી લોકો ખરીદાઈ જાય અને ટિકિટ મળી જાય તેવી માન્યતા યોગ્ય નથી.

મતદારયાદીમાં નામ નોંધણીથી બાકી રહી ગયેલા અને યુવા મતદારો માટે મહીસાગર જિલ્લામાં ત્રણ રવિવારે યોજાશે ખાસ ઝુંબેશ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

તમામ મતદાન મથકો પર સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી બી.એલ.ઓ. ઉપસ્થિત રહી હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારશે. ભારતના ચૂંટણી પંચની સૂચના મુજબ તા.૧ જાન્યુઆરી, ૨૦૨૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૭ અંતર્ગત મતદારયાદીમાં નામ નોંધણીથી બાકી રહી ગયેલા તમામ પાત્ર નાગરિકો તેમજ ૧૮-૧૯ વર્ષના નવા/પ્રથમ વખતના યુવા મતદારોની નોંધણી સુનિશ્ચિત કરવા માટે મહીસાગર જિલ્લામાં ખાસ ઝુંબેશ (Special Drive) હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. લોકશાહીની પ્રક્રિયામાં પ્રત્યેક નાગરિકની સહભાગિતા વધે અને કોઈ પણ પાત્ર નાગરિક મતાધિકારથી વંચિત ન રહે તેવા શુભ આશયથી આ આયોજન કરવામાં આવ્યું છે. આ વિશેષ ઝુંબેશ અંતર્ગત મહીસાગર જિલ્લાના તમામ મતદાન મથકો ખાતે આગામી તા.૨૯/૧૧/૨૦૨૬, તા.૦૬/૧૨/૨૦૨૬ તથા તા.૧૩/૧૨/૨૦૨૬ (તમામ રવિવાર) ના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૦૫:૦૦ કલાક દરમિયાન બુથ લેવલ અધિકારીઓ (BLO) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરો ઉપસ્થિત રહેશે. આ ખાસ દિવસો દરમિયાન મતદાન મથક પરથી મતદારયાદીમાં નવા નામ ઉમેરવા, સુધારા-વધારા કરવા કે અન્ય હક્ક-દાવા અને વાંધા અરજીઓ માટેના નિયત ફોર્મ્સ મેળવી શકાશે તેમજ ભરેલા ફોર્મ્સ સ્થળ પર જ સ્વીકારવામાં આવશે. આ ઉપરાંત મતદારયાદીમાં નામ, સરનામું કે, અન્ય વિગતોમાં ભૂલ સુધારવા, સરનામામાં ફેરફાર કરાવવા તેમજ નામ કમી કરાવવા માટે પણ અરજી કરી શકાશે. સ્થળાંતરીત મજૂરો, ઘરવિહોણા લોકો અને અન્ય વંચીત વર્ગો સુધી નોંધણીની સુવિધા પહોચાડવા ખાસ વ્યવસ્થા તથા હેલ્પ-ડેસ્ક પણ ઉભા કરવામાં આવશે. સર્વે પાત્ર નાગરિકોને પોતાના નજીકના મતદાન મથકની મુલાકાત લઈ આ ખાસ ઝુંબેશનો મહત્તમ લાભ લેવા અને મતદાર તરીકે અચૂક નોંધણી કરાવવા જિલ્લા વહીવટી તંત્ર તરફથી અનુરોધ કરામાં આવે છે.“ તમારૂં નામ મતદારયાદીમાં, તમારો અવાજ લોકશાહીમાં - આજે જ મતદાર નોંધણી કરાવો”

બેથી ત્રણ વર્ષની સિંહણના મોત

જેતપુર નજીક ટ્રેન અડફેટે બે સિંહણના મોત થયા





(એજન્સી) જેતપુર । તા. 24

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં વાવડી-ખીરસરા વચ્ચે રેલવે ટ્રેક પર ત્રેવીસ નવેમ્બરની રાત્રે આઠ વાગ્યે ભાવનગર-પોરબંદર પેસેન્જર ટ્રેનની અડફેટે બે સિંહણના કરુણ મોત નિપજ્યા છે, જેના પગલે પેસેન્જર ટ્રેન દોઢથી બે કલાક સુધી રોકી દેવામાં આવી હતી અને વનવિભાગ તથા રેલવે પોલીસની ટીમો ઘટનાસ્થળે પહોંચીને આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, જેતપુર તાલુકાના વાવડી અને ખીરસરા ગામ વચ્ચેથી ભાવનગર-પોરબંદર પેસેન્જર ટ્રેન પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક બે સિંહણ રેલવે લાઈન પર આવી ગઈ હતી. ટ્રેનની અડફેટે આવી જવાથી બંને સિંહણના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતા. આ દુર્ઘટનાને કારણે રેલવે વ્યવહાર પર પણ અસર પડી હતી અને પેસેન્જર ટ્રેનને દોઢથી બે કલાકથી વધુ સમય માટે થંભાવી દેવાની ફરજ પડી હતી. જેતપુર નજીક ટ્રેન અડફેટે બે સિંહણના મોત થતા આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ રાજકોટ રેલવે પોલીસ તેમજ જેતપુર અને જૂનાગઢ વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તંત્ર દ્વારા સ્થળ પર પહોંચીને પરિસ્થિતિનો તાગ મેળવવામાં આવ્યો હતો અને સિંહણના મૃતદેહોનો કબજો લઈને નિયમાનુસાર આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વનવિભાગના અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે આ દુર્ઘટના ત્રેવીસ નવેમ્બરની રાત્રે આઠ વાગ્યે બની હતી અને મૃત્યુ પામેલી બંને સિંહણની ઉંમર બેથી ત્રણ વર્ષની આસપાસ છે.

સૌરાષ્ટ્રના વિસ્તારોમાં વન્યજીવોની અવરજવર અને રેલવે ટ્રેક પર થતા અકસ્માતો અગાઉ પણ ચર્ચાનો વિષય રહ્યા છે. એકસાથે બે સિંહણના મોત થવાથી વન્યજીવ પ્રેમીઓ અને પર્યાવરણવાદીઓમાં ભારે શોક અને અરેરાટીની લાગણી વ્યાપી ગઈ છે. રેલવે ટ્રેક નજીકથી પસાર થતા વન્યજીવોની સુરક્ષા માટે કયા પગલાં લેવાઈ રહ્યા છે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે કઈ વ્યવસ્થા વધુ મજબૂત બનાવવાની જરૂર છે તે અંગે ફરી એકવાર ચર્ચા શરૂ થઈ છે.

ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તાર એશિયાટિક સિંહોના નિવાસસ્થાન અને વન્યજીવ સંરક્ષણ માટે સમગ્ર દેશમાં આગવી ઓળખ ધરાવે છે. અમદાવાદ સહિત રાજ્યભરના વન્યજીવ પ્રેમીઓ અને નાગરિકો સિંહોના સંરક્ષણ અને સુરક્ષા અંગે હંમેશા સંવેદનશીલ રહ્યા છે.

સંતરામપુરના મચ્છી બજાર વિસ્તારમાં શોકની લાગણી , યુવકના મોત પાછળનું ચોક્કસ કારણ અકબંધ

અમદાવાદમાં અભ્યાસ કરતા ધોરણ 12 પાસ યુવકનું શંકાસ્પદ સંજોગોમાં મોત, પરિવાર પર દુઃખનો પહાડ તૂટ્યો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના સંતરામપુર શહેરના મચ્છી બજાર વિસ્તારમાંથી અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અહીં રહેતા પંચાલ પરિવારના યુવાન પુત્ર ધોનિતકુમાર મનોજકુમાર પંચાલનું અમદાવાદ શહેરમાં શંકાસ્પદ સંજોગોમાં મોત થતાં સમગ્ર પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. યુવાન પુત્રના અચાનક મોતથી પરિવારજનો, સગા-સંબંધીઓ, પાડોશીઓ તેમજ સમગ્ર વિસ્તારમાં ગમગીનીનો માહોલ છવાયો છે.પ્રાપ્ત માહિતી અનુસાર, સંતરામપુરના મચ્છી બજાર વિસ્તારમાં રહેતા મનોજકુમાર પંચાલ પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા અને પુત્રના ઉજ્જવળ ભવિષ્ય માટે કુવૈત દેશમાં રોજગારી અર્થે ગયા હતા. દરમિયાન તેમના પુત્ર ધોનિતકુમારે લુણાવાડા ખાતે ધોરણ 10 અને 12નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ઉચ્ચ અભ્યાસ માટે અમદાવાદ શહેરની એક કોલેજમાં થોડા મહિના અગાઉ પ્રવેશ મેળવ્યો હતો. પરિવારને પુત્ર પાસેથી ઘણી આશાઓ હતી અને તે આગળ અભ્યાસ કરીને જીવનમાં પ્રગતિ કરે તેવી અપેક્ષાઓ રાખવામાં આવી હતી.પરંતુ તારીખ 22 નવેમ્બર 2026ના રોજ પરિવારજનોને અમદાવાદની કોલેજમાં ધોનિતકુમાર ઊંચાઈ પરથી નીચે પડી જતાં ગંભીર ઘટના બની હોવાની અને આત્મહત્યાની આશંકા વ્યક્ત કરતી માહિતી મળી હતી. આ સમાચાર મળતાં જ પરિવારજનો પર જાણે આભ તૂટી પડ્યું હતું. ખાસ કરીને પુત્રથી દૂર કુવૈત દેશમાં રહેલા પિતા મનોજકુમાર પંચાલને ઘટનાની જાણ થતાં તેઓ તાત્કાલિક પોતાનું કામકાજ





છોડીને આંસુભરી આંખો સાથે વતન સંતરામપુર દોડી આવ્યા હતા.બીજી તરફ, અમદાવાદ ખાતે જરૂરી કાર્યવાહી અને વિધિ પૂર્ણ થયા બાદ યુવકનો મૃતદેહ એમ્બ્યુલન્સ મારફતે સંતરામપુરના મચ્છી બજાર વિસ્તારમાં આવેલા તેમના નિવાસસ્થાને લાવવામાં આવ્યો હતો. પુત્રનો મૃતદેહ ઘરે પહોંચતાં જ પરિવારજનો હૈયાફાટ રુદન કરવા લાગ્યા હતા. માતા-પિતા અને પરિવારજનોના આક્રંદથી સમગ્ર વિસ્તાર શોકમગ્ન બની ગયો હતો. સગા-સંબંધીઓ અને આસપાસના રહીશો પણ પરિવારને સાંત્વના આપવા ઉમટી પડ્યા હતા.મોત પાછળનું કારણ અકબંધ, તપાસ બાદ જ હકીકત બહાર આવશેયુવાન ધોનિતકુમાર પંચાલ નું મોત કયા સંજોગોમાં થયું, આ ઘટના અકસ્માત છે કે આત્મહત્યા, તેમજ તેની પાછળનું ચોક્કસ કારણ શું છે તે અંગે હાલ કોઈ સત્તાવાર અને સ્પષ્ટ માહિતી સામે આવી નથી. આથી ઘટનાની સંપૂર્ણ હકીકત તપાસ બાદ જ બહાર આવી શકશે. નાની ઉંમરે પરિવારના આશાસ્પદ પુત્રનું આ રીતે અચાનક અવસાન થતાં સંતરામપુરના મચ્છી બજાર વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. પરિવાર માટે આ દુઃખની ઘડીમાં સમગ્ર સમાજ અને વિસ્તારના લોકો દ્વારા સંવેદના વ્યક્ત કરવામાં આવી રહી છે.

રતિલાલ પાર્ક સોસાયટીમાં કટિંગ સમયે રેડ

વાઘોડિયા રોડ પર દારૂ સાથે ઝડપાયેલા રિમાન્ડ પર

(એજન્સી) વડોદરા । તા. 24

વડોદરા શહેરના વાઘોડિયા રોડ વિસ્તારમાં આવેલી રતિલાલ પાર્ક સોસાયટી ખાતે દારૂના કટિંગ દરમિયાન પોલીસે દરોડો પાડીને દારૂ ભરેલી કાર સાથે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી બે પોઈન્ટ એકતાલીસ લાખ રૂપિયાની કિંમતની સાતસો ચોસઠ બોટલ જપ્ત કર્યા બાદ વધુ તપાસ માટે આરોપીઓના બુધવાર સુધીના રિમાન્ડ મેળવ્યા છે.

પોલીસ ટુકડીને મળેલી ચોક્કસ માહિતીના આધારે વાઘોડિયા રોડ પર આવેલી રતિલાલ પાર્ક સોસાયટીમાં દારૂના કટિંગ સમયે જ અચાનક દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી કાર ચાલક સહિત ત્રણ શખ્સોને દારૂ ભરેલી કાર સાથે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. ઘટનાસ્થળ પરથી દારૂની કુલ સાતસો ચોસઠ બોટલ મળી આવી હતી, જેની અંદાજિત કિંમત બે પોઈન્ટ એકતાલીસ લાખ રૂપિયા આંકવામાં આવી છે. વાઘોડિયા રોડ પર દારૂ સાથે ઝડપાયેલા આરોપીઓની ધરપકડ થતા સ્થાનિક વિસ્તારમાં ગેરકાયદે દારૂની હેરફેર અને કટિંગની પ્રવૃત્તિ અંગે ચર્ચા શરૂ થઈ છે.

પોલીસે સ્થળ પરથી ઝડપી પાડેલા આરોપીઓમાં પ્રથમ આરોપી શિવમ ઓમપ્રકાશ સરોજ છે, જે મૂળ ઉત્તરપ્રદેશના પ્રયાગરાજનો રહેવાસી છે અને કાર ચાલક તરીકે કાર્યરત હોવાની વિગતો સામે આવી છે. બીજો આરોપી પંકજ નંદુભાઈ કહાર છે, જે વડોદરાના વાઘોડિયા રોડ પર રતિલાલ પાર્ક સોસાયટીમાં રહે છે. ત્રીજો આરોપી પાર્થ ઉર્ફે સોનુ રાજુભાઈ બ્રહ્મભટ્ટ છે, જે વાઘોડિયા રોડ પર રતિલાલ પાર્ક સોસાયટી પાસે રહેતો હોવાનું જાણવા મળ્યું છે. ત્રણેય આરોપીઓની પ્રાથમિક પૂછપરછ બાદ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને વધુ વિગતો મેળવવા માટે બુધવાર સુધીના રિમાન્ડ મંજૂર કરાયા છે.

આ કેસમાં સંડોવાયેલા અન્ય નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા વિવિધ દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે.

ચીનની બે કંપનીઓએ ભાવ વધાર્યા

લેબગ્રોન રફ હીરા મોંઘા થતા સુરતમાં ચિંતા, પોલિશ્ડ હીરાના ભાવ પર પણ અસર

(એજન્સી) સુરત । તા. 24

લેબગ્રોન ડાયમંડ માટે રફ સપ્લાય કરતી ચીનની બે મોટી કંપનીઓ લિઆન ડાયમંડ અને ઝોંગનાન ડાયમંડે ભાવ વધારાની જાહેરાત કર્યા બાદ લિઆન કંપનીએ પહેલી નવેમ્બરથી વર્તમાન ભાવમાં દસ ટકાનો વધારો કર્યો છે, જેના કારણે સુરતના લેબગ્રોન હીરા ઉદ્યોગકારોની પડતર કિંમત વધવાની ભીતિ સર્જાઈ છે અને આગામી દિવસોમાં પોલિશ્ડ હીરાના ભાવ પણ મોંઘા થવાની શક્યતા ઊભી થઈ છે.

સુરત શહેર કુદરતી હીરાની સાથે સાથે લેબગ્રોન ડાયમંડના કટિંગ અને પોલિશિંગ ક્ષેત્રે પણ વિશ્વભરમાં મોટું કેન્દ્ર ગણાય છે. સુરતના લેબગ્રોન હીરા ઉદ્યોગ માટે ચીનના હેનાન પ્રાંતની લિઆન ડાયમંડ તેમજ ઝોંગનાન ડાયમંડ કંપની તરફથી ભાવ વધારાના સમાચાર સામે આવ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ લિઆન ડાયમંડ કંપનીએ પહેલી નવેમ્બર બે હજાર છવીસથી રફ લેબગ્રોન ડાયમંડના પ્રવર્તમાન ભાવમાં દસ ટકાનો વધારો અમલમાં મૂક્યો છે. બીજી તરફ ઝોંગનાન ડાયમંડ કંપનીએ કોઈ ચોક્કસ ટકાવારી નક્કી કર્યા વિના મૂળ ભાવના આધારે યોગ્ય પ્રમાણમાં વધારો કરવાની જાહેરાત કરી છે. લેબગ્રોન રફ હીરા મોંઘા થતા સુરતના આયાતકારો અને ઉત્પાદકો માટે ખરીદી ખર્ચમાં વધારો થયો છે.

બંને ચીની કંપનીઓએ ભાવ વધારા પાછળનું મુખ્ય કારણ કાચા માલ અને ઉત્પાદન પ્રક્રિયામાં વપરાતા સાધનોના ખર્ચમાં થયેલી

આજનું રાશિ ભવિષ્ય

મેષ : અ. લ. ઈ.

ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે.

વૃષભ : બ. વ. ઉ.

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે.

મિથુન : ક. છ. ઘ.

દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. ઉપયોગી થવાની તમારી શક્તિને હકારાત્મક વિચારો સાથે વિકસાવો અને લોકો તરફથી મળતા સૂચનોને તમારા પરિવારના ફાયદા માટે અપનાવો.

કર્ક : ડ. હ.

તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. મિત્રો તમને સહકાર આપનારા જણાશે-પણ તમે જે બોલો છો.

સિંહ : મ. ટ.

તમારા બળપણની યાદગીરીઓ આજે તમને વ્યસ્ત રાખશે. આ પ્રક્રિયામાં તમે તમારી જાત પર બિનજરૂરી માનસિક તાણ લાવશો. પ્રસંગોપાત બાળક જેવા બનવાની ક્ષમતા ખોઈ બેસવામાંથી જ તમારી બેચેની અને તાણ ઉદભવ્યા છે.

કન્યા : પ. ઠ. ણ.

તમારું સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. મિત્રો સાથેની પ્રવૃત્તિઓ માણવાલાયક હશે- પણ સામે ચાલીને ખર્ચ કરવાની તૈયારી દેખાડતા નહીં-અન્યથા તમે ઘરે ખાલી ખિસ્સે પહોંચો એવી શક્યતા છે.

તુલા : ર. ત.

આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો.

વૃશ્ચિક : ન. ય.

વધુ પડતો ઉત્સાહ તથા ધમાકેદાર જુસ્સો તમારા ચેતાતંત્રને અસર કરી શકે છે, આ બાબત ટાળવા માટે તમારી લાગણીઓ પર અંકુશ મુકો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે.

ધન : ભ. ધ. ફ. ઢ.

છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઓવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.

મકર : ખ. જ.

તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સામર્થ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું.

કુંભ : ગ. સ. શ. ષ.

તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે.

મીન : દ.ચ. ઝ. થ.

ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. દૂરનાં કોઈ સગાં તરફથી લાબા સમયથી તમને જે સંદેશની અપેક્ષા હતી.

'જય ધરણીધર'

દેવ દિવાળીના પાવન પર્વે ગુજરાત-રાજસ્થાનમાંથી ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું

(એજન્સી) વાવ થરાદ| તા.24

વાવ થરાદ જિલ્લાના ધરણીધર તાલુકામાં આવેલા સુપ્રસિદ્ધ અને ઐતિહાસિક યાત્રાધામ ઢીમા ખાતે આજે(24 નવેમ્બર) કારતક સુદ પૂનમ એટલે કે 'દેવ દિવાળી'ના પાવન પર્વ નિમિત્તે વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું છે. ગુજરાત સહિત રાજસ્થાન અને અન્ય રાજ્યોમાંથી પણ હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અહીં બિરાજમાન ધરણીધર ભગવાન શ્રી કૃષ્ણ/વિષ્ણુ સ્વરૂપ અને ઢીમણનાગ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

મંગળા આરતી અને વિશેષ શણગાર: દેવ દિવાળીના શુભ અવસરે મંદિર પરિસરમાં વહેલી પરોઢે મંગળા આરતી કરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. ભગવાનને વિશેષ આકર્ષક શણગાર કરવામાં આવ્યો હતો.

દીપમાળા અને રંગબેરંગી જ્યોતિ: દેવ દિવાળીનો દિવસ દેવોની દિવાળી તરીકે ઉજવાતો હોવાથી સમગ્ર મંદિર પરિસરને રંગબેરંગી જ્યોતિ અને દીવડાઓથી શણગારવામાં આવ્યું છે. સવારથી સાંજ સુધીના સમયે મંદિર પરિસરમાં ભવ્ય દીપમાળા પ્રગટાવવામાં આવે છે, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જશે.

મેળા જેવો માહોલ: પૂનમના દિવસે ઢીમા ખાતે દર મહિને ભક્તોની ભીડ રહેતી હોય છે, પરંતુ દેવ દિવાળીની પૂનમનું વિશેષ મહત્ત્વ હોવાથી આજે સમગ્ર ઢીમા ગામમાં લોકમેળા જેવો માહોલ જોવા મળી રહ્યો છે. ઢોલ-નગારા અને 'જય ધરણીધર' તથા 'જય ઢીમણનાગ દાદા'ના નાદથી સમગ્ર પંથક ગુંજી ઉઠ્યું છે.

પ્રસાદ અને વ્યવસ્થા: ધરણીધર મંદિર ટ્રસ્ટ દ્વારા બહારગામથી આવતા હજારો યાત્રાળુઓ માટે ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે ભોજન પ્રસાદ(ભંડારા), પીવાના પાણી અને દર્શન માટે સુચારુ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેથી ભક્તો શાંતિપૂર્ણ રીતે દર્શનનો લાભ લઈ શકે.

ભાવનગરમાં કાળજું કંપાવનારી દુર્ઘટના

ભાવનગરના કુંભારવાડામાં ભંગારની બોટલ ફાટતા પ્રચંડ વિસ્ફોટ સાથે આગ ભભૂકી,એક જ પરિવારના આઠ દાઝ્યા

(એજન્સી) ભાવનગર | તા.16

ભાવનગર શહેરના કુંભારવાડા વિસ્તારમાં આવેલી મિલની ચાલીની શેરી નંબર ૩માં એક હૃદયદ્રાવક અને કાળજું કંપાવનારી દુર્ઘટના સર્જાઈ છે. ભંગારના વ્યવસાય સાથે સંકળાયેલા એક શ્રમજીવી પરિવારના ઝૂંપડામાં એલ્યુમિનિયમની સ્પ્રેની બોટલ તોડતી વખતે અચાનક પ્રચંડ ધડાકા સાથે બ્લાસ્ટ થયો હતો. આ વિસ્ફોટને પગલે જોતજોતામાં વિકરાળ આગે સમગ્ર ઝૂંપડાને પોતાની લપેટમાં લઈ લેતા એક જ પરિવારના બાળકો અને મહિલાઓ સહિત કુલ આઠ સભ્યો ગંભીર રીતે દાઝી ગયા હતા. આ ગોઝારી ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને નાસભાગનો માહોલ સર્જાયો હતો.બનાવની મળતી વિગતો અનુસાર, કુંભારવાડા મિલની ચાલી વિસ્તારમાં ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરતા સાહિલભાઈ નામના યુવક ભંગારની ફેરી અને છૂટક વેપાર કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના કાકા દ્વારા એકત્રિત કરીને લાવવામાં આવેલા ભંગારના જથ્થાને



અલગ-અલગ કરીને એસોર્ટ (વર્ગીકરણ) કરવાની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન સાહિલભાઈ ભંગારમાં આવેલી એલ્યુમિનિયમની બોડી સ્પ્રેની ખાલી બોટલોને તોડીને તેમાંથી હવા અને જ્વલનશીલ ગેસ બહાર કાઢી રહ્યા હતા. કમનસીબે, આ પ્રક્રિયા દરમિયાન અચાનક કોઈ તણખો ઝરતા કે ઘર્ષણ થતા બોટલમાં રહેલા ગેસમાં પ્રચંડ ભડકો થયો હતો અને કાન ફાડી નાખે તેવા મોટા વિસ્ફોટ સાથે આગ ભભૂકી ઉઠી હતી.વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે આગની જ્વાળાઓએ પળવારમાં જ ઝૂંપડામાં હાજર રહેલા તમામ સભ્યોને ઘેરી લીધા હતા. સાહિલભાઈ સહિત ઘરમાં રહેલી મહિલાઓ અને માસૂમ બાળકોને બહાર નીકળવાની તક પણ મળી ન હતી અને આઠેય સભ્યો આગની ચપેટમાં આવી જતા ગંભીર રીતે દાઝી ગયા હતા. ધડાકાનો અવાજ સાંભળીને આસપાસના રહીશો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી.ફાયર બ્રિગેડ અને ૧૦૮ની ત્વરિત કામગીરી ઘટનાની જાણ થતા જ ભાવનગર ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. લાશ્કરોએ પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો અને પરિસ્થિતિ થાળે પાડવા કુલિંગની કામગીરી હાથ ધરી હતી. બીજી તરફ, ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની ટીમો મારફતે તમામ આઠેય ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે ભાવનગરની સરકારી સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના તબીબી સૂત્રોના જણાવ્યા અનુસાર, દાઝી ગયેલા સભ્યો પૈકી કેટલાકની હાલત અત્યંત નાજુક અને ગંભીર જણાઈ રહી છે. એક જ પરિવાર પર આવી પડેલી આ આફતને પગલે સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

પૂનમ નિમિતે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને દિવ્ય વાઘા એવં મિક્સ ફૂલોનો શણગાર અને વિવિધ પ્રકારની મીઠાઈઓનો અન્નકૂટ ધરાવાયો

| નરેન્દ્ર દવે | સારંગપુર તા.24

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણા થી પૂનમ નિમિતે તા.24-11-2026 ને મંગળવારના રોજ શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજને દિવ્ય શણગાર કરાયો હતો. મંદિરના ગર્ભ ગૃહમાં મોરની ભવ્ય અને કલાત્મક પ્રતિકૃતિઓ તથા સફેદ રંગના મિક્સ ફૂલોનો શણગાર કરાયો હતો. દાદાને રિયલ ડાયમંડનો મુકુટ,સોના-ચાંદીના વિશેષ આભૂષણો, દિવ્ય વાઘા ધરાવવામાં આવ્યા હતા. દાદાને વિવિધ મીઠાઈઓ નો ભવ્ય અન્નકૂટ ધરાવામાં આવ્યો હતો. સવારે મંગળા આરતી 5:30 કલાકે પૂજારી સ્વામી દ્વારા એવં સવારે 7:00 કલાકે શણગાર આરતી કોઠારીશ્રી વિવેકસાગર સ્વામી દ્વારા કરવામાં આવી હતી.દર્શન,આરતી એવં મહાપ્રસાદનો અનેક ભક્તોએ લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.પૂનમ નિમિત્તે સાંજે 05:00 કલાકે શ્રી કષ્ટભંજનદેવ દાદાનું દિવ્ય ષોડશોપચાર પૂજન-અર્ચનનું આયોજન કરવામાં આવ્યું છે. દાદાને દિવ્ય શણગાર સાથોસાથ ફળ,પુષ્પ, ડ્રાયફ્રુટ વિગેરે ધરવવામાં આવશે , પુષ્પવર્ષા કરવામાં આવેલ, દાદાની દિવ્ય સંધ્યા આરતી 06:30 કલાકે કરવામાં આવશે.



ખારી ધારીયાલ - સેઢાલ - ઘરમોડા રોડ ની..સાઈડો પર બાવળોના ઝૂંડ જામ્યા

| નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના. ખારી ધારીયાલ થી સેંઢાલ ઘરમોડા સુધીના રોડની બંન્ને બાજુની સાઈડો પર બાવળો વધી જતાં આ રોડ પર આવન-જાવન કરતાં વાહનો ને સાઈડો લેવામાં ખુબજ મુશ્કેલી પડી રહી છે રોડ ની સાઈડો પર વધી ગયેલી બાવળોની ડાળીઓ રોડ પર આવી જતાં રોડ પર પસાર થતા વાહનો સામે આવી રહેલું વાહન જોઈ નહી શકવાના કારણે વાહનચાલકો અકસ્માત થવાની દહેશત વાહનચાલકો દ્વારા વ્યક્ત કરાઈ રહી છે ત્યારે રોડની બંન્ને સાઈડો પર વધી ગયેલા બાવળા દુર કરવા વાહન ચાલકોની માંગ ઉઠવા પામી છે



ચંદુમાણા ગામે વ્યાસ પરીવાર દ્વારા તુલસી-વિવાહ ધાર્મિક પ્રસંગ યોજાયો

| નિતીન ઠાકર | ચાણસ્મા

શાલીગ્રામ ભગવાન મૂર્તિ ની શોભાયાત્રાનું ગામના મુખ્ય માર્ગો પર પરીભ્રમણ કરાવી. દુધેશ્વર શિવાલય ખાતે લગ્નમંડપમાં લવાઈ, ધાર્મિક પ્રસંગમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ જોડાયા, શુક્લ પક્ષની કાર્તીકી અગિયારસથી કારતકી પૂનમ સુધી તુલસી (વૃદા) માતાજીના વિવાહ કરાવવાનું અનેરૂ મ્હાત્મ્ય રહેલું છે ત્યારે પાટણ તાલુકાના ચંદુમાણા ગામે મધુબેન વાસુદેવભાઈ વ્યાસના યજમાનપદે તુલસી માતાજીના વિવાહ પ્રસંગનું આયોજન કરાયું હતું જેમાં વર પક્ષ ના યજમાન નિરૂબા રતિલાલ વ્યાસના નિવાસ્થાનેથી શાલીગ્રામ ભગવાનની જાન જોડી શોભાયાત્રા રૂપે ગામના મુખ્ય માર્ગો પર પરીભ્રમણ કરાવી દુધેશ્વર શિવાલય ખાતે ઢોલ શરણાઈના સુરાવલી સાથે લગ્ન મંડપમાં આવી પહોંચી હતી મધુબેન વ્યાસના યજમાનપદે યોજાયેલ તુલશીવિવાહ પ્રસંગમાં વર-કન્યા પક્ષની મહિલાઓએ. લગ્નગીતો-ફટાણાની રમઝટ બોલાવી હતી જ્યારે પાટણ પંથકના વિદ્વાન પંડીત રોહિતભાઈ શાસ્ત્રી ઉર્ફે (બકાભાઈ) દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે લગ્નવિધિ સંપન્ન કરાવાઈ હતી તુલશી વિવાહ પ્રસંગ્ માં ગામના મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા

ભરૂચ: 9 વર્ષે બનેલો ₹3.66 કરોડનો બ્રિજ 100 દિવસ પણ ન ટક્યો! હવે સમારકામ માટે વધુ ₹3.15 કરોડનો ખર્ચ



(એજન્સી) ભરૂચ | તા.24

ભરૂચના આમોદ-જંબુસરને જોડતા ડોલિયા-દેણવા બ્રિજમાં ખુલ્લો મુકાયાના માત્ર 100 દિવસમાં જ તિરાડો પડતાં બાંધકામની ગુણવત્તા સામે સવાલો ઊઠ્યા છે. રૂપિયા 66 કરોડના ખર્ચે બનેલા આ બ્રિજના એપ્રોચ રોડમાં તિરાડો પડ્યા બાદ હવે ધોવાણ અટકાવવા સરકારે રૂપિયા 15 કરોડ મંજૂર કર્યા છે. આ મુદ્દે બાંધકામમાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો વચ્ચે સરકારી તંત્રની કામગીરી પણ ચર્ચામાં આવી છે.મહેસાણાની રાધે એસોસિએટ્સને ઓક્ટોબર 2017માં આ બ્રિજનું કામ 18 મહિનામાં પૂર્ણ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. જોકે, ઢાઢર નદીમાં કાવી-કંબોઈ તરફથી દરિયાઈ ભરતી દિવસમાં બે વખત આવતી હોવાથી કામની મુદત 15 ઓગસ્ટ 2026 સુધી લંબાવવામાં આવી હતી. આખરે 23 ઓગસ્ટ 2026ના રોજ બ્રિજ નાના વાહનો માટે ખુલ્લો મુકાયો હતો. પરંતુ ખુલ્લો મુકાયાના લગભગ 100 દિવસમાં જ દેણવા તરફના એપ્રોચ રોડ પર તિરાડો પડતાં બાંધકામની ગુણવત્તા સામે સવાલો ઊઠ્યા છે.

તિરાડો પડવાના મુદ્દે માર્ગ અને મકાન વિભાગે બ્રિજના મુખ્ય માળખામાં નહીં, પરંતુ એપ્રોચ રોડ નીચે દરિયાઈ કરંટના કારણે ધોવાણ થતાં તિરાડો પડી હોવાનું જણાવ્યું છે. હવે આ ધોવાણ અટકાવવા રૂપિયા 15 કરોડના ખર્ચે આર.સી.સી. પ્રોટેક્શન બ્લોક અને સુરક્ષા વોલ બનાવવામાં આવશે. અધિકારીઓએ 2016, 2022 અને 2026ના ગૂગલ મેપના આધારે ધોવાણ થયાનું સ્વીકાર્યું છે. જોકે, વર્ષોથી દરિયાઈ ધોવાણની જાણ હોવા છતાં બ્રિજના બાંધકામ સમયે જ જરૂરી સુરક્ષા વ્યવસ્થા કેમ કરવામાં ન આવી તે સવાલ ઊઠી રહ્યો છે. 66 કરોડના ખર્ચે બનેલા બ્રિજમાં 100 દિવસમાં તિરાડો અને હવે સમારકામ માટે વધુ 15 કરોડની મંજૂરીને પગલે સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો છે.

નોબલ યુનિવર્સિટીના પ્રાધ્યાપકો દ્વારા બેંકિંગ સેક્ટર માટે નવતર ડિવાઇસની ડિઝાઇન પેટન્ટ મંજૂર: સંશોધન ક્ષેત્રે વધુ એક સિદ્ધિ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ





સંશોધન અને નવીનતા (Innovation) ક્ષેત્રે અગ્રેસર જૂનાગઢની નોબલ યુનિવર્સિટીના નામે વધુ એક ગૌરવપૂર્ણ સિદ્ધિ નોંધાઈ છે. ભારત સરકારના પેટન્ટ અને ડિઝાઈન કાર્યાલય (The Patent Office, Government of India) દ્વારા સંશોધકોની ટીમને તેમની અદ્યતન ડિઝાઇન માટે સત્તાવાર 'સર્ટિફિકેટ ઓફ રજીસ્ટ્રેશન ઓફ ડિઝાઈન' એનાયત કરવામાં આવ્યું છે.બેંકિંગ ક્ષેત્રે ખાતાઓના વિશ્લેષણ અને વ્યવસ્થાપનને વધુ સરળ તથા સુરક્ષિત બનાવવાના હેતુથી 'BANKING ANALYTICS DEVICE FOR CROSS- ACCOUNT MANAGEMENT' વિષય પર આ સંશોધન કરવામાં આવ્યું છે. ભારત સરકારના ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી વિભાગ દ્વારા આ ઉપકરણ ને ક્લાસ ૧૪-૦૨ (Class 14-02) અંતર્ગત ડિઝાઈન નંબર 517577-001 તરીકે સત્તાવાર નોંધણી કરી પ્રમાણપત્ર જારી કરવામાં આવ્યું છે.આ સંશોધન અને ડિઝાઇન ડેવલપમેન્ટમાં નોબલ યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સના ડીન અને રજિસ્ટ્રાર ડૉ. જય તલાટી તેમજ ફેકલ્ટી ઓફ ડોક્ટરલ સ્ટડીઝ ના ડિન ડૉ. રિદ્ધિ સંઘવી સાથે સાંથા ગણેશ ઐયર, ડૉ.જગદીશ એમ. એચ., ડૉ.ડી.સુજાતા અને ડૉ. સાજન મેથ્યુ સહભાગી રહ્યા હતા. આજના ડિજિટલ યુગમાં મલ્ટિપલ બેંક એકાઉન્ટ્સ અને જટિલ ડેટા એનાલિટિક્સનું સંચાલન ઝડપી અને સચોટ બને તેવા હેતુ સાથે આ ડિવાઇસની વિશેષ ડિઝાઇન તૈયાર કરવામાં આવી છે.આ સિદ્ધિ બદલ નોબલ યુનિવર્સિટીનાં પ્રમુખશ્રી ડૉ. નિલેશભાઈ ધૂલેશિયા, ઉપપ્રમુખ શ્રી ગિરીશભાઈ કોટેચા, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી વી.પી.ત્રિવેદી, કો-મેનેજિંગ ટ્રસ્ટીશ્રી કે.ડી.પંડ્યા તેમજ સંસ્થાના કુલપતિ ડૉ. એચ.એન.ખેર દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે. યુનિવર્સિટી ખાતે અવિરત ચાલતી સંશોધન પ્રવૃત્તિઓ અને પેટન્ટ નોંધણીઓ થકી શિક્ષણની સાથે સંશોધન ક્ષેત્રે પણ સંસ્થા નવી ઊંચાઈઓ સર કરી રહી છે.

જામનગરમાં બર્ધન ચોકમાં શિવશક્તિ ફૂટવેરની દુકાનમાં શોર્ટસર્કિટથી આગ, બુટ-ચંપલનો જથ્થો બળીને ખાખ

(એજન્સી) જામનગર | તા.24

જામનગર શહેરના બર્ધન ચોક વિસ્તારમાં મોટુ ફળી પાસે આવેલી શિવશક્તિ ફૂટવેર નામની બુટ-ચંપલની દુકાનમાં ગઈકાલે રાત્રે 11:41 વાગ્યાના અરસામાં શોર્ટસર્કિટના કારણે આગ લાગવાનો બનાવ બન્યો હતો. આગના કારણે દુકાનમાં રાખવામાં આવેલા બુટ-ચંપલના જથ્થાને નુકસાન થયું હતું. બનાવ અંગેની જાણ સ્થાનિક પૂર્વ કોર્પોરેટર અને પૂર્વ ડેપ્યુટી મેયર કુસુમબેન પંડ્યાને થતાં તેમણે તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. જેના પગલે જામનગર મહાનગરપાલિકાના ફાયર વિભાગની ટીમ એક ફાયર ટેન્ડર સાથે તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી.આગના બનાવમાં દુકાનમાં રાખેલો બુટ-ચંપલનો કેટલોક જથ્થો બળીને નુકસાન પામ્યો હતો.

જામનગરમાં રોયલ એમ્પાયરની લિફ્ટમાં છ વૃદ્ધો ફસાયા, ફાયર બ્રિગેડે રેસ્ક્યૂ કરી હેમખેમ બહાર કાઢ્યા

(એજન્સી) જામનગર | તા.24

જામનગર શહેરના રણજીતસાગર રોડ પર આવેલા રોયલ એમ્પાયર નામના બિલ્ડિંગમાં આજે સવારે લિફ્ટ બંધ પડી જતાં છ જેટલા વૃદ્ધો અંદર ફસાઈ જવાનો બનાવ બન્યો હતો. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી તમામ છ વ્યક્તિઓને હેમખેમ બહાર કાઢી લેતાં સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. બનાવની વિગતો મુજબ રોયલ એમ્પાયર બિલ્ડિંગના પ્રથમ માળે આવેલા ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે સાડા નવ વાગ્યાના અરસામાં કેટલાક વૃદ્ધો કસરત અને ફિટનેસની પ્રવૃત્તિ માટે આવ્યા હતા. જેમાં ચાર મહિલાઓ અને બે પુરુષો સહિત કુલ છ વ્યક્તિઓનો સમાવેશ થતો હતો. સવારે આશરે પોણા અગિયાર વાગ્યાના અરસામાં આ તમામ વ્યક્તિઓ લિફ્ટ મારફતે નીચે આવવા માટે પ્રયાસ કરી રહ્યાં હતાં, તે દરમિયાન અચાનક વીજ પુરવઠો ખોરવાતાં લિફ્ટ અધવચ્ચે જ બંધ પડી ગઈ હતી.

બિલ્ડિંગમાં જનરેટરની વ્યવસ્થા હોવા છતાં લિફ્ટ સાથે જનરેટરનું જોડાણ ન હોવાથી વીજળી જતાં લિફ્ટ બંધ થઈ ગઈ હતી અને અંદર રહેલા છ વૃદ્ધો ફસાઈ ગયા હતા. આ અંગે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતાં ફાયર શાખાની ટીમ તાત્કાલિક રોયલ એમ્પાયર ખાતે પહોંચી હતી.ફાયર વિભાગના જવાનોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી લિફ્ટમાં ફસાયેલા ચાર મહિલા અને બે પુરુષ સહિત તમામ છ વ્યક્તિઓને સુરક્ષિત રીતે બહાર કાઢી લીધા હતા. સદનસીબે આ બનાવમાં કોઈને ઈજા કે જાનહાનિ થઈ ન હતી. ફાયર બ્રિગેડની સમયસરની કામગીરીના કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

પંચમહાલ: વાંસદેલીયા ગામે ગાંજાની ખેતીનો પર્દાફાશ, ખેતરમાંથી ₹21 લાખનો લીલો ગાંજો ઝડપાયો, ખેડૂત સકંજામાં

(એજન્સી) પં ચમહાલ| તા.24

પંચમહાલના મોરવા હડફ તાલુકાના વાંસદેલીયા ગામે પોલીસે નાર્કોટિક્સ વિરોધી મોટી કાર્યવાહી કરી છે. ખેતરમાં વાવેલા રૂ.21,25,000ની કિંમતના 42.500 કિલોગ્રામ વજનના લીલા ગાંજાના 33 છોડ સાથે એક શખસને ઝડપી પાડવામાં આવ્યો છે.મોરવાહડફ તાલુકાના વાંસદેલીયા ગામે રાવત ફળીયામાં રહેતા અનોપસિંહ મથુરભાઈ રાવત દ્વારા તેની જમીનમાં ગાંજાના છોડ વાવવામાં આવ્યા હોવાની પંચમહાલ એસ.ઓ.જી.ને બાતમી મળી હતી. બાતમીના આધારે પંચમહાલ એસ.ઓ.જી., મોરવાહડફ પોલસની સંયુક્ત ટીમે વાંસદેલીયા ગામે અનોપસિંહ રાવતના ખેતરમાં એકાએક તપાસ કરતા ત્યાંથી લીલા ગાંજાના નાનામોટા 33 છોડ મળી આવ્યા હતા, જેનું એફ.એસ.એલ. ની મદદ લઈને પરીક્ષણ કરાવતા ખેતરમાંથી મળેલા છોડ ગાંજાના હોવાની ખરાઈ થઈ હતી. પોલીસે સ્થળ પર જ તમામ છોડનું વજન કરાવતા 42.500 કિલોગ્રામ જણાયું હતું. ત્યારબાદ પોલીસે રૂ.21.25 લાખની કિંમતના ગાંજાના છોડને કબજે કર્યા હતા અને અનોપસિંહ મથુરભાઈ રાવતની અટકાયત કરી તેની વિરુદ્ધ મોરવાહડફ પોલીસ મથકમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.



કાર્તિકી પૂર્ણિમાના પાવન અવસરે સોમનાથ તીર્થમાં બ્રહ્માજીની ભવ્ય રથયાત્રા યોજાઇ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

પ્રથમ જ્યોતિર્લિંગશ્રી સોમનાથ મહાદેવ ની પાવન સાનિધ્ય ભૂમિ પ્રભાસ તીર્થ ખાતે કાર્તિકી પૂર્ણિમાના પવિત્ર અવસરે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા બ્રહ્માજીની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્કંદ પુરાણમાં કાર્તિકી પૂર્ણિમાના પાવન દિવસે બ્રહ્માજીની રથયાત્રાનું વિશેષ વર્ણન પ્રાપ્ત થાય છે. આ રથયાત્રામાં સહભાગી થવાથી અશ્વમેઘ યજ્ઞ સમાન પુણ્ય પ્રાપ્ત થાય છે તેવી ધાર્મિક માન્યતા છે. આ પૌરાણિક પરંપરાને જીવંત રાખવાના ઉદ્દેશ્યથી શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિધિવત્ પૂજન-અર્ચન અને ધાર્મિક વિધિઓ સાથે રથયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. રથયાત્રામાં પ્રભાસ પાટણના તમામ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા



હતા. સાથે જ સોમનાથ તીર્થના દર્શને આવેલા દેશ-વિદેશના શ્રદ્ધાળુઓએ પણ આ પવિત્ર યાત્રામાં સહભાગી બની સનાતન સંસ્કૃતિ અને પરંપરાના વિજયરથને આગળ ધપાવ્યો હતો. ભક્તિ, શ્રદ્ધા અને સનાતન સંસ્કૃતિના રંગે રંગાયેલી આ રથયાત્રાએ સમગ્ર તીર્થક્ષેત્રમાં ધાર્મિક ઉત્સાહ અને આધ્યાત્મિક ચેતનાનો સંચાર કર્યો હતો.

RBI લાવી રહ્યું છે 'Stop Switch'! : ગ્રાહકો પોતાની રીતે નક્કી કરી શકશે ડિજિટલ પેમેન્ટની મર્યાદા

1 જ ક્લિકમાં બંધ થઈ જશે તમારા બેંક ખાતાના તમામ પેમેન્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા.24

ઓનલાઈન અને ડિજિટલ છેતરપિંડીના વધતા જતા બનાવો વચ્ચે ભારતીય રિઝર્વ બેંક (RBI) ગ્રાહકોને મોટી સુરક્ષા આપવાની તૈયારી કરી રહી છે. જો કોઈ ગ્રાહકને પોતાના ખાતામાંથી છેતરપિંડી થવાની આશંકા થાય, તો તે માત્ર એક બટન દબાવીને તમામ નવા ડિજિટલ ડેબિટ ટ્રાન્ઝેક્શન બંધ કરી શકશે. RBIએ આ માટે 'સ્ટોપ સ્વીચ' (Stop Switch) સુવિધાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ ઉપરાંત, મોટી રકમ ટ્રાન્સફર કરવા માટે ગ્રાહકો કોઈ ભરોસાપાત્ર વ્યક્તિની મંજૂરી પણ લઈ શકશે.RBIના પ્રસ્તાવ મુજબ, બેંકોએ પોતાના ગ્રાહકો માટે 'સ્ટોપ સ્વીચ'ની સુવિધા આપવી પડશે. તેની મદદથી ગ્રાહકો પોતાના ખાતામાંથી થતા તમામ નવા આઉટગોઈંગ ડિજિટલ પેમેન્ટ તરત જ અટકાવી શકશે. એટલે કે, જો કોઈને લાગે કે તેના બેંક ખાતા કે ડિજિટલ પેમેન્ટની માહિતી ખોટા હાથમાં પહોંચી ગઈ છે, તો અલગ-અલગ સેવાઓ બંધ કરાવવા બેંકના ધક્કા ખાવા પડશે નહીં.સ્ટોપ સ્વીચ ચાલુ થાય ત્યારે ગ્રાહક કોઈ નવું ડેબિટ ટ્રાન્ઝેક્શન કરી શકશે નહીં. નવા પેમેન્ટ મેન્ડેટ, સ્ટેન્ડિંગ ઈન્સ્ટ્રક્શન અને નવી થર્ડ-પાર્ટી એપ પર UPI રજીસ્ટ્રેશન પણ થઈ શકશે નહીં. જોકે, આનાથી ખાતામાં પૈસા આવવા પર કોઈ રોક લાગશે નહીં. અગાઉથી ચાલુ રહેલા ઓટો પેમેન્ટ, EMI, બેંક ચાર્જ અને અન્ય નિયત બેંક કપાત પણ આ સુવિધા હેઠળ આવશે નહીં. આ સુવિધા ફરીથી ચાલુ કરવા માટે બેંક ગ્રાહકની ઓળખની ચકાસણી કરશે અને ત્યારબાદ થોડા સમયનો કૂલિંગ પીરિયડ પણ રાખી શકાય છે.RBIએ ગ્રાહકોને ડિજિટલ પેમેન્ટ પર વધુ નિયંત્રણ આપવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. આ હેઠળ ગ્રાહકો એક ટ્રાન્ઝેક્શન, કોઈ ચોક્કસ વ્યક્તિને પેમેન્ટ અને આખા દિવસના કુલ ટ્રાન્ઝેક્શનની મર્યાદા (લિમિટ) જાતે નક્કી કરી શકશે. ગ્રાહકો ઈચ્છે તો તમામ ડિજિટલ પેમેન્ટ ચેનલ માટે એક કુલ દૈનિક મર્યાદા પણ રાખી શકશે. આ ઉપરાંત, અમુક પેમેન્ટ ચેનલને નિશ્ચિત સમય માટે બંધ રાખવાનો વિકલ્પ પણ મળશે.



ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ અને પ્રીપેડ કાર્ડ પર પણ આ સુવિધાઓ ઉપલબ્ધ થશે. ગ્રાહકો ATM, POS મશીન, ઓનલાઈન અને કોન્ટેક્ટલેસ પેમેન્ટની મર્યાદા નક્કી કરી શકશે તેમજ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ટ્રાન્ઝેક્શનને અલગ-અલગ ચાલુ કે બંધ કરી શકશે. બીજી તરફ, નવા ગ્રાહકો માટે ડિજિટલ પેમેન્ટ ચેનલ ડિફોલ્ટ રૂપે બંધ રાખવાનો પ્રસ્તાવ છે. ગ્રાહકની સ્પષ્ટ મંજૂરી અને જરૂરી ખરાઈ બાદ જ તેને ચાલુ કરવામાં આવશે.RBI એ 'ટ્રસ્ટેડ પર્સન મિકેનિઝમ' (TPM)નો પણ પ્રસ્તાવ મૂક્યો છે. આ હેઠળ ગ્રાહકો 18 વર્ષ કે તેથી વધુ ઉંમરની કોઈ વ્યક્તિને પોતાના ભરોસાપાત્ર વ્યક્તિ તરીકે પસંદ કરી શકશે. કેટલી રકમથી વધુના ટ્રાન્ઝેક્શન પર આ વ્યક્તિની મંજૂરી જરૂરી રહેશે, તે ગ્રાહક જાતે નક્કી કરશે. આવી રકમ ટ્રાન્સફર કરવામાં આવે ત્યારે ભરોસાપાત્ર વ્યક્તિને સંદેશ મળશે, જેમાં રકમ, લાભાર્થીની વિગતો અને પેમેન્ટની અન્ય માહિતી હશે. તે વ્યક્તિને મંજૂરી આપવા માટે એક કલાકનો સમય મળશે. જો તે ટ્રાન્ઝેક્શન ના પાડે અથવા નક્કી સમયમાં જવાબ ન આપે, તો પેમેન્ટ રદ થઈ જશે.આ સુવિધા સંપૂર્ણપણે વૈકલ્પિક (ઓપ્શનલ) રહેશે અને તેના માટે ગ્રાહક તથા ભરોસાપાત્ર વ્યક્તિ બંનેની મંજૂરી જરૂરી હશે. તેને ચાલુ કરતા પહેલા 24 કલાકનો કૂલિંગ પીરિયડ પણ રાખવામાં આવશે. જોકે, તે ભરોસાપાત્ર વ્યક્તિને ગ્રાહકના બેંક બેલેન્સ, FD, રોકાણ કે વીમાની માહિતી મળશે નહીં. તે જાતે કોઈ પેમેન્ટ પણ કરી શકશે નહીં અને મંજૂરી આપવા કે ના પાડવા પર ટ્રાન્ઝેક્શનની જવાબદારી પણ તેની રહેશે નહીં. UPI ટ્રાન્ઝેક્શન, મર્ચન્ટ પેમેન્ટ અને અગાઉથી નક્કી ઓટો પેમેન્ટ આ સુવિધામાંથી બહાર રહેશે.

RBIએ આ પ્રસ્તાવો પર સામાન્ય લોકો અને અન્ય સંબંધિત પક્ષો પાસેથી 14 ડિસેમ્બર 2026 સુધી સૂચનો મંગાવ્યા છે. અંતિમ મંજૂરી મળ્યા બાદ આ નિયમો 1 જુલાઈ 2027થી લાગુ થઈ શકે છે અને બેંકો ઈચ્છે તો તેને આના પહેલા પણ લાગુ કરી શકે છે. આ ઉપરાંત, RBIએ બેંકની બેદરકારીની વ્યાખ્યાનો વ્યાપ વધારવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. જેમાં જરૂરી મલ્ટી-ફેક્ટર ઓથેન્ટિકેશન ન કરવું, ટ્રાન્ઝેક્શન એલર્ટ ન મોકલવું, 24 કલાક ફ્રોડની ફરિયાદની સુવિધા ન આપવી અને ફરિયાદ મળ્યા બાદ તરત કાર્યવાહી ન કરવી જેવી બાબતોનો સમાવેશ થશે.

બેંકની સિસ્ટમમાં ખામી, સુરક્ષામાં ભંગ અથવા બેંક કર્મચારીઓ અને બેંક દ્વારા નિયુક્ત થર્ડ પાર્ટીની મિલીભગતથી થતા ફ્રોડ પણ આ દાયરામાં આવશે. આ સૂચિત ફેરફારો 1 જાન્યુઆરી 2027થી લાગુ કરવાની યોજના છે. આ ડ્રાફ્ટ નિયમો કોમર્શિયલ બેંકોની સાથે સ્મોલ ફાઈનાન્સ બેંક, પેમેન્ટ્સ બેંક, રિજનલ રૂરલ બેંક, લોકલ એરિયા બેંક અને કો-ઓપરેટિવ બેંકો પર પણ લાગુ પડશે.

ડિજિટલ ફ્રોડ રોકવા RBIનું મોટું પગલું! હવે એક ક્લિકમાં બેંક ખાતું કરી શકાશે લોક, કેવી રીતે..

(એજન્સી) નવી દિલ્હી | તા.24

ડિજિટલ બેંકિંગના સમયમાં વધતી જતી સાયબર છેતરપિંડી અને ઓનલાઈન ફ્રોડને રોકવા માટે ભારતીય રિઝર્વ બેંક (RBI) એ એક મહત્વપૂર્ણ પહેલ કરી છે. ગ્રાહકોના બેંક ખાતાઓને સુરક્ષિત રાખવા માટે RBI એ 'સ્ટોપ સ્વિચ' અને 'વિશ્વસનીય વ્યક્તિ મિકેનિઝમ' જેવી નવી સુરક્ષા વ્યવસ્થાઓનો પ્રસ્તાવ મૂક્યો છે. ઘણીવાર સાયબર ગુનેગારો ગ્રાહકોને ખબર પડે તે પહેલાં જ ખાતામાંથી રકમ ઉપાડી લેતા હોય છે, ત્યારે આ નવી સુવિધાઓ ડિજિટલ વ્યવહારોને વધુ સુરક્ષિત બનાવવામાં મદદરૂપ સાબિત થશે. 'સ્ટોપ સ્વિચ' એ બેંક ખાતા માટે એક પ્રકારની ઇમર્જન્સી સુવિધા તરીકે કામ કરશે. જો કોઈ ગ્રાહકને એવી શંકા થાય કે તેમનું ખાતું હેક થયું છે અથવા તેઓ છેતરપિંડીનો ભોગ બન્યા છે, તો તેઓ એક જ ક્લિકથી ખાતામાંથી થતા તમામ આઉટગોઈંગ ડેબિટ તાત્કાલિક અટકાવી શકશે. સ્ટોપ સ્વિચ ચાલુ કર્યા બાદ ખાતામાંથી કોઈ નવો ડિજિટલ વ્યવહાર થઈ શકશે નહીં, નવો પેમેન્ટ મેન્ડેટ કે સ્ટેન્ડિંગ ઇન્સ્ટ્રક્શન બની શકશે નહીં અને નવી થર્ડ-પાર્ટી UPI એપ પર પણ રજિસ્ટ્રેશન થઈ શકશે નહીં. ગ્રાહકો મોબાઇલ એપ, ઇન્ટરનેટ બેંકિંગ, ATM, બેંક શાખા અથવા કસ્ટમર કેર દ્વારા તેને ચાલુ કે બંધ કરી શકશે. હેકર્સ સરળતાથી તેનો દુરુપયોગ ન કરી શકે તે માટે તેને બંધ કરવાના નિયમો કડક રાખવામાં આવ્યા છે, જેમાં બહુવિધ ચકાસણી અને કૂલિંગ-ઓફ પીરિયડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, RBI એ 'વિશ્વસનીય વ્યક્તિ મિકેનિઝમ' પણ પ્રસ્તાવિત કર્યું છે. આ વ્યવસ્થા હેઠળ ગ્રાહક 18 વર્ષથી વધુ ઉંમરના પરિવારના સભ્ય અથવા વિશ્વસનીય વ્યક્તિને પોતાના ખાતા માટે નિયુક્ત કરી શકશે. ગ્રાહક દ્વારા નક્કી કરાયેલી મર્યાદા કરતાં વધુ રકમ RTGS કે NEFT દ્વારા ટ્રાન્સફર કરવામાં આવે, તો બેંક પહેલા નિયુક્ત વિશ્વસનીય વ્યક્તિને એલર્ટ મોકલશે અને તેમની મંજૂરી મળ્યા બાદ એક કલાકમાં ટ્રાન્સફર પ્રક્રિયા આગળ વધશે. ખાસ કરીને ડિજિટલ બેંકિંગથી ઓછા પરિચિત સભ્યો માટે આ સુવિધા વધુ રક્ષણ પૂરું પાડશે, કારણ કે કોઈ દબાણ કે છેતરપિંડી હેઠળ મોટી રકમ ટ્રાન્સફર થતી અટકાવી શકાશે.

Foodlink F&B Holdings નો રૂ. 361 કરોડનો IPO 26 નવેમ્બરે ખુલશે

(એજન્સી) મુંબઈ | તા.24

લક્ઝરી ફૂડ સર્વિસીસ કંપની, Foodlink F&B Holdings (India) Ltd, તેના પ્રથમ પબ્લિક ઓફરિંગ (IPO) દ્વારા રૂ. 361 કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. આ IPO સબસ્ક્રિપ્શન માટે 26 નવેમ્બરે ખુલશે અને તેમાં શેર દીઠ રૂ. 181-191 ની પ્રાઇસ બેન્ડ રાખવામાં આવી છે. સોમવારે જાહેર કરાયેલી વિગતો અનુસાર, આ IPO 30 નવેમ્બરે બંધ થશે, જ્યારે એન્કર રોકાણકારો માટે બિડિંગ પ્રક્રિયા 25 નવેમ્બરે હાથ ધરવામાં આવશે.આ પબ્લિક ઇશ્યૂમાં રૂ. 192 કરોડ સુધીના નવા ઇક્વિટી શેર (ફ્રેશ ઇશ્યૂ) અને હાલના શેરધારકો દ્વારા રૂ. 168.76 કરોડ મૂલ્યના 88,35,382 ઇક્વિટી શેરનું 'ઓફર ફોર સેલ' (OFS) સામેલ છે.પ્રાઇસ બેન્ડની ઉપલી મર્યાદા મુજબ, ઇશ્યૂનું કુલ કદ રૂ. 360.76 કરોડ થાય છે.'રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ' (RHP) મુજબ, કંપની નવા ઇશ્યૂમાંથી મળનારી રકમનો ઉપયોગ એક નવું સેન્ટ્રલાઇઝ્ડ કિચન અને બે નવા બેન્ડ્વેટ (કાર્યક્રમ સ્થળ) સ્થાપવા માટે કરશે.આ ઉપરાંત, ભંડોળનો કેટલોક હિસ્સો તેની મુખ્ય પેટાકંપની, Foodlink Global Restaurants & Catering Services LLC માં રોકવામાં આવશે, જેનો ઉપયોગ ચાર નવી 'કેઝ્યુઅલ ડાઇનિંગ' રેસ્ટોરન્ટ્સ શરૂ કરવા માટે થશે.આ ભંડોળનો ઉપયોગ બાકી રહેલા દેવાની ચુકવણી (અથવા અગાઉથી ચુકવણી) કરવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે પણ કરવામાં આવશે. Foodlink F&B Holdings (India) એક લક્ઝરી ફૂડ સર્વિસીસ કંપની છે, જે ખાસ તૈયાર કરેલા ભોજનના અનુભવો (culinary experiences) પૂરા પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેના બિઝનેસ મોડેલમાં ઇવેન્ટ કેટરિંગ, કેઝ્યુઅલ ડાઇનિંગ રેસ્ટોરન્ટ્સ, ક્લાઉડ કિચન્સ, બેન્ડ્વેટ્સ અને સંકલિત ફૂડ એન્ડ બેવરેજ સેવાઓનો સમાવેશ થાય છે.કંપની ભારત અને સંયુક્ત આરબ અમીરાત (UAE) માં 'India Bistro', 'Art of Dum', 'China Bistro' અને 'Glocal' જેવી બ્રાન્ડ્સ હેઠળ અનેક કેઝ્યુઅલ ડાઇનિંગ રેસ્ટોરન્ટ્સ અને ક્લાઉડ કિચન્સનું સંચાલન કરે છે.તેના ઇવેન્ટ કેટરિંગ વ્યવસાયમાં, કંપનીના ગ્રાહકોમાં 'Hardcastle Restaurants' (જે પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં McDonald's ની માસ્ટર ફ્રેન્ચાઇઝી છે), 'Zee Entertainment' અને 'Greenply' જેવી કંપનીઓનો સમાવેશ થાય છે. ફૂડલિંક (Foodlink) ૩ ડિસેમ્બરે શેરબજારમાં પ્રવેશ કરે તેવી અપેક્ષા છે.



પ્રાથમિક સર્વેમાં નવેમ્બરની સેવા તથા ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં સાધારણ વધારો

(એજન્સી) મુંબઈ | તા.24

ચાલી રહેલા નવેમ્બરમાં દેશમાં પ્રાથમિક સર્વે પ્રમાણે ખાનગી ક્ષેત્રની વેપાર પ્રવૃત્તિમાં સાધારણ વધારો જોવા મળ્યો છે. ઉત્પાદન ક્ષેત્રની સારી કામગીરીને પરિણામે સેવા ક્ષેત્રમાં ધીમી ગતિની અસર ભરપાઈ થઈ શકી હતી એમ એચએસબીસી ફ્લેશ ઈન્ડિયા પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેક્સ (પીએમઆઈ) રિપોર્ટમાં જણાવાયુ હતું. ઉત્પાદન તથા સેવા ક્ષેત્રનો સંયુકત પ્રાથમિક પીએમઆઈ નવેમ્બરમાં વધી ૫૬.૩૦ જોવા મળ્યો છે. ઓકટોબરમાં સંયુકત પીએમઆઈ૫૬.૨૦ રહ્યો હતો. ૫૦થી ઉપરના ઈન્ડેકસને જે તે ક્ષેત્રનું વિસ્તરણ થયાનું ગણાય છે. વર્તમાન મહિનામાં ઉત્પાદન ક્ષેત્રનો પ્રારંભિક પીએમઆઈ ૫૬.૦૦ સાથે નવ મહિનાની ટોચે રહ્યો હતો જે ઓકટોબરમાં ૫૪.૭૦ જોવા મળ્યો હતો. બીજી બાજુ સેવા ક્ષેત્રની પ્રવૃત્તિ ધીમી પડી છે. સેવા ક્ષેત્રનો પીએમઆઈ જે ઓકટોબરમાં ૫૫.૮૦ હતો તે નવેમ્બરમાં પ્રારંભિક અંદાજમાં ઘટી ૫૫.૩૦ રહ્યો છે. ઘરઆંગણે નવા ઓર્ડરના ટેકા સાથે ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં વધારો જોવા મળ્યો છે. જ્યારે સેવા ક્ષેત્રમાં વિદેશમાંથી સારા ઓર્ડર મળ્યા છે, પરંતુ ઘરઆંગણે તેમાં નબળાઈ જોવા મળી છે.નવા વેપારમાં જૂન બાદ સૌથી ઝડપી વધારો જોવા મળ્યો છે. બજારની સાનુકૂળ સ્થિતિને કારણે આ વૃદ્ધિ જોવા મળી છે. ફાર્મા, કેમિકલ્સ, ઈલેકટ્રોનિકસ, મેટલ્સ સહિતના ક્ષેત્રોમાં સારી માગ નીકળી છે. નિકાસ ઓર્ડરમાં પણ વધારો જોવા મળ્યો હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.વેપારની સ્થિતિને ધ્યાનમાં રાખી ઉત્પાદન ક્ષેત્રની કંપનીઓએ કર્મચારીઓની ભરતીમાં વધારો કર્યો છે જ્યારે સેવા ક્ષેત્રની કંપનીઓએ કર્મચારીબળમાં ઘટાડયો છે. એક વર્ષમાં પહેલી જ વખત ઘટાડો જોવા મળ્યો છે.કાચા માલના ખર્ચ મોરચે ઉત્પાદન તથા સેવા ક્ષેત્રને રાહત રહી છે, પરંતુ કામકાજ પાછળનો ખર્ચ સાધારણ વધ્યો છે. નવેમ્બરમાં બિઝનેસ કોન્ફિડેન્સ વધ્યો છે અને આગામી બાર મહિના માટેનો આશાવાદ મે બાદ સૌથી ઊંચો રહ્યો છે.

SBI માં બમ્પર નોકરીની ભરતી! મળશે 1.6 કરોડ રૂપિયાનું વાર્ષિક પેકેજ, આ રીતે કરો એપ્લાય..

(એજન્સી) મુંબઈ | તા.24

દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) એ ટેકનોલોજી અને કૃત્રિમ બુદ્ધિ (AI) ક્ષેત્રના નિષ્ણાતો માટે નોકરીની શાનદાર તક જાહેર કરી છે. બેંકે 'ચીફ AI ઓફિસર'ના વરિષ્ઠ પદ માટે ભરતીની જાહેરાત કરી છે, જેના માટે વાર્ષિક મહત્તમ 1.6 કરોડ સુધીનું પેકેજ નક્કી કરવામાં આવ્યું છે. જોકે, આ આકર્ષક પગારની જાહેરાત બાદ સોશિયલ મીડિયા પર એક નવી ચર્ચા શરૂ થઈ છે.SBI ની જાહેરાત મુજબ, ચીફ AI ઓફિસરને મહત્તમ 1.6 કરોડનો CTC ઓફર થઈ શકે છે, જેમાં 90% એટલે કે 1.44 કરોડ ફિક્સ પગાર અને 10% એટલે કે 16 લાખ કામગીરી આધારિત વેરિએબલ પગાર સામેલ છે. બેંકે સ્પષ્ટ કર્યું છે કે આ મહત્તમ મર્યાદા છે અને ઉમેદવારના અનુભવ, હાલના પગાર તથા સ્થાનના આધારે અંતિમ પગાર નક્કી થશે. આ પગાર માળખા અંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર યુઝર્સે મિશ્ર પ્રતિક્રિયા આપી છે. ઘણા લોકોનું માનવું છે કે ગૂગલ અને ઉબેર જેવી કંપનીઓના સિનિયર એન્જિનિયરો (SDE-3) કે સ્ટાર્ટઅપ્સના ડેવલપર્સ પણ આટલું કમાય છે, ત્યારે આટલી મોટી બેંકની AI નીતિ સંભાળનાર અધિકારી માટે આ પેકેજ વર્તમાન ટેક માર્કેટ મુજબ ઓછું છે. જવાબદારીઓની વાત કરીએ તો, ચીફ AI ઓફિસર બેંકની AI નીતિ ઘડવા અને તેના અમલીકરણ માટે જવાબદાર રહેશે. તેઓ મશીન લર્નિંગ, નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ અને એજન્ટિક AI જેવી આધુનિક ટેકનોલોજી દ્વારા બેંકિંગ સેવાઓ સુધારવા અને જોખમનું મૂલ્યાંકન કરવા પર કામ કરશે. આ ઉપરાંત, SBI ત્રણ ડેપ્યુટી જનરલ મેનેજર (DGM) અને બે AI આર્કિટેક્ટની પણ નિમણૂક કરશે. DGM માટે મહત્તમ વાર્ષિક પેકેજ 1.2 કરોડ અને AI આર્કિટેક્ટ્સ માટે 90 લાખ સુધીનું પેકેજ રાખવામાં આવ્યું છે. ચીફ AI ઓફિસર માટે 30 સપ્ટેમ્બર, 2026 સુધીમાં ઉમેદવારની ઉંમર 40 થી 55 વર્ષની વચ્ચે હોવી જોઈએ અને બેંકિંગ, નાણાકીય સેવાઓ અથવા IT ક્ષેત્રમાં ઓછામાં ઓછો 15 વર્ષનો અનુભવ ફરજિયાત છે. તમામ છ જગ્યાઓ માટે શરૂઆતમાં ત્રણ વર્ષનો કરાર રહેશે, જે વધુ બે વર્ષ લંબાવી શકાય છે.

ઓડી ઈન્ડિયાએ કિંમતોમાં 2% સુધીના ફેરફારની જાહેરાત કરી

મુંબઈ : જર્મન લક્ઝરી કાર ઉત્પાદક ઓડીએ આજે કિંમતોમાં 2% સુધીના ફેરફારની જાહેરાત કરી છે. કિંમતોમાં થયેલો આ ફેરફાર 1 જાન્યુઆરી, 2027થી અમલી બનશે.ઓડી ઈન્ડિયાના બ્રાન્ડ ડિરેક્ટર, શ્રી બલબીર સિંહ ધિલ્લોને જણાવ્યું, "ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને, અમે કિંમતોમાં 2% સુધીનો ફેરફાર લાગુ કરીશું. આ ફેરફાર અમારા બિઝનેસ નીલાંબા ગાળાની ટકાઉક્ષમતા જાળવી રાખવા માટે આવશ્યક છે. અમે આ ફેરફારને શક્ય તેટલો સંતુલિત રાખ્યો છે અને અમારું ધ્યાન ગ્રાહકોને એવો અનુભવ પૂરો પાડવા પર કેન્દ્રિત છે, જે બ્રાન્ડમાં તેમના વિશ્વાસને વધુ દ્રઢ બનાવે."



આ નિયંત્રણો ટૂંકા ગાળાના પગલાં હોવાની શક્યતા

ચોખાની નિકાસ પર નિયંત્રણો મૂકવા માટે સરકારની વિચારણા



(એજન્સી) અમદાવાદ | તા.24

સ્થાનિક પુરવઠો સુધારવા અને સ્થાનિક ભાવમાં થઈ રહેલા તીવ્ર વધારાને રોકવા માટે સરકાર નોન-બાસમતી ચોખા પર ૩૦% નિકાસ જકાત (એક્સપોર્ટ ડયુટી) લાદવાના પ્રસ્તાવ પર વિચાર કરી રહી છે. અલ નીનોની અસરને કારણે ખરીફ પાકનું ઉત્પાદન ઓછું થવાની સંભાવના વચ્ચે સ્થાનિક છૂટક ભાવમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી, આવા અનાજ માટે લઘુત્તમ નિકાસ કિંમત લાદવા અંગે પણ ચર્ચા ચાલી રહી છે.

આ નિયંત્રણો ટૂંકા ગાળાના પગલાં હોવાની શક્યતા છે, જે ઓગસ્ટ, ૨૦૨૩માં લાદવામાં આવેલા શિપમેન્ટ પરના પ્રતિબંધ અને લઘુત્તમ નિકાસ કિંમતથી અલગ હશે, જે ૧૪ મહિના સુધી ચાલુ રહ્યા હતા.

નવેમ્બરની શરૂઆતમાં, જ્યારે આંતર-મંત્રાલય પેનલ સમક્ષ નિકાસ પર નિયંત્રણો મૂકવાની યોજના રજૂ કરવામાં આવી હતી, ત્યારે વ્યાપારી સૂત્રોના જણાવ્યા અનુસાર સફેદ ચોખા (આંશિક તૂટેલા) નો ભારતીય (ફ્રી ઓન બોર્ડ) ભાવ પ્રતિ ટન ૩૮૪-૩૮૯ ડોલર હતો, જેની સામે તેના હરીફ દેશો પાકિસ્તાન (૪૧૫ ડોલર /ટન), થાઈલેન્ડ (૪૯૫ ડોલર/ટન) અને વિયેતનામ (૪૮૦ ડોલર/ટન) ના ભાવ હતા.પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે પુરવઠામાં વિક્ષેપ અને અલ નીનોને કારણે સ્થાનિક ઉત્પાદનમાં ઘટાડાની સંભાવના હોવા છતાં, ભારતની સૌથી મોટી કૃષિ-પેદાશની નિકાસ એવી ચોખાની નિકાસ એપ્રિલ-ઓક્ટોબર (૨૦૨૬-૨૭) દરમિયાન વાર્ષિક ધોરણે ૪.૬% વૃધ્ધીને ૬.૮૧ બિલિયન ડોલર થઈ છે.ઓક્ટોબર, ૨૦૨૬માં વિશ્વના સૌથી મોટા ચોખા નિકાસકાર ભારતે ૧.૦૨ બિલિયન ડોલરના મૂલ્યના અનાજની નિકાસ કરી હતી, જે ગયા વર્ષના સમાન મહિનાની તુલનામાં ૧૮% થી વધુનો વધારો દર્શાવે છે. ઓલ ઈન્ડિયા રાઈસ એક્સપોર્ટર્સ એસોસિએશને જણાવ્યું હતું કે, નોન-બાસમતી ચોખાની નિકાસ પરના નિયંત્રણો અથવા વધારાની જકાત સંબંધિત કોઈપણ નિર્ણય ભારતીય નિકાસકારોના હિતો, આંતરરાષ્ટ્રીય વેપાર પ્રતિબદ્ધતાઓ અને વિદેશી ખરીદદારોના વિશ્વાસ વચ્ચે કાળજીપૂર્વક સંતુલન જાળવીને લેવો જોઈએ.જો નોન-બાસમતી ચોખાની નિકાસ પર નિયંત્રણો લાદવામાં આવે, તો જે નિકાસ ઓર્ડર સામે એપેડા સંબંધિત મંજૂરીઓ અથવા નોંધણીઓ પહેલેથી જ જારી કરવામાં આવી છે, લેટર્સ ઓફ ક્રેડિટ ખોલવામાં આવ્યા છે અથવા આંશિક શિપમેન્ટ થઈ ચૂક્યા છે, તે તમામ ઓર્ડરને નવી લાદવામાં આવેલી નિકાસ જકાત અથવા નિકાસ પ્રતિબંધમાંથી ખાસ મુક્તિ આપવી જોઈએ. ચોખાની નિકાસ પર નિયંત્રણ મૂકવાનો સરકારનો આ પ્રસ્તાવ ખાદ્ય મંત્રાલયે આ મહિનાની શરૂઆતમાં દક્ષિણના રાજ્યોના તમામ વેપારીઓ, જથ્થાબંધ વિક્રેતાઓ, છૂટક વિક્રેતાઓ, મોટી રિટેલ ચેઈન્સ અને પ્રોસેસર્સ તથા મિલરોને પોર્ટલ પર ચોખાની વિવિધ જાતો - બાસમતી, નોન-બાસમતી પ્રીમિયમ, પાર-બોઈલ્ડ (ઉકળેલા), તૂટેલા ચોખા અને ડાંગરના સ્ટોકની સ્થિતિ જાહેર કરવા નિર્દેશ આપ્યા બાદ આવ્યો છે.

શેરબજારમાં ભારે અફરા-તફરી વચ્ચે અમદાવાદ માં ટાટા આર્બિટ્રેજ ફંડની માસિક ધોરણે સરેરાશ AUM 7 ટકા વધી

અમદાવાદ | નવેમ્બર,2026ના પ્રારંભિક સમય ગાળામાં ભારતીય શેરબજારમાં કમાણીના મજબૂતીને લીધે શાનદાર રિકવરી જોવા મળી રહી છે ત્યારે બજારમાં હજું પણ ભારે વોલેટાલિટીની સ્થિતિ યથાવત છે. નવેમ્બર 2026ના પ્રારંભિક સમયમાં જ્યારે નિફ્ટી-50માં 10 ટકાથી વધારે તેજી જોવા મળી છે અને તે 25,500 લેવલને પાર કરી ગઈ છે. વર્તમાન નાણાકીય વર્ષ 2027ના બીજા ત્રિમાસિક ગાળાના મજબૂત પરિણામોનું મજબૂત સમર્થન મળ્યું છે ત્યારે વિશેષ કરીને બેન્કિંગ, ફાયનાન્શિયલ સર્વિસિસ, ઓટોમોબાઈલ અને કેટલાક પસંદગીના કન્ઝ્યુમર શેરોમાં વ્યાપક પ્રમાણમાં ખરીદીનો ટેકો મળ્યો છે.નિફ્ટી 50 કંપનીઓએ નાણાકીય વર્ષ 2027ના બીજા ત્રિમાસિક ગાળામાં કમાણીમાં આશરે 24 ટકા વૃદ્ધિ નોંધાઈ છે,જે વીતેલા 12 ત્રિમાસિક ગાળામાં સૌથી વધારે છે, અલબત તેમ છતાં બજારમાં ભારે અફરા-તફરીભરી સ્થિતિ પ્રવર્તિ રહી છે. પરિણામો બાદ કેટલા પસંદગીના શેરોમાં વધઘટ જોવા મળી રહી છે. આ મહિનાના પ્રારંભમાં AI સાથે સંકળાયેલ સેક્ટરમાં વૈશ્વિક સ્તર પર ભારે વેચવાલી અને ક્રુડ ઓઈલની કિંમતોમાં અફરા-તફરીને લીધે નજીકના સમય ગાળાને લઈ અનિશ્ચિતતા યથાવત છે. ઓક્ટોબર મહિનામાં 13.9 પર રહેલ VIX નવેમ્બર મહિનામાં વધીને 16ને પાર થઈ ગયો હતો, જે એવા સંકેત આપે છે કે બજાર આગામી એક મહિના અથવા તેની આસપાસના સમયગાળામાં ભારે વધઘટ નોંધાવી શકે છે. નિફ્ટીમાં આવેલી તેજી વચ્ચે આ સ્થિતિ જોવા મળી રહી છે. મજબૂત કમાણી, તીવ્ર સુધારો પણ અસમાન તેજી, ઊંચા પ્રમાણમાં વધઘટ આ તાલમેલ વર્તમાન માહોલને આર્બિટ્રેજ સ્ટ્રેટેજી માટે બિલકુલ ઉપયુક્ત બનાવે છે. ઓક્ટોબર 2026ની AMFIની આંકડાકીય માહિતી પ્રમાણે ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં જે રોકાણ પ્રવાહ આવી રહ્યો છે તે સપ્ટેમ્બરના રૂપિયા 38,306.55 કરોડથી ઘટીને રૂપિયા 32,993.64 કરોડ થઈ ગયો છે. એવી જ રીતે હાઈબ્રિડ ફંડોમાં ચોખ્ખુ રોકાણ પરત ફર્યું છે અને તે રૂપિયા 3,514 કરોડનો ઈન્ફ્લો રહ્યો છે, જે સપ્ટેમ્બરમાં રૂપિયા 456.68 કરોડનો આઉટફ્લો એટલે કે વેચવાલી થઈ હતી. આ મોટું પરિવર્તન વિશેષ કરીને આર્બિટ્રેજ ફંડોને આભારી છે. ઓક્ટોબર મહિનામાં તેમાં રૂપિયા 3,928.89 કરોડનો નેટ ઈનફ્લો નોંધાયો હતો, જ્યારે સપ્ટેમ્બર મહિનામાં તેમાં રૂપિયા 3,956.38 કરોડની ચોખ્ખી વેચવાલી એટલે કે નેટ આઉટફ્લો થયો હતો. હાઈબ્રિડ કેટેગરીમાં આર્બિટ્રેજ ફંડની રિકવરી સૌથી અગ્રેસર રહી છે, જ્યારે મલ્ટી-એસેટ એલોકેશન ફંડોમાં રૂપિયા 1,515 કરોડનો ઈન્ફ્લો નોંધાયો છે. આ કારણ સ્પ્રેડ છે એટલે કે ફ્યુચર્સ અને સ્પોટ પ્રાઈઝ વચ્ચે અંતર. Q2 બાદ જેમ-જેમ વોલેટાલિટી વધી આ અંતર વધવા લાગ્યું. આર્બિટ્રેઝ ફંડ કે જે પ્રીમિયમને લોક કરવા માટે કેશમાં ખરીદી કરે છે અને ફ્યુચર્સમાં વેચે છે તેમના માટે સ્પ્રેડનું વધવું તે સીધી રીતે carryમાં સુધારો કરે છે. સંસ્થાગત રોકાણકારોની મજબૂત સ્થિતિને લીધે ત્રિમાસિક ગાળાના અંત ભાગમાં અને માસિક રોલ સ્પ્રેડ 6.6 ટકાથી 6.8 ટકા વર્ષિક રેન્જમાં સ્થિર બનેલ છે. આ ઉપરાંત વ્યાજ દરોની સ્થિતિ પણ આ અસરને વેગ આપે છે. રેપો રેટ 5.25 ટકા પર છે અને શોર્ટ-ટર્મ ડેટ યીલ્ડ પણ સારી સ્થિતિમાં છે, જેથી કોસ્ટ ઓફ કેરી એટલે કે પડતર ઉંચા લેવલ પર છે. આ સંજોગોમાં ફ્યુચર્સ પ્રીમિયમ ફક્ત વધઘટને લીધે નથી પણ વ્યાજ દરોને ટેકો પણ આપી રહેલ છે. આ ટ

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, કારતક વદ - 01

સીમાંકન બીલ માટે એનડીએને 45 સાંસદોની અછત

સંસદના શિયાળુ સત્ર પહેલા રાજકીય ગરમાવો તેજ બન્યો છે. 'INDIA' ગઠબંધને દાવો કર્યો છે કે, ભાજપ પાસે જરૂરી સાંસદોનો આંકડો નથી, તેથી તેઓ શિયાળુ સત્ર ટાળી રહ્યા છે. સંજય રાઉતે 150 કરોડ રૂપિયામાં સાંસદોને ખરીદવાનો આરોપ લગાવ્યો છે. આ ઉપરાંત, રાહુલ ગાંધીએ ભાજપ-આરએસએસને 'અસંસ્કારી' ગણાવ્યા છે. ઉત્તર પ્રદેશમાં આઝાદ સમાજ પાર્ટીએ 9 વિધાનસભા પ્રભારીઓની યાદી જાહેર કરી છે, જ્યારે પંજાબમાં 2027ની ચૂંટણી માટે નવું ગઠબંધન આકાર લઈ રહ્યું છે.સંસદના શિયાળુ સત્ર માટે હજી સુધી તારીખની જાહેરાત થઈ નથી. જોકે છેલ્લા કેટલાક દિવસોથી સીમાંકન બીલ સાથે જોડાયેલા બંધારણ સંશોધન બીલ અને મહિલા અનામત બીલને લઈને ચર્ચાઓ થઈ રહી છે. હવે વિરોધપક્ષના ગઠબંધન ઈન્ડિયા તરફથી દાવો કરવામાં આવ્યો છે કે સરકારને ૪૦ થી ૫૦ સાંસદો ઓછા પડી રહ્યા છે. ભાજપ આ કારણે વિવિધ પક્ષના સાંસદોને તોડવાની કોશિષ કરે છે. શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના નેતા સંજય રાઉતનો દાવો છે કે, સરકાર પાસે જરૂરી આંકડા નહીં હોવાથી એનડીએ શિયાળુ સત્રને ટાળી રહી છે. સાંસદોને ખરીદવા માટે ૧૫૦ કરોડ રૂપિયાની રકમ નક્કી કરવામાં આવી છે. આ કામ માટે મહારાષ્ટ્ર સરકારના એક મંત્રીને સક્રિય કરવામાં આવ્યા છે. સરકાર જીદ અને ઘમંડ પર ઉતરી આવી છે.રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયા પર એક તસવીર શેર કરી છે. મહારાષ્ટ્રની એલીફન્ટ કોતરોમાંની અર્ધનારીશ્વરની મૂર્તિની તસવીર રાહુલે શેર કરી છે જે આશરે ૧૫૦૦ વર્ષ જૂની છે. રાહુલે પોસ્ટમાં લખ્યું છે કે તેઓ ભારતની આધ્યાત્મિક અને ધાર્મિક ભાવનાઓને સમજી રહ્યા છે. ભાજપ અને આરએસએસ અસંસ્કારી, લોભી, જાતીવાદી અને પુરુષ પ્રધાન છે. તેમને આપણી આધ્યાત્મિક અને ધાર્મિક પરંપરાઓની સમજણ નથી. આ પહેલા રાહુલે શિવ-પાર્વતીની તસવીર શેર કરી હતી જેમાં પાર્વતી ભગવાન શિવના ખોળામાં બેઠા હતા. 'જ્યારે વખતે મારી માતા, પિતાની ગોદમાં બેસતા હતા.' જેવા નિવેદન પછી રાહુલ ગાંધી ટ્રોલ થયા હતા અને એમણે શિવ-પાર્વતીની તસવીર શેર કરી હતી.ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી ૨૦૨૭ની તૈયારી શરૂ થઈ ગઈ છે. આઝાદ સમાજ પાર્ટીએ વિધાનસભા પ્રભારીઓની ચોથી યાદી બહાર પાડી છે. ભવિષ્યમાં આ પ્રભારીઓના નામોની જાહેરાત ઉમેદવાર તરીકે થશે. ચોથી યાદીમાં છ વિધાનસભા બેઠકોના પ્રભારીઓના નામ જાહેર કરવામાં આવ્યા છે. આમાંથી ત્રણ ઓબીસી, એક મુસ્લિમ અને બે એસસી જ્ઞાાતિના છે. હાથરસ સદર બેઠક પરથી રમેશ ચંદ્રને પ્રભારી બનાવવામાં આવ્યા છે. આગ્રાની એત્માડપુર બેઠક પર પ્રભારી તરીકે રીંકુ શેઠને નિમવામાં આવ્યા છે. શાહજહાપુરની કટરા બેઠકના પ્રભારી સલીમ ચાંદ ઉર્ફે ચાંદબુબા બન્યા છે. એજ રીતે શાહજહાપુર સદર બેઠક પરથી હરીરામ વર્માને પ્રભારી બનાવવામાં આવ્યા છે. ગોંડાની કર્નલગંજ વિધાનસભા બેઠક પર ઉષા દેવી નિષાદ અને ગોરખપુરની પીપરાઈચ બેઠક પરથી વિજય શાહની પ્રભારી રહેશે. ચંદ્રશેખર આઝાદની પાર્ટીએ ઓવૈસીની પાર્ટી સાથે ગઠબંધન કર્યું છે. ૨૦૨૨ની ચૂંટણીમાં આઝાદ સમાજ પાર્ટીને એક પણ બેઠક મળી નહોતી.પંજાબમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલા નવુ ગઠબંધન બની રહ્યું છે. જેલમાં કેદ સાંસદ અમૃત પાલના પક્ષ અકાલી દળ -વારીસ પંજાબ દે, શીરોમણી અકાલી દળ (પુનરસુરજીત) અને બહુજન સમાજ પાર્ટીનું ગઠબંધન થશે. આ માટે ફરીદ કોર્ટ ખાતે અકાલી દળ (પુનરસુરજીત)ના પ્રમુખ જ્ઞાાની હરપ્રિત સિંહ અને બસપા પ્રદેશ પ્રમુખ અવતાર સિંહ કરીમપુરીની મીટીંગ થઈ હતી. બસપા અને અમૃત પાલના પક્ષો પહેલેથી જ ગઠબંધન માટે રાજી છે. અકાલી દળ પુનરસુરજીત ફરીદ કોર્ટના સિનિયર નેતા અમનીંદર સિંહ બન્નીએ બસપા સાથે મળીને વિધાનસભા ચૂંટણી લડવાની તૈચારી કરવાની વાતને સમર્થન આપ્યું છે. આ ત્રણે પક્ષના ગઠબંધનને કારણે સ્થાનિક વિરોધીઓને ટક્કર આપવામાં સરળતા રહેશે. સાંસદ અમૃત પાલના પક્ષનો મજબૂત આધાર ૨૫ બેઠકોવાળા માઝા વિસ્તારમાં છે. ત્યાં બસપાની કોર વોટબેંક દલીત છે જેનું વર્ચસ્વ ૨૩ બેઠકો પર છે.ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ ઉગતા સુરજને નમન કરે એ રીતે ભાજપમાં જોડાઈ ગયા છે. એમને પક્ષની નવી નેશનલ ઓબીસી મોરચા કાર્યકારણીમાં સ્થાન પણ મળ્યું છે. ચહલને આ કાર્યકારણીમાં ખાસ આમંત્રીત બનાવવામાં આવ્યા છે.

કડાણાની એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ ખાતે 'વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ' યોજ્યો

જગદીશ ત્રિવેદી | મહીસાગર







ભારત સરકાર યુવા કાર્ય અને ખેલકૂદ મંત્રાલય અંતર્ગત મેરા યુવા ભારત મહીસાગરના જિલ્લા યુવા અધિકારી શ્રી અભિષેક શુક્લાના માર્ગદર્શન હેઠળ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, કડાણા ખાતે 'વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ' કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. 'વિકસિત ભારત માટે નશા મુક્ત યુવા' (Nasha Mukt Yuva for Viksit Bharat) ની થીમ પર આધારિત આ કાર્યક્રમમાં આશરે 150 જેટલા યુવાનો, વિદ્યાર્થીઓ અને ગણમાન્ય નાગરિકોએ ઉત્સાહપૂર્વક સહભાગીતા નોંધાવી હતી.

આ અવસરે મુખ્ય અતિથિ તરીકે સંતરામપુર વિધાનસભાના માનનીય ધારાસભ્ય અને ગુજરાતના પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબ તેમજ વિશિષ્ટ અતિથિ તરીકે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન શૈલેન્દ્રસિંહ પુવાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

નશાને 'ના' કહી રાષ્ટ્ર નિર્માણમાં જોડાવા આહ્વાન અને 'યુવા સંવાદ'

કાર્યક્રમના મુખ્ય અતિથિ ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે યુવાનોને સંબોધતા સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, વર્ષ 2047 સુધીમાં 'વિકસિત ભારત'ના ભવ્ય લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે દેશની યુવા પેઢીએ નશાને સંપૂર્ણપણે 'ના' કહેવી પડશે. તેમણે નશાના વ્યસનથી યુવાનોના સ્વાસ્થ્ય, કારકિર્દી અને પરિવાર પર પડતી ગંભીર તથા હાનિકારક અસરો અંગે વિગતવાર સમજ આપીને વ્યસનમુક્ત જીવનશૈલી અપનાવવાનો પુનરોચ્ચાર કર્યો હતો.

કાર્યક્રમ અંતર્ગત માનનીય ધારાસભ્યશ્રીએ 'યુવા સંવાદ'ના માધ્યમથી ઉપસ્થિત યુવાનો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓ અને યુવાનોના પ્રશ્નો તથા વિચારોને સાંભળી રાષ્ટ્રના વિકાસમાં તેમની ભૂમિકા અંગે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

મહાનુભાવોની ઉપસ્થિતિ અને સફળ સંકલન

સમગ્ર કાર્યક્રમ જેમના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો, તેવા માય ભારત કેન્દ્ર, મહીસાગરના જિલ્લા યુવા અધિકારી શ્રી અભિષેક શુક્લાએ પણ પોતાના ઉદ્બોધનમાં નશા મુક્તિના સંદેશનો પુનરોચ્ચાર કર્યો હતો અને યુવાનોને સકારાત્મક ઊર્જા સાથે દેશના વિકાસમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલના આચાર્ય શ્રી પી. એસ. વર્માએ પણ વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારના વ્યસન કે નશાથી દૂર રહેવાની શીખ આપી હતી. ઉપરાંત, કડાણા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. શ્રી માનવેન્દ્રસિંહ પુવાર પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંકલન માય ભારત (MY Bharat) ના પૂર્વ રાષ્ટ્રીય સ્વયંસેવક શ્રી જીગર ભોઈ દ્વારા કાર્યક્રમના આયોજનમાં મહત્ત્વપૂર્ણ સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો. આ ઉપરાંત, મહીસાગર જિલ્લાના સ્વયંસેવકો હેમંત,સહદેવ, પ્રિયાંશુ અને કિશન દ્વારા પણ કાર્યક્રમના સંકલનમાં સક્રિય ભૂમિકા ભજવવામાં આવી હતી. જીલ્લા યુવા અધિકારીશ્રી અભિષેક શુક્લા આ કાર્યક્રમ સર્વ યુવાનો ભાગ લેવા બદલ અને વિજેતાઓને દિલથી ધન્યવાદ્ સાથે આભાર વ્યક્ત કર્યો હતો.

મનરેગા યોજનામાં ગેરરીતિ બદલ દાહોદ જિલ્લામાં ત્રણ ગ્રામ પંચાયતોના સરપંચો સામે કડક કાર્યવાહી ત્રણ સરપંચો સસ્પેન્ડ



દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના (મનરેગા) સહિત ગ્રામ પંચાયત હેઠળ હાથ ધરવામાં આવતી વિકાસલક્ષી કામગીરીમાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જે અંતર્ગત દેવગઢ બારિયા અને ધાનપુર તાલુકાની ત્રણ ગ્રામ પંચાયતોના સરપંચો સામે થયેલી તપાસ, ઉપલબ્ધ દસ્તાવેજો, રજૂ થયેલા જવાબો અને સુનાવણી દરમિયાન થયેલી રજૂઆતોને ધ્યાને લઈ જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરેન બારોટ દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ, 1993ની કલમ 57(1) હેઠળ તા. 23 નવેમ્બર, 2026ના રોજ મહત્વપૂર્ણ હુકમો કરવામાં આવ્યા છે.

આ કાર્યવાહી અંતર્ગત દેવગઢ બારિયા તાલુકાની રેઢાણા ગ્રામ પંચાયતના સરપંચ અશ્વિનભાઈ કેશાભાઈ કોળી, ધાનપુર તાલુકાની સીમામોઈ ગ્રામ પંચાયતનાં સરપંચ શારદાબેન પરવતસિંહ રાઠોડ તથા ધાનપુર તાલુકાની ભાણપુર ગ્રામ પંચાયતના સરપંચ જામસિંહ દીતાભાઈ પરમાર સામે હોદ્દાની ફરજોના નિર્વહનમાં નિષ્કાળજી, ગેરરીતિઓ અને હોદ્દાના દુરુપયોગ અંગેની તપાસના આધારે હોદ્દા પરથી દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે.

તપાસ દરમિયાન ગ્રામ પંચાયતોમાં વર્ષ 2022-23 દરમિયાન મનરેગા યોજના હેઠળ મંજૂર થયેલાં કામો, કામની વાસ્તવિક સ્થિતિ, સ્થળ તપાસ, રેકર્ડની જાળવણી, મસ્ટરરોલ, માપણી અને નાણાકીય વ્યવહારો સહિતના વિવિધ પાસાઓની ચકાસણી કરવામાં આવી હતી.

રેઢાણા ગ્રામ પંચાયતના કેસમાં તપાસ દરમિયાન વિવિધ રસ્તાનાં કામો સહિત કુલ 39 કામોની વિગતોની ચકાસણી કરવામાં આવી હતી. સીમામોઈ ગ્રામ પંચાયતના કેસમાં 48 કામો તથા ભાણપુર ગ્રામ પંચાયતના કેસમાં 19 કામોની વિગતો અને તેની વાસ્તવિક સ્થિતિની તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન મંજૂર થયેલાં કામો અને સ્થળ પરની સ્થિતિ વચ્ચેની વિસંગતતાઓ, અધૂરી કામગીરી, દસ્તાવેજી ખામીઓ તથા યોજનાના નિયમોના પાલન અંગે ગંભીર બાબતો ધ્યાને આવી હતી. ત્રણેય કેસમાં સંબંધિત સરપંચોને કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ વારંવાર સુનાવણીની તક આપવામાં આવી હતી.

તેમ છતાં રજૂ થયેલા જવાબો અને ઉપલબ્ધ દસ્તાવેજોના આધારે સત્તાની ફરજોના નિર્વહનમાં ગંભીર નિષ્કાળજી તથા હોદ્દાના દુરુપયોગની બાબતો સામે આવતા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરેન બારોટ દ્વારા કરવામાં આવેલા આ હુકમોનો તાત્કાલિક અમલ કરવા સંબંધિત તાલુકા વિકાસ અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. સાથે જ સંબંધિત મામલતદાર, પ્રાંત અધિકારી તથા અન્ય સક્ષમ અધિકારીઓને પણ હુકમની જાણ કરી જરૂરી કાર્યવાહી કરવા જણાવાયું છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, સરકારી યોજનાઓના અમલીકરણમાં નાણાકીય શિસ્ત, પારદર્શિતા અને જવાબદારી જાળવવી અનિવાર્ય છે. જાહેર નાણાંનો દુરુપયોગ, વિકાસકામોમાં ગેરરીતિ કે સોંપાયેલી જવાબદારીના નિર્વહનમાં બેદરકારી કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં.

સરકારી યોજનાઓનો લાભ છેવાડાના લાભાર્થીઓ સુધી પહોંચે અને વિકાસકામોની ગુણવત્તા જળવાઈ રહે તે માટે આવી તપાસ અને કાર્યવાહી આગળ પણ સતત ચાલુ રહેશે.

સંખેડા તાલુકાના રામપુરા ગામેથી સાળંગપુર જઈ રહેલા પદયાત્રા સંઘને તારાપુર-વટામણ હાઈવે પર કારની ટક્કર લાગી





સંખેડા | સંખેડા તાલુકાના રામપુરા ગામેથી સાળંગપુર જઈ રહેલા પદયાત્રા સંઘને તારાપુર-વટામણ હાઈવે પર કારની ટક્કર લાગી હતી. આ અકસ્માતમાં એક પદયાત્રીનું મોત થયું અને બેને ઈજા થઈ હતી. રામપુરા રાજપૂત યુવા સેના દ્વારા આયોજિત આ પદયાત્રા ૨૦મા વર્ષે નીકળી હતી. ૨૦ નવેમ્બર ૨૦૨૬, શુક્રવારે સવારે ૩૬ યુવાનો સાળંગપુરમાં કષ્ટભંજન દેવ હનુમાનજીનાં દર્શન માટે રવાના થયા હતા. સંઘ સાતમા દિવસે બપોરે સાળંગપુર પહોંચવાનો હતો. પોલીસના જણાવ્યા મુજબ, તારાપુર તરફથી આવતી હ્યુન્ડાઈ એસેન્ટ કારના ચાલકે ત્રણ પદયાત્રીઓને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં વિરેન્દ્રસિંહ સોમસિંહ કોઠીયાને છાતી અને પગમાં ગંભીર ઈજા થઈ હતી. તેમને તારાપુર સીએચસી હોસ્પિટલ લઈ જવાયા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.અજયસિંહ ડોડિયાને સામાન્ય ઈજા થઈ હતી, જ્યારે પ્રવિણસિંહ કારેલીયાના જમણા પગમાં ફ્રેક્ચર થયું હતું. બંનેની સારવાર ચાલી રહી છે. વિરેન્દ્રસિંહને બે પુત્રો છે. અકસ્માત બાદ પદયાત્રા સંઘના સભ્યો ત્યાંથી પરત ફર્યા હતા. બનાવની જાણ થતાં રામપુરા ગામમાં શોકનું વાતાવરણ છવાયું હતું.તારાપુર પોલીસે કારચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે. સંખેડા તાલુકાના રામપુરા ગામેથી સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર દર્શનાર્થે જઈ રહેલા પદયાત્રા સંઘને તારાપુર-વટામણ હાઈવે પર ગમખ્વાર અકસ્માત નડ્યો છે. પૂરપાટ ઝડપે આવતી એક કારે ત્રણ પદયાત્રીઓને પાછળથી ટક્કર મારતા એક યુવાનનું કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે યુવાનો ઈજાગ્રસ્ત થયા હતા. આ દુર્ઘટનાને પગલે ભક્તિમય માહોલ શોકમાં ફેરવાઈ ગયો હતો.તારાપુર વટામણ હાઈવે અકસ્માત સાળંગપુર પદયાત્રી મોત ૨૦૨૬ ની પ્રાપ્ત વિગતો અનુસાર, 'રામપુરા રાજપૂત યુવા સેના' દ્વારા આયોજિત આ પદયાત્રા સતત ૨૦મા વર્ષે યોજાઈ હતી. ગત ૨૦ નવેમ્બર, ૨૦૨૬ (શુક્રવાર) ના રોજ સવારે રામપુરા ગામેથી ૩૬ યુવાનોનો સંઘ સાળંગપુર શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજીના દર્શન માટે પગપાળા રવાના થયો હતો અને સાતમા દિવસે બપોરે સાળંગપુર પહોંચવાનો હતો.દરમિયાન તારાપુર-વટામણ હાઈવે પર તારાપુર તરફથી આવતી હ્યુન્ડાઈ એસેન્ટ કારના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી ત્રણ પદયાત્રીઓને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.સંખેડા રામપુરા પદયાત્રા સંઘ કાર ટક્કર અકસ્માત માં ઘાયલ થયેલા પદયાત્રીઓની સ્થિતિ નીચે મુજબ છે:વિરેન્દ્રસિંહ સોમસિંહ કોઠીયા: અકસ્માતમાં તેમને છાતી અને પગના ભાગે અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક તારાપુર સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતક વિરેન્દ્રસિંહને સંતાનમાં બે પુત્રો છે, જેમણે અકાળે પિતાની છત્રછાયા ગુમાવી છે.

જુનાડીસા ખાતે એશિયાનો સૌપ્રથમ નાઈટ સફારી પ્રાણી સંગ્રહાલય પ્રોજેક્ટ વેગવંતો: કોઈ પરિવાર ઘરવિહોણો ન બને તે માટે ૧૪૦ લાભાર્થીઓને પ્લોટની સનદો એનાયત કરાશે

જુનાડીસાના રૂ. ૫૪૨ કરોડના નાઈટ સફારી પ્રોજેક્ટના અસરગ્રસ્ત પરિવારો માટે ૮ હેક્ટરમાં નવું ગામતળ મંજૂર

પ્રવાસન વિકાસ સાથે સામાજિક સુરક્ષા: રૂ. ૫૪૨ કરોડના ખર્ચે નિર્માણાધીન ડીસા નાઈટ સફારી પ્રોજેક્ટના અસરગ્રસ્તો માટે વહીવટી તંત્રની સંવેદનશીલ પહેલ

પાલનપુર | રાજ્ય સરકારના સંવેદનશીલ અને લોકકલ્યાણલક્ષી નેતૃત્વમાં રાજ્ય સરકાર વિકાસની સાથે માનવીય અભિગમ અને જનહિતને પણ સમાન પ્રાધાન્ય આપી રહી છે. આ જ અભિગમનું ઉત્તમ ઉદાહરણ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના જુનાડીસા ખાતે સાકાર થઈ રહેલો રૂ. ૫૪૨ કરોડના ખર્ચે એશિયાનો સૌપ્રથમ નાઈટ સફારી પ્રાણી સંગ્રહાલયનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ માટે સર્વે નંબર-૨૪ની અંદાજે ૧૦૩ હેક્ટર જમીન વન વિભાગને સુપ્રત કરવામાં આવી છે. જોકે, વિકાસની આ નવી તક સાથે વર્ષોથી વસવાટ કરતા ૨૧૪ પરિવારોના ઘર અને આશ્રયનો પ્રશ્ન પણ જોડાયેલો હતો. ત્યારે કોઈ પરિવાર ઘરવિહોણો ન બને, કોઈને પોતાના ભવિષ્યની ચિંતા સતાવે નહીં અને વિકાસની પ્રક્રિયામાં કોઈનું જીવન અસરગ્રસ્ત ન થાય તેવા ઉમદા હેતુથી રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર દ્વારા સંવેદનશીલ અભિગમ અપનાવી અસરગ્રસ્ત પરિવારો માટે વૈકલ્પિક વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર માટે વિકાસ માત્ર માળખાકીય સુવિધાઓનું નિર્માણ નથી, પરંતુ વિકાસની સાથે દરેક નાગરિકના હિતો અને લાગણીઓનું જતન પણ એટલું જ મહત્ત્વપૂર્ણ છે.

અસરગ્રસ્ત પરિવારોના ઘરનો આશ્રય જળવાઈ રહે અને તેઓ ભવિષ્યમાં ઘરવિહોણા ન બને તેવા માનવીય અભિગમ સાથે રાજ્ય સરકાર દ્વારા અંદાજે ૮ હેક્ટર જમીનમાં નવું ગામતળ મંજૂર કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના આ સંવેદનશીલ નિર્ણયથી વિકાસની સાથે અસરગ્રસ્ત પરિવારોના હિતોનું પણ જતન થયું છે. વૈકલ્પિક પ્લોટની કાયદેસરની ફાળવણી માટે વહીવટી તંત્ર દ્વારા લાયકાત ધરાવતા લાભાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી, જેમાં કુલ ૧૮૦ જેટલી અરજીઓ પ્રાપ્ત થઈ હતી. તાલુકા કક્ષાની લેન્ડ કમિટીની બેઠકમાં અરજીઓની યોગ્ય ચકાસણી કરીને તેમાંથી ૧૪૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. મંજૂર થયેલા લાભાર્થીઓને સત્તાવાર સનદો એનાયત કરીને તેમને પોતાના પરિવારના સુરક્ષિત ભવિષ્ય અને કાયમી આશ્રયની નવી આશા આપવામાં આવશે. આમ, રાજ્ય સરકારની આ પહેલ માત્ર વૈકલ્પિક પ્લોટની ફાળવણી પૂરતી મર્યાદિત નથી, પરંતુ વિકાસની સાથે માનવીય સંવેદના, સામાજિક જવાબદારી અને નાગરિકોના જીવનમાં સુરક્ષાની ભાવના જાળવવાનો ઉમદા પ્રયાસ છે.

રાજ્ય સરકારના વિકાસલક્ષી પ્રોજેક્ટની સાથે અસરગ્રસ્ત પરિવારોના હિતોનું પણ જતન થાય અને તેમને કાયદેસર માલિકી હક સાથે વૈકલ્પિક રહેઠાણની વ્યવસ્થા મળી રહે તે દિશામાં આ કામગીરી હાથ ધરવામાં આવી છે. જુનાડીસામાં આકાર લઈ રહેલા નાઈટ સફારી પ્રાણી સંગ્રહાલયના પ્રોજેક્ટ સાથે માનવીય અભિગમ અને લોકહિતને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

ડીસા પ્રાંત અધિકારીશ્રી ડૉ.કે. જે.ગઢવીએ જણાવ્યું હતું કે, ડીસા ઝૂઝર્ટ ઝૂઓલોજિકલ પાર્ક અને નાઈટ સફારી પ્રોજેક્ટ માટે જૂના ડીસાના સર્વે નંબર-૨૪ની અંદાજે ૧૦૩ હેક્ટર જમીન વન વિભાગને સુપ્રત કરવામાં આવી છે. ગુજરાત સરકારનો આ અતિ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ રૂ. ૫૪૨ કરોડથી વધુના ખર્ચે સાકાર થવા જઈ રહ્યો છે, જેનાથી ડીસાનો ગુજરાત અને રાષ્ટ્રીય સ્તરે પ્રવાસન સ્થળ તરીકે વિકાસ થશે. હાલમાં પ્રોજેક્ટ અંતર્ગત પ્રાથમિક તબક્કે બાઉન્ડ્રી વોલ બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ જમીન પર કુલ ૨૧૪ દબાણો પૈકી ૧૮૫ કાચા-પાકા મકાનો અને ૨૯ ખુલ્લા પ્લોટનો સમાવેશ થાય છે. આ તમામ દબાણદારોને લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૧ હેઠળ મામલતદારશ્રી, ડીસા ગ્રામ્ય દ્વારા કાયદેસરની નોટિસ પાઠવવામાં આવી છે.

પ્રાંત અધિકારીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટના અમલીકરણ દરમિયાન કોઈપણ અસરગ્રસ્ત પરિવાર ઘરવિહોણો ન બને અને તેમને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે રાજ્ય સરકાર દ્વારા સંવેદનશીલ અને સહાનુભૂતિપૂર્ણ અભિગમ અપનાવવામાં આવ્યો છે. જે અંતર્ગત જૂના ડીસા ખાતે જ અંદાજે ૮ હેક્ટર જમીનમાં નવું ગામતળ નીમ કરવામાં આવ્યું છે. વૈકલ્પિક પ્લોટની ફાળવણી માટે ૧૮૦થી વધુ અરજીઓ પ્રાપ્ત થઈ હતી, જેમાંથી તાલુકા કક્ષાની લેન્ડ કમિટીમાં ચકાસણી બાદ ૧૪૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. મંજૂર થયેલા તમામ લાભાર્થીઓને બુધવાર સુધીમાં પ્લોટની સત્તાવાર સનદો ઈશ્યૂ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. આમ, વિકાસના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટની સાથે અસરગ્રસ્ત પરિવારોના હિતોનું જતન થાય અને કોઈપણ પરિવાર વિસ્થાપિત ન બને તે માટે રાજ્ય સરકાર દ્વારા આ સરાહનીય પગલું લેવામાં આવ્યું છે.

કારતકી પૂનમ અને દેવ દિવાળીના પર્વે સંખેડા તાલુકાના ઈન્દ્રાલ ગામે આવેલા રણછોડજી મંદિરે મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે પહોંચ્યા હતા



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

કારતકી પૂનમ અને દેવ દિવાળીના પર્વે સંખેડા તાલુકાના ઈન્દ્રાલ ગામે આવેલા રણછોડજી મંદિરે મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે પહોંચ્યા હતા.

સંખેડાથી ડાકોર પગપાળા જતા સંઘમાં અનેક શ્રદ્ધાળુઓ જોડાય છે. ડાકોર ન જઈ શકતા ઘણા શ્રદ્ધાળુઓ સંખેડાથી સોનગીર-ઈન્દ્રાલ ગામે પગપાળા દર્શન કરવા આવે છે.

સંખેડા ઉપરાંત આસપાસનાં ગામોના શ્રદ્ધાળુઓ પણ મંદિરે પગપાળા પહોંચ્યા હતા. દેવ દિવાળીના દિવસે વહેલી સવારથી દર્શન શરૂ થયા હતા.

ભક્તોએ રણછોડજીનાં દર્શન કર્યા. મંદિર પરિસરમાં 'જય રણછોડ, જય શ્રી કૃષ્ણ'ના નારા સંભળાયા.

પવિત્ર કારતકી પૂનમ અને દેવ દિવાળી ના પાવન પર્વે સંખેડા તાલુકાના ઈન્દ્રાલ ગામે આવેલા સુપ્રસિદ્ધ શ્રી રણછોડજી મંદિરે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. દેવ દિવાળીના દિવસે વહેલી સવારથી જ મંદિરમાં દર્શનનો પ્રારંભ થતાં શ્રદ્ધાળુઓનો અવિરત પ્રવાહ જોવા મળ્યો હતો, જેના કારણે સમગ્ર પંથકમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો.

સંખેડા ઈન્દ્રાલ રણછોડજી મંદિર દેવ દિવાળી ૨૦૨૬ ની ઉજવણી અંતર્ગત, દર વર્ષે સંખેડાથી યાત્રાધામ ડાકોર પગપાળા જતા સંઘમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાતા હોય છે. જોકે, જે શ્રદ્ધાળુઓ ડાકોર સુધી પગપાળા જઈ શકતા નથી, તેવા અનેક ભાવિકો સંખેડાથી સોનગીર-ઈન્દ્રાલ ગામે પગપાળા ચાલીને રણછોડજી ભગવાનના દર્શન કરવા માટે આવે છે.

કારતકી પૂનમ પગપાળા યાત્રા સંખેડા સોનગીર ઈન્દ્રાલ દરમિયાન સંખેડા નગર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પગપાળા ચાલીને મંદિરે પહોંચ્યા હતા.

ઈન્દ્રાલ ગામ રણછોડજી દર્શન જય રણછોડ ના ભક્તિમય વાતાવરણમાં ભક્તોએ ભગવાન રણછોડજીના શ્રદ્ધાપૂર્વક દર્શન કર્યા હતા. સમગ્ર મંદિર પરિસર 'જય રણછોડ, જય શ્રી કૃષ્ણ' ના ગગનભેદી નારા અને જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું.

રાજકોટ રોડ ઉપર ચોકી પાસે ગાડી પલટી મારી જતા ગાડીમાં લાગેલી આગને કાબૂમાં લાવવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૪ મહાનગરપાલિકા જૂનાગઢની ફાયર શાખાને તા:૨૪/૧૧/૨૦૨૬ના રોજ બપોરે ૧૨.૪૧ કલાકે સોરઠ ચોકી હાઈવે ઉપર વાહનમાં આગ લાગ્યા અંગેનો ફોન આવ્યો હતો.જેમાં ફોર વ્હીલ રોડ ઉપરથી પલટી મારી જતા તેમાં અચાનક આગ લાગી છે, આગ લાગવાના કોલની જાણ થતા જ મહાનગરપાલિકાની ફાયર શાખાની ટીમ ત્વરિત ઘટના સ્થળે દોડી ગઈ હતી અને બચાવ તથા આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ફાયર જવાનોએ સતત જહેમત ઉઠાવી આશરે ૧,૦૦૦ લીટર પાણીનો મારો ચલાવી આગ

કૌશલ્ય કેન્દ્રસ્થાને: ભારત વર્લ્ડસ્કિલ્સ એશિયા 2027નું યજમાન બનશે

2014માં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે આપણા રાષ્ટ્રના વિકાસમાં 'શ્રમેવ જયતે' પણ 'સત્યમેવ જયતે' જેટલી જ શક્તિ ધરાવે છે. ગઈકાલે લખનૌમાં પાંચમા 'કૌશલ દીક્ષાંત સમારોહ' – કૌશલ્ય ઇકોસિસ્ટમ માટેના દીક્ષાંત સમારોહ, જ્યાં આપણા શ્રેષ્ઠ તાલીમાર્થીઓનું સન્માન કરવામાં આવે છે – તેમાં તે વિશ્વાસ એક મોટું ડગલું આગળ વધ્યો છે. માનનીય પ્રધાનમંત્રીએ એક સીમાચિહ્નરૂપ નિર્ણયની જાહેરાત કરી કે ભારત ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડા ખાતે 'વર્લ્ડસ્કિલ્સ એશિયા 2027'ની આગામી આવૃત્તિનું આયોજન કરશે. હજુ એક વર્ષ પહેલાં જ ભારતે વર્લ્ડસ્કિલ્સ એશિયામાં ભાગ લેવા માટે પોતાની પ્રથમ ટુકડી મોકલી હતી, અને હવે પ્રથમ વખત વર્લ્ડસ્કિલ્સની કોઈ સ્પર્ધા ભારતમાં આવી રહી છે. આ એ વાતનો પુરાવો છે કે ભારતની કૌશલ્ય ઇકોસિસ્ટમ ચમકી રહી છે અને વિશ્વ તેની નોંધ લઈ રહ્યું છે.ભારતીય સભ્યતાએ હંમેશા સર્જકનું સન્માન કર્યું છે. આપણે આપણી વર્કશોપ અને ફેક્ટરીઓમાં ભગવાન વિશ્વકર્માની પૂજા કરીએ છીએ, આપણા કારીગરોની કુશળતા પર ગર્વ અનુભવીએ છીએ અને તેમના દ્વારા નિર્મિત વસ્તુઓની ઉજવણી કરીએ છીએ. તેમ છતાં, ઘણા પરિવારો માટે કૌશલ્ય હજુ પણ બીજી પસંદગી બની રહ્યું છે. સારી તકનીકી લાયકાત રોજગાર અને વ્યાવસાયિક સંતોષ માટે વધુ સીધો માર્ગ પૂરો પાડતી હોવા છતાં, પસંદગીનો માર્ગ હજુ પણ ડિગ્રી જ છે. 'કૌશલ દીક્ષાંત સમારોહ' ની કલ્પના એ વિશ્વાસ પર આધારિત હતી કે ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) માંથી સ્નાતક થનાર યુવા ઇલેક્ટ્રિશિયન કે મશીનિસ્ટ પણ કોઈપણ યુનિવર્સિટી જેવા જ ગૌરવપૂર્ણ દીક્ષાંત સમારોહનો હકદાર છે. 2022માં વિશ્વકર્મા જયંતિના દિવસે પ્રથમ વખત આયોજિત આ કાર્યક્રમે સ્થાપિત કર્યું કે તકનીકી શિક્ષણ અપાર મૂલ્ય ધરાવે છે. જો આવા દીક્ષાંત સમારોહ તકનીકી સ્નાતકોને તેમના આંતરિક મૂલ્યનો અહેસાસ કરાવે છે, તો આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટનું આયોજન સમગ્ર રાષ્ટ્રને દર્શાવે છે કે વૈશ્વિક મંચ પર તેમની નિપુણતા ખરેખર મહત્વ ધરાવે છે. લખનૌમાં ગઈકાલના કાર્યક્રમે બતાવ્યું કે આગામી પેઢી ક્યાંથી આવશે. સન્માનિત થયેલા લોકોમાં પશ્ચિમ બંગાળની રામકૃષ્ણ મિશન બ્લાઇન્ડ બોય્ઝ એકેડમીના દ્રષ્ટિહીન મેટલ-કટિંગ તાલીમાર્થી અમિત બૈરાગી; પુરીના મોટર વ્હીકલ મિકેનિક સુપ્રીતિ મહાપાત્રા; અને અલીગંજમાં જે હોલમાં તેમનું સન્માન કરવામાં આવ્યું તેનાથી થોડા જ કિલોમીટર દૂર તાલીમ લેનાર ઇલેક્ટ્રોનિક્સ મિકેનિક શાહબાઝ ખાનનો સમાવેશ થતો હતો. 52 ટોપર્સમાંથી અડધાથી વધુ મહિલાઓ હતી.અભ્યાસો દર્શાવે છે કે જેમ જેમ વધુ નોકરીદાતાઓ AI અપનાવી રહ્યા છે, તેમ તેમ અત્યંત કુશળ કામદારોની માંગ વધી રહી છે, જ્યારે તાજેતરના સ્નાતકો વર્ષોના સૌથી પડકારજનક જોબ માર્કેટનો સામનો કરી રહ્યા છે. ADP ના 'પીપલ એટ વર્ક 2026'માં જાણવા મળ્યું છે કે ભારતમાં 80 ટકા કર્મચારીઓ અઠવાડિયામાં ઘણી વખત અને 41 ટકા લગભગ દરરોજ AI નો ઉપયોગ કરે છે, જે સર્વેક્ષણ કરાયેલા તમામ બજારોમાં સૌથી વધુ છે, જે આ સમયમાં ભારતને એક અનોખી તક પૂરી પાડે છે. વિશ્વભરના સંશોધનો પણ એ વાત પર ભાર મૂકે છે કે કૌશલ્ય પહેલા કરતાં વધુ મહત્વનું છે. વર્લ્ડ ઇકોનોમિક ફોરમને અપેક્ષા છે કે 2030 સુધીમાં 17 કરોડ નવી નોકરીઓ ઊભી થશે અને 9.2 કરોડ વર્તમાન નોકરીઓ સમાપ્ત થશે, અને કહે છે કે દર 100 કામદારોમાંથી 59ને તાલીમની જરૂર પડશે. 'ધ ઇકોનોમિસ્ટ' દ્વારા પ્રકાશિત એક અભ્યાસમાં અંદાજ લગાવવામાં આવ્યો છે કે AI એ અત્યાર સુધીમાં યુનાઇટેડ સ્ટેટ્સમાં આશરે 10 લાખ નોકરીઓ ઊભી કરી છે, જેની સામે તેના કારણે આશરે 2,00,000 છટણી થઈ હોવાનું મનાય છે. ઘણી નવી નોકરીઓ ડેટા સેન્ટરો બનાવતા અને જાળવતા ઇલેક્ટ્રિશિયન, ટેકનિશિયન અને ઇન્સ્ટોલર્સ માટે છે. AI કુશળ માનવબળ માટે તકો અને જરૂરિયાતો ઊભી કરે છે. આ દિશામાં, માનનીય પ્રધાનમંત્રીએ ગયા વર્ષના દીક્ષાંત સમારોહમાં PM-SETU લોન્ચ કર્યું હતું. આ યોજનામાં 1,000 ITI ને અપગ્રેડ કરવા માટે રૂ. 60,000 કરોડની જોગવાઈ છે અને હવે તે યોજનામાંથી અમલીકરણ તરફ આગળ વધી રહી છે: 15 ક્લસ્ટરો માટે રોકાણ યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે, જેમાં પ્રત્યેક સાથે એક એન્કર ઇન્ડસ્ટ્રી પાર્ટનર જોડાયેલ છે. આપણી સંસ્થાઓ અનુરૂપ વર્કશોપ અને લેબનું નિર્માણ કરશે, અને નોકરીદાતાઓને જરૂરી પ્રતિભા એક જ જગ્યાએ મળી રહેશે.વર્લ્ડસ્કિલ્સ એશિયા જેવી સ્પર્ધાઓ કુશળ તાલીમાર્થીઓને તેમની પ્રતિભા દર્શાવવા અને વિશ્વ મંચ માટે તૈયાર થવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. ગયા નવેમ્બરમાં તાઈપેઈમાં વર્લ્ડસ્કિલ્સ એશિયા સ્પર્ધામાં અમારા પ્રથમ પ્રવેશમાં, અમે 29 દેશોમાં આઠમા સ્થાને રહ્યા હતા. બીજી તરફ, 2015 માં વર્લ્ડસ્કિલ્સ સાઓ પાઉલોમાં 29મા સ્થાને રહ્યા બાદ, અમે આ સપ્ટેમ્બરમાં શાંઘાઈ ખાતે પ્રથમ વખત ટોપ ટેનમાં પ્રવેશ કર્યો. આ જેવી સ્પર્ધાઓનું મૂલ્ય માત્ર મેડલ કે રેન્કિંગ દ્વારા માપી શકાય નહીં. તેમની અસર ઘણી ઊંડી હોય છે અને તે જે આકાંક્ષાઓ ઊભી કરે છે તેમાં પણ રહેલી છે. વ્યક્તિ જે નજીકથી જુએ છે, તેનો હિસ્સો બનવા માંગે છે. 1997 માં, પંદર વર્ષની ઝુલન ગોસ્વામી ઈડન ગાર્ડન્સની બાઉન્ડ્રી પર ઊભા રહીને મહિલા વર્લ્ડ કપની ફાઇનલ જોઈ રહી હતી. તે ભારત માટે રમવાના દ્રઢ નિશ્ચય સાથે તે મેદાનમાંથી બહાર નીકળી, અને આગળ જતાં મહિલા વન-ડે ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનાર ખેલાડી બની. ગ્રેટર નોઈડા, જેણે ઇન્ડિયાસ્કિલ્સ નેશનલ કોમ્પિટિશન 2025-26 નું આયોજન કર્યું હતું, તે હવે ઘણા વધુ મહત્વાકાંક્ષી યુવાનોને એ જ દ્રશ્ય પૂરું પાડશે, જે અત્યાર સુધી માત્ર સ્પર્ધકોએ જ જોયું હતું. ઉત્તર પ્રદેશનો એક તાલીમાર્થી, જે હજુ સ્પર્ધક નથી, તે હોલમાં પ્રવેશી શકશે, એશિયાના શ્રેષ્ઠ કૌશલ્યધારકોને નજીકથી કામ કરતા જોઈ શકશે, અને આગામી વખતે તે મંચ પર ઊભા રહેવાનું લક્ષ્ય રાખી શકશે.વર્લ્ડસ્કિલ્સ એશિયાની તૈયારીઓ આપણને ટ્રેડ ટેસ્ટ, મૂલ્યાંકન અને તાલીમની ગુણવત્તા વિશે કેવી રીતે વિચારવું તે અંગે આંતરરાષ્ટ્રીય માપદંડો અપનાવવાની તક પણ પૂરી પાડે છે. ભારતીય પ્રશિક્ષકો અને ઉદ્યોગ નિષ્ણાતો સમગ્ર એશિયાના સમકક્ષો સાથે જોડાઈ શકે છે, જ્યારે આ સ્પર્ધા કુશળ કાર્યને શાળાના વિદ્યાર્થીઓ અને પરિવારોની વધુ નજીક લાવી શકે છે. રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ઇન્ડિયાસ્કિલ્સ સ્પર્ધાઓ આ સફરનો એક મહત્વપૂર્ણ હિસ્સો બનશે. તેઓ પ્રતિભાને ઓળખવા, કૌશલ્યની કસોટી કરવા અને યુવા સ્પર્ધકોને દબાણ હેઠળ પ્રદર્શન કરવાનો અનુભવ આપવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. યુવાનોના ઉત્સાહની પુષ્ટિ ઇન્ડિયાસ્કિલ્સ 2026-27 ને મળેલા પ્રતિસાદથી થાય છે, જેમાં 63 કૌશલ્યોમાં પહેલેથી જ 4.5 લાખથી વધુ નોંધણીઓ થઈ ચૂકી છે.MSDE ની સ્થાપના થઈ ત્યારથી, વિભાગે એવા માળખાં, ધોરણો અને સંસ્થાઓનું નિર્માણ કર્યું છે જે વિશ્વ-સ્તરીય પ્રતિભા પેદા કરે છે. વર્લ્ડસ્કિલ્સ એશિયાનું આયોજન એ ભારતને વૈશ્વિક કૌશલ્ય રાજધાની બનાવવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. આ માર્ગ સરળ નથી, જેમ કે રોમન લેખક સેનેકાએ લખ્યું હતું: 'Non est ad astra mollis e terris via', પૃથ્વી પરથી તારાઓ સુધી પહોંચવાનો કોઈ સરળ માર્ગ નથી. દરેક મેડલ પાછળ એક એવો તાલીમાર્થી હોય છે જેણે સરળ માર્ગને બદલે સખત મહેનત પસંદ કરી છે. 2027 માં, એશિયા આપણા આંગણે આવશે, અને ભારત તે તારાઓનું પ્રદર્શન કરશે જેના સુધી તેના કુશળ હાથ પહોંચી રહ્યા છે.



શ્રી જયંત ચૌધરી

(લેખક કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયના માનનીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને શિક્ષણ રાજ્ય મંત્રી છે)

વઘઈ-વાંસદા માર્ગ પર મૂંગા વાનરનું કરુણ મોત: નેશનલ પાર્ક વિસ્તારમાં વન વિભાગની બેદરકારી કે પ્રવાસીઓની બેદરકારી?





ડાંગ | વઘઈથી વાંસદા માર્ગ પર વન્યજીવોની સુરક્ષાને લઈને ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. વિશ ગુલિયાની બારી વિસ્તારમાં અજાણ્યા વાહનની અડફેટે એક મૂંગા વાનરનું કરુણ મોત નિપજ્યું છે. આ ઘટનાએ વન્યજીવોની સુરક્ષા અને વાહનચાલકોની જવાબદારી અંગે ચિંતા જગાવી છે.

વઘઈ જતા વિશ ગુલિયાની બારી નેશનલ પાર્કનો સંવેદનશીલ વિસ્તાર હોવાથી અહીં વન્યજીવોની અવરજવર સતત રહેતી હોય છે. તેમ છતાં કેટલાક વાહનચાલકો અને પ્રવાસીઓ રસ્તા પરથી પસાર થતી વખતે વાનરોને ખાવાની વસ્તુઓ નાખતા હોવાનું જોવા મળે છે. ખોરાકની લાલચમાં વાનરો રસ્તા પર આવી જાય છે અને પૂરપાટ ઝડપે પસાર થતાં વાહનોની અડફેટે આવી અકસ્માતનો ભોગ બને છે.

ગીર નેશનલ પાર્ક વિસ્તારમાં વન્યજીવોની સુરક્ષા માટે વાહનચાલકો પર નિયંત્રણો અને નિયમોના પાલનનું ઉદાહરણ આપવામાં આવે છે. ત્યારે વઘઈ-વાંસદા માર્ગના આ સંવેદનશીલ વિસ્તારમાં પણ આવા નિયમોનું કડક પાલન કરાવવાની જરૂરિયાત ઊભી થઈ છે.

એક તરફ પ્રવાસીઓની બેદરકારી અને બીજી તરફ દેખરેખના અભાવને કારણે નિર્દોષ વન્યજીવોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે. ત્યારે સવાલ એ છે કે વન વિભાગ આ મામલે ક્યારે ગંભીરતા દાખવશે?વન વિભાગ દ્વારા આ વિસ્તારમાં નિયમિત પેટ્રોલિંગ, વાહનોની ગતિ પર નિયંત્રણ, ચેતવણી બોર્ડ અને વન્યજીવોને ખોરાક આપનારા લોકો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે કે કેમ? એક મૂંગા જીવનું મોત માત્ર અકસ્માત નથી, પરંતુ વન્યજીવોની સુરક્ષા માટે આપણી સામૂહિક જવાબદારીની યાદ અપાવતી ઘટના છે. હવે જોવાનું એ છે કે તંત્ર આ ઘટનામાંથી બોધપાઠ લઈને નક્કર પગલાં ભરે છે કે પછી આવા બનાવોનું પુનરાવર્તન થતું રહેશે?તંત્ર માત્ર શોભા ના ગાંઠિયા સમાન સાઈન બોર્ડ ના ખર્ચા કરી બિલો મુકવા માં જ માને છે એવું સ્થાનિકો માં ચર્ચા.

ભુવન બામ ભજવે છે આખો પરિવાર

નેટફ્લિક્સની 'ઢિંઢોરા' સીઝન-2નું ટ્રેલર રિલીઝ, 20 નવેમ્બરથી પ્રસારણ

મુંબઈ : ટીટુ મામાના જીવનમાં એક સમસ્યા પૂરી થાય ત્યાં બીજી આવીને ઊભી રહી જાય છે! નેટફ્લિક્સે 'ઢિંઢોરા' સીઝન-2નું ટ્રેલર રજૂ કર્યું છે, જે 20 નવેમ્બરથી પ્રસારિત થશે. આ સીઝન સાથે 'બીબી કી વાઈન્સ'ની મજેદાર દુનિયા પાછી આવી રહી છે, જેમાં ભારતના પ્રથમ અને સૌથી મોટા કન્ટેન્ટ ક્રિયેટર ભુવન બામ એક આખા પરિવારનાં વિવિધ પાત્રો ભજવશે. આ ધાંધલધમાલની વચ્ચે છે ચાહકોના પ્રિય 'ટીટુ મામા' – એક એવા કમનસીબ કાકા, જેઓ અવારનવાર એવી પરિસ્થિતિઓમાં ફસાઈ જાય છે જે તેમણે ક્યારેય ઈચ્છી નથી હોતી. તેમની સાથે છે બબલુ જી, જાનકી, સમીર અને બાંચો – આ તમામ પાત્રો ભુવન બામ દ્વારા જ ભજવવામાં આવ્યાં છે. ઉપરાંત પરિવારમાં એક નવું અને મહત્વનું પાત્ર ઉમેરાયું છે: સંજીદા શેખ, જેઓ ટીટુ મામાની પત્ની 'કવિતા મામી'ની ભૂમિકામાં જોવા મળશે.સીઝન-2માં ટીટુ મામા 11 કરોડ રૂપિયાના નુકસાનનો સામનો કરી રહ્યા છે અને પરિવારના સભ્યો વચ્ચેના સંબંધો પણ નાજુક વળાંક પર છે. તેઓ પોતાના સાસરિયાં પક્ષ સાથે સમાધાન કરવાનો પ્રયાસ



કરે છે, પરંતુ તેનાથી એક નવું જ તોફાન ઊભું થાય છે. શું તેમને ખજાનો મળશે કે પછી મુસીબતોનો પહાડ તૂટી પડશે? સ્નેહા શેટ્ટી કોહલી દ્વારા નિર્દેશિત 'ઢિંઢોરા' સીઝન-2ના લેખકો ભુવન બામ, અબ્બાસ દલાલ, હુસૈન દલાલ અને ચેતન ડાંગે છે, જ્યારે તેનું નિર્માણ રોહિત રાજ અને ભુવન બામ દ્વારા કરવામાં આવ્યું છે.પોતાની દુનિયાને નેટફ્લિક્સ પર લાવવા અંગે અભિનેતા અને સર્જક ભુવન બામ કહે છે.

ફુલેરામાં ફરી જામશે રાજકીય જંગ:'પંચાયત સિઝન 5'નું ધમાકેદાર ટ્રેલર રિલીઝ

(એજન્સી) મુંબઈ | તા.24

'ધ વાયરલ ફીવર'ની સૌથી પ્રખ્યાત સિરીઝ 'પંચાયત'ની સિઝન 5નું ટ્રેલર રિલીઝ થયું છે. ટ્રેલરમાં બનરાકસ- ક્રાંતિ દેવી વર્સિસ સચિવજી, મંજૂ દેવી અને બ્રજભૂષણ જોવા મળી રહ્યા છે. 'પંચાયત'ની આ પાંચમી સિઝનમાં દર્શકોને લાગણીઓ, હૃદયસ્પર્શી પળો અને ગ્રામીણ ભારતની બેબાક તથા અનોખી ઝલકનો ભરપૂર સંગમ જોવા મળવાનો છે.'પંચાયત સિઝન 5'નું ટ્રેલર ફુલેરામાં થઈ રહેલા ડ્રામાની એક મજેદાર ઝલક બતાવે છે, જ્યાં હવે ખુરશી કોઈ બીજાના હાથમાં આવી ગઈ છે, પરંતુ મુશ્કેલીઓ હજુ પૂરી થવાનું નામ લઈ રહી નથી. પ્રધાનજી (રઘુબીર યાદવ)ને ગાદી વિના પોતાના જીવનની નવી પરિસ્થિતિઓ સાથે તાલમેલ બેસાડવામાં મુશ્કેલી પડી રહી છે, તો બીજી તરફ સચિવજી (જિતેન્દ્ર કુમાર) પોતાની અંગત મહત્વાકાંક્ષાઓ, મિત્રતા અને પંચાયતની બદલાતી રાજનીતિ વચ્ચે સંતુલન જાળવવામાં લાગેલા છે. આ દરમિયાન, રિંકી (સાંવિકા) સાથેની તેમની પ્રેમકહાનીમાં એક એવો વળાંક આવે છે.

સતત બે નાણાં વર્ષમાં આર્થિક વિકાસ દર સાત ટકા રહેવા S&Pની ધારણા



મુંબઈ : એશિયા-પેસિફિક વિસ્તારમાં આર્થિક વિકાસની દ્રષ્ટિએ ભારત તથા વિયેતનામની સ્થિતિ મજબૂત જોવા મળી રહી છે જ્યારે ચીનના આર્થિક વિકાસ દરમાં ઘટાડો થવાની શકયતા જોવાઈ રહી છે. વર્તમાન તથા આગામી નાણાં વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર સાત ટકા રહેવાની એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સ દ્વારા ધારણાં મૂકવામાં આવી છે. એશિયા-પેસિફિક વિસ્તારમાં ભારત સૌથી ઝડપથી વિકસતું રાષ્ટ્ર છે.અલ નિનોને કારણે એશિયા પેસિફિક વિસ્તારમાં ખાદ્ય પદાર્થોના ભાવ ખાસ કરીને ભારતમાં વધવાની સંભાવના છે. ડિસેમ્બર, સુધીમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા રેપો રેટમાં બીજા ૨૫ બેઝિસ પોઈન્ટનો વધારો આવવાની પણ ધારણાં મૂકવામાં આવી છે. ઊર્જાના ઊંચા ભાવ સૌથી મોટા બૃહદ્ પડકારો તરીકે જળવાઈ રહેશે એમ એસએન્ડપીએ એશિયા-પેસિફિક માટેના આર્થિક આઉટલુકમાં જણાવ્યું છે. ૨૦૨૭માં ભારત તથા વિયેતનામ આ વિસ્તારના સૌથી ઝડપથી વિકસતા દેશો બની રહેવાની પણ અપેક્ષા વ્યકત કરાઈ હતી.જો કે ચીનનો વિકાસ દર જે ૨૦૨૬માં ૪.૫૦ ટકા રહેવાની ધારણાં છે તે ૨૦૨૭માં ઘટી ૪.૩૦ ટકા રહેવા અંદાજ છે. વિયેતનામનો વિકાસ દર આગામી વર્ષમાં વધી ૭.૫૦ ટકા રહેવા ધારણાં છે.

ઈ-વ્હીકલ્સનો વેચાણ આંક તહેવારોમાં પહેલી જ વખત પાંચ લાખને પાર: પેસેન્જર વાહનોનું વેચાણ ઘટયું

તહેવારોના ૪૨ દિવસોમાં ઓટો રિટેલ વેચાણ આંક પંચાવન લાખને પાર: ઈ વ્હીકલ્સમાં પણ વધેલું આકર્ષણ

(એજન્સી) મુંબઈ | તા.24

વર્તમાન વર્ષમાં નવરાત્રી-દિવાળીના તહેવારોને આવરી લેતા ૪૨ દિવસની તહેવારોની મોસમ દરમિયાન દેશમાં એકંદર ઓટો વેચાણમાં ગઈ વેળાની તહેવારની મોસમની સરખામણીએ ૨.૨૧ ટકા વધારો થયો છે, પરંતુ ઓટોના મુખ્ય સેગમેન્ટ ઊતારૂ વાહનોના વેચાણમાં ૭.૧૬ ટકા ઘટાડો નોંધાયો હોવાનું ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન્સ (ફાડા)ના સુત્રોએ જણાવ્યુ હતું. વીજ સંચાલિત વાહનોના વેચાણમાં આકર્ષક વૃદ્ધિ જોવા મળી છે. ઈ-વ્હીકલ્સનો વેચાણ આંક તહેવારોમાં પહેલી જ વખત પાંચ લાખને પાર ગયો છે.ફાડા દ્વારા જારી કરાયેલા નિવેદન પ્રમાણે ૪૨



દિવસોમાં વાહનોનું એકંદર વેચાણ ૫૫,૨૫,૪૯૦ રહ્યુ હતું જે ગયા વર્ષની તહેવારોની મોસમના દિવસો દરમિયાન ૫૪,૦૫,૯૫૬ જોવા મળ્યુ હતું. ઊતારૂ વાહનોનું રિટેલ વેચાણ જે ગયા વર્ષની તહેવારોની મોસમમાં ૮,૦૬,૩૨૨ એકમ રહ્યુ હતું તે વર્તમાન વર્ષના તહેવારોમાં ઘટી ૭,૪૮,૬૧૬ એકમ જોવા મળ્યુ છે, એમ ફાડાના પ્રમુખ સાઈ ગીરીધરે નિવેદનમાં જણાવ્યુ હતું.ટુ વ્હીલર્સનું રિટેલ વેચાણ નવરાત્રી-દિવાળીના તહેવારોમાં ૩.૬૭ ટકા વધી ૪૩,૧૩,૨૭૬ એકમ રહ્યુ હતું.

શ્રી વ્હીલર્સનું વેચાણ ૫.૩૨ ટકા વધી ૧,૯૩,૫૩૬ એકમ રહ્યુ હતું. ટ્રેક્ટર્સનું વેચાણ ૨.૨૪ ટકા વધી ૧,૦૩,૮૦૯ એકમ રહ્યુ હોવાનું પણ નિવેદનમાં જણાવાયુ હતું. વીજ સંચાલિત વાહનોનું રિટેલ વેચાણ ગઈ વેળાની તહેવારોની મોસમની સરખામણીએ વર્તમાન વર્ષના તહેવારોમાં ૫૨ ટકાથી સહેજ વધી ૫,૦૯,૬૬૭ રહ્યું છે. તહેવારોની મોસમમાં પહેલી જ વખત વીજ વાહનોનો વેચાણ આંક પાંચ લાખથી ઉપર જોવા મળ્યો છે.વીજ વાહનોમાં ઈ-ટુ વ્હીલર્સનું વેચાણ ૬૧ ટકા વધી ૩.૩૦ લાખ જ્યારે ઈ-પેસેન્જર વ્હીકલ્સનો વેચાણ આંક ૭૩ ટકા વધી ૫૨૧૦૪ એકમ રહ્યો હોવાનું પણ પ્રાપ્ત નિવેદનમાં જણાવાયુ છે.૨૦૨૬ની તહેવારોની મોસમ ઓટો રિટેલ વેચાણની દ્રષ્ટિએ નવા વિક્રમ તરીકે યાદ રહેશે. જીએસટીમાં કપાતને પરિણામે ગયા વર્ષે વાહનોના વેચાણમાં જોરદાર વધારો જોવા મળ્યો હતો. વાહનોના રિટેલ વેચાણની વર્તમાન ગતિને ધ્યાનમાં રાખતા ચાલુ કેલેન્ડર વર્ષ ૨૦૨૬માં એકંદર વેચાણ આંક પહેલી જ વખત ત્રણ કરોડને પાર કરી જવાની શકયતા જોવાઈ રહી છે.

શિયાળાની ઋતુને શાકભાજી નો રાજા કહેવામાં આવે છે

આજકાલ બાળકો અને યુવાનો નો ટેસ્ટ વિદેશી થઈ જતા દેશી "મૂળા" નું નામ પડતા જ મોઢું બગાડી નાખે છે પણ એને જાપાનીઝ,કોરિયન,ચાઈનીઝ રેસિપી માં વપરાતા રેડીશ કે ડાયકોન થી સમસ્યા થતી નથી. કોણ સમજાવે પશ્ચિમી અનુકરણ માં ભારતીય રેસિપી ની કિંમત ઓછી આંકતા યુવાનો ને કે શાકભાજી દેશી કે વિદેશી નથી હોતા માત્ર ભાષા અનુસાર એના નામ જ બદલાતા હોય છે.જે રીતે ગૃહિણીઓ એ પરિવારના સદસ્યો ના સ્વાસ્થ્ય ને ધ્યાન માં રાખીને તાજુ અને ગરમા ગરમ ફૂડની આદત પાડી છે એ માટે ગૃહિણીઓ એ શાકભાજી અને કંદ મૂળ વિશે જાણકારી પણ મેળવી હોય છે. જેમ રસોઈ માં ઉમેરવા ના મરચા,લસણ અને કોથમીર ની ચટણી તાજે તાજી વાપરે છે એમ શાકભાજી પણ સીઝન ને અનુરૂપ જ બનાવે છે.શિયાળા ની ઋતુ ને શાકભાજી નો રાજા કહેવામાં આવે છે.ખાસ ઠંડી ની ઋતુ માં ઊગતી મેથીની ભાજી, સુવા ની ભાજી, લીલુ લસણ,લીલી ડુંગળી,તાંદળજો વગેરે ભાજીઓ અને રતાળુ,બીટ, ગાજર,મૂળા,શક્કરિયા વગેરે કંદ સાથે લીલી તુવેર,વાલોળ,લીલા ચણા,લીલા વટાણા, ફ્લાવર, કોબીજ,રીંગણા વગેરે શાકભાજીની મજા જ અલગ હોય છે.શિયાળા ની ઋતુ માં ઊગતા મોટાભાગના શાકભાજી કદાચ ઉનાળા અને ચોમાસાની ઋતું માં મળતા હશે પણ કંદ ની શ્રેણી માં થતું શાકભાજી મૂળા તો મહા અને ફાગણ માસ બાદ બજાર માંથી એકાએક ગુમ થઈ જતા હોય છે.

ઠંડા પ્રદેશો અને દેશો માં મૂળા બારેમાસ મળી રહે છે પરંતુ ગુજરાત માં ગરમી વધારે પડતી હોવાથી ઠંડી ની જ ઋતુ માંજ મૂળા ની આવક માર્કેટ માં જોવા મળે છે. પોષક તત્વોથી ભરપુર મૂળા સ્વાદે મીઠા અને તીખા હોય છે.ભારત ના જોનપુરી કે નવેરી મૂળા દેખાવે મોટા અને દળદાર હોય છે.પહાડી પ્રદેશો માટે એપ્રિલ થી જૂન અને મેદાની પ્રદેશો માં નવેમ્બર ડિસેમ્બર માં મૂળા નું વાવેતર થતું હોય છે.આપણા ગુજરાત માં સફેદ મૂળા વધારે વેંચાય છે એટલે લાલ કલર ના મૂળા થી આપણે અપરિચિત છીએ પરંતુ બન્ને કલર ના મૂળામાં પોષકતત્વો તો સરખા જ હોય છે. આપણા માંથી ઘણા લોકોને ખબર નથી કે મૂળા એ કીડની ની પથરી,ડાયાબિટીસ અને અસ્થમા નો અકસીર ઈલાજ છે. મોટાભાગે શિયાળા ની ઋતુ માં ઠંડા હવામાન ને કારણે લોકો ને શરદી, સળેખમ અને ઉધરસ ની સમસ્યા વધારે થતી હોય છે. લોકોની રોગપ્રતિકારક શક્તિ ની સાચી કસોટી શિયાળા ની ઋતુ માંજ થાય છે.પ્રોટીન,આયર્ન, આયોડિન, કેલ્શિયમ,વિટામિન એ,ફોસ્ફરસ,સોડિયમ, મેગ્નેશિયમ,ક્લોરિન વગેરે વગેરે શરીર ને ફાયદાકારક પોષકતત્ત્વો મૂળા અને એની ભાજી માં ભરપૂર માત્રા હોય છે. શિયાળા માં નિત્ય ભોજન માં એક મૂળો ખાવાથી ફાયદાઓ અનેક છે ગેરફાયદા ખાસ નથી. જેવા કે બીપી કંટ્રોલ માં રહેવું,રોગપ્રતિકારક શક્તિ માં વધારો થવો,વજન માં ધરખમ ફર્ક થવો,પેટ ના રોગો ગેસ,કબજિયાત,એસી.ડી.ટી વગેરે થી છૂટકારો મેળવવો વગેરે વગેરે ફાયદાઓ થાય છે.

જે રીતે કંદ સફેદ મૂળો ખૂબ ગુણકારી છે એ જ રીતે એની ભાજી પણ પોષક તત્વો ની ખાણ માનવા માં આવે છે. જે પાલક ની ભાજી ની વિશેષતા છે એ જ મૂળા ની ભાજી ની પણ છે. વિટામિન bવિટામિન એ,વિટામિન સી થી ભરપૂર પોષકતત્વો સાથે પ્રોટીન, ક્લોરિન, કાર્બોહાઈડ આયર્ન, મેગ્નેશિયમ વગેરે પણ ભરપુર માત્રા મા મૂળા ની ભાજી માંથી મળી રહે છે.મૂળા ની ભાજી માં ઉપલબ્ધ પોષકતત્વો અને વિટામિન્સ ના લીધે નિયમિત એનું સેવન કરવાથી ચહેરાની સ્કિન કરચલી વગરની ને ગ્લો વધારે છે.આ કારણોસર ખાસ કરીને યુવતીઓ અને સ્ત્રીઓ એ ઠંડી ની ઋતુ માં આવતા મૂળા અને એની ભાજીનો ઉપયોગ નિયમિત ભોજન માં કરવો જોઈએ.



મૂળા અને મૂળાની ભાજી

- રુપાલી દવે

આપણે શિયાળું કંદ મૂળા અને એની ભાજીના ફાયદાઓ વિશે તો જાણી લીધું પણ મૂળા અને એની ભાજી ની અંદરના પોષકતત્વો જળવાઈ રહે એ માટે શું કરવું જોઈએ? આમ તો ભોજન માં કાચા સલાડ નો ઉપયોગ નિયમિત કરવાથી ખોરાક નું પાચન જલ્દી થાય છે.ભોજન ની થાળી સલાડ કે કચુંબર વગર અધૂરી માનવામાં આવે છે.મૂળા, ગાજર, કાકડી, બીટ, સિમલા મરચા,કોબી વગેરે ના સલાડ ખાવાની સાચી રીત રાંધ્યા વગર ના ખાવા એ છે. પરંતુ મોટાભાગ ના લોકો સલાડ ના શાક ને તેલ માં હાફ ફ્રાય કરી ને અથવા તો સલાડ ની અંદર નમક લીંબુ ભેળવી ને ખાતા હોય છે. નમક અને લીંબુ સ્વાથ્ય માટે ઉતમ માનવામાં આવે છે પરંતુ મૂળા, ગાજર, બીટ,કાકડી,કોબી,સિમલા મરચા વગેરે સલાડ ના શાક માં નમક કુદરતી રીતે હોય જ છે એટલે બને ત્યાં સુધી સલાડ નમક મસાલા વગર કાચું ખાવા નું રાખો. માન્યું કે સલાડ ની મીઠાશ એ અન્ય શાક કરતા વધારે હોવાના લીધે એમાંથી બનેલા આચાર અથાણાં, મીઠાઈ, થેપલા,પરાઠા,શાક વધારે સ્વાદિષ્ટ લાગે છે. કોઈપણ શાકભાજી ને તળવા બાફવા થી એના પોષક તત્વો આપોઆપ થોડાઘણા અંશે નાશ પામતા હોય છે.

મૂળા અને એની ભાજી માંથી વિવિધ પ્રકારની રેસીપીઓ શિયાળાની ઠંડી માં ઘરે ઘરે બનતી જ હોય છે.મૂળા ની ભાજી માં ચણા નો લોટ ઉમેરી ને બનાવેલ શાક એટલું બધું સ્વાદિષ્ટ લાગે છે ને કે એની સાથે રોટલી કે ચાવલ ની જરૂર પડતી નથી.મૂળાની ભાજીની કઢી સાથે બાજરી કે મકાઈ ના રોટલા ને લસણ ની ચટણી જ વધારે સ્વાદિષ્ટ લાગે છે.સફેદ મૂળાની છીણ સાથે નાયલોન ગાંઠિયા એટલા બધા ભળે છે ને કે ડુંગળી મરચા ની જરૂર જ પડશ

બેન્ડ બાજા બિંજ: આ લગ્નની મોસમમાં શેમારૂમી પર માણો ૧૭ ગુજરાતી ફિલ્મો અને શોની મનોરંજનસભર સફર

લગ્નની સીઝન, બિંજ કરવાનું રીઝન!

ગુજરાતી સંસ્કૃતિમાં લગ્ન માત્ર એક પ્રસંગ કે વિધિ નથી, પરંતુ પરિવાર, પરંપરા, ભોજન, સંગીત અને સંબંધોની ઉજવણી છે, જેમાં થોડુંક ડ્રામા પણ સામેલ હોય છે. યોગ્ય જીવનસાથીની શોધ અને પારિવારિક અપેક્ષાઓથી લઈને લગ્નની ભાગદોડભરી તૈયારીઓ અને અણધાર્યા વળાંકો સુધી, દરેક ગુજરાતી લગ્ન સાથે જોડાયેલી હોય છે કેટલીક યાદગાર ક્ષણો.

લગ્નની મોસમના આગમન સાથે શેમારૂમી લઈને આવ્યું છે 'બેન્ડ બાજા બિંજ', એક વિશેષ વેડિંગ-સીઝન કલેક્શન, જે ૧૯થી ૩૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી ચાલશે. શેમારૂમી ઓરિજિનલ 'હજુ વાત ચાલે છે'ના મુખ્ય આકર્ષણ સાથે આ કલેક્શનમાં લગ્ન, જીવનસાથીની પસંદગી, રોમાન્સ અને પારિવારિક સંબંધોના વિવિધ રંગો રજૂ કરતી ગુજરાતી ફિલ્મોનો સમાવેશ કરવામાં આવ્યો છે. હળવી-ફૂલકી કોમેડી અને હૃદયસ્પર્શી પ્રેમકથાઓથી લઈને રોજિંદા જીવન સાથે જોડાયેલા પારિવારિક ડ્રામા સુધી, આ કલેક્શનમાં દરેક પ્રકારના દર્શકો માટે કંઈક ખાસ છે. 'બિચારો બેચલર', 'લગ્ન સ્પેશિયલ', 'નાડી દોષ', 'હું અને તું', 'ધ ગ્રેટ ગુજરાત મેટ્રિમોની', 'વિકીડાનો વરઘોડો', 'ઈટ્ટા કિટ્ટા', 'શરતો લાગુ', 'સ્વાગતમ્', 'ઓમ મંગલમ્ સિંગલમ્', 'કજોડું', 'વાત વાતમાં', 'ધુમ્મસ', 'અફરા તફરી', 'કચ્છ એક્સપ્રેસ' અને 'છાસણી' જેવી ફિલ્મો અને શો આ કલેક્શનને લગ્નની મોસમમાં મનોરંજન માણવા માટેનો એક ઉત્તમ વિકલ્પ બનાવે છે. આ કલેક્શનમાંથી પસંદ કરેલી સાત ખાસ કૃતિઓ વિશે જાણીએ.



૧. 'હજુ વાત ચાલે છે' - જ્યારે લગ્ન માટે જીવનસાથી શોધવાની પ્રક્રિયા જ બની જાય એક મનોરંજક સફર

ગુજરાતી પરિવારોમાં મુરતિયાની શોધ જેટલી ગંભીર હોય છે, એટલી જ મનોરંજક પણ હોય છે. શેમારૂ પ્રીમિયર ઓરિજિનલ 'હજુ વાત ચાલે છે'માં શિવાનીની એક પછી એક ગોઠવેલાં લગ્ન માટેની મુલાકાતોની સફર દર્શાવવામાં આવી છે, જેમાં પરંપરાગત દરેક સંબંધમાં સંવાદ, સમજણ અને ધીરજ સૌથી વધુ મહત્ત્વ ધરાવે છે.

૨. 'કજોડું' - જ્યારે સંબંધોની ગૂંચવણો લે છે અણધાર્યું સ્વરૂપ

લગ્ન અને સંબંધોની સફર હંમેશાં સરળ કે સીધી નથી હોતી. શેમારૂમી ઓરિજિનલ થ્રિલર સિરીઝ 'કજોડું'માં મિત્ર ગઢવી અને ઈશા કંસારા મુખ્ય ભૂમિકામાં છે. આ સિરીઝ ભાવેશ નામના એક લાચાર અને ઉતાવળા વ્યક્તિની વાર્તા છે, જે એક મેરેજ બ્રોકરની અસામાન્ય 'કોઈ સવાલ નહીં'ની શરત સ્વીકારી લે છે. વૉચલિસ્ટમાં એક નવો જ રંગ ઉમેરે છે.

તેમના માટે, જેઓ બિંજ વૉચિંગની સાથે થોડા સસ્પેન્સનો તડકો પણ પસંદ કરે છે.

૩. 'લગ્ન સ્પેશિયલ' - જ્યારે વરરાજા વિના જ નીકળી શકે છે લગ્નની ગાડી!

મલ્હાર ઠાકર અને પૂજા જોશી અભિનીત 'લગ્ન સ્પેશિયલ' એક પારિવારિક કોમેડી-ડ્રામા છે, જેમાં રોમાન્સ, નાટક અને હાસ્યનો સુંદર સમન્વય જોવા મળે છે. શેખર અને સુમનની પ્રેમકથામાં લગ્નની મોસમ દરમિયાન આવતા પ્રેમની કસોટી પરંપરાઓ સાથે થાય છે

ઘણા ગુજરાતી પરિવારોમાં લગ્નના નિર્ણયો માત્ર બે વ્યક્તિઓની પરસ્પર સુસંગતતા પર આધારિત નથી હોતા, પરંતુ તેમાં પરંપરાઓ, જ્યોતિષશાસ્ત્ર અને પારિવારિક માન્યતાઓ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. જાનકી બોડીવાલા અને યશ સોની અભિનીત 'નાડી દોષ'માં એક યુવાન પ્રેમી યુગલના સંબંધમાં જ્યોતિષીય મેળાપને લઈને ઊભી થતી સમસ્યાઓ અને તેના પરિણામોની રસપ્રદ વાત રજૂ કરવામાં આવી છે.

તેમના માટે, જેઓ એક જ ફિલ્મમાં રોમાન્સ, કોમેડી અને લગ્નની ધમાલનો ભરપૂર આનંદ માણવા ઇચ્છે છે.

૪. 'નાડી દોષ' - જ્યારે વિવિધ અવરોધો વાર્તાને વધુ મનોરંજક બનાવે છે.

તેમના માટે, જેઓ એક જ ફિલ્મમાં રોમાન્સ, કોમેડી અને લગ્નની ધમાલનો ભરપૂર આનંદ માણવા ઇચ્છે છે.

૪. 'નાડી દોષ' - જ્યારે મેટ્રિમોની' - જ્યારે યોગ્ય જીવનસાથીની શોધ બની જાય આખા પરિવારનું મિશન

ગુજરાતી પરિવારોમાં જીવનસાથીની શોધ ઘણી વાર આખા પરિવારની જવાબદારી બની જાય છે, જેમાં દરેક સભ્યને યોગ્ય જીવનસાથી વિશે પોતાનો અભિપ્રાય આપવો હોય છે. લગ્ન, જીવનસાથીની પસંદગી અને સંબંધોની ઉજવણી કરતા આ કલેક્શનમાં 'ધ ગ્રેટ ગુજરાત મેટ્રિમોની' એક રસપ્રદ ઉમેરો છે.

તેમના માટે, જેઓ જીવનસાથીની શોધ દરમિયાન થતા અસંખ્ય સવાલો, પરિવારજનોની ભલામણો અને યોગ્ય પાત્ર મળવાના ઉત્સાહથી સારી રીતે પરિચિત છે.

૬. 'ઓમ મંગલમ્ સિંગલમ્' - જ્યારે સિંગલ રહેવું પણ બને છે ઉજવણીનું કારણ

દરેક વ્યક્તિને લગ્ન કરવાની ઉતાવળ હોય એવું જરૂરી નથી. આજની પેઢી સંબંધો અને સાથસંગાથને લઈને પોતાનો આગવો અભિગમ ધરાવે છે. 'ઓમ મંગલમ્ સિંગલમ્' આ કલેક્શનમાં આધુનિક વિચારધારાનો એક અલગ જ રંગ ઉમેરે છે.

તેમના માટે, જેઓ સિંગલ છે, લગ્નની મોસમની મજા માણે છે, પરંતુ જીવન જીવવાની પોતાની ગતિ અને સમયને પ્રાથમિકતા આપે છે!

૭. 'કચ્છ એક્સપ્રેસ' - જ્યારે લગ્નજીવનમાં જરૂરી બને છે એકબીજાને પોતાની જગ્યા આપવી

કચ્છના મનમોહક અને વિશિષ્ટ પ્રાકૃતિક સૌંદર્યની પૃષ્ઠભૂમિમાં આકાર લેતી 'કચ્છ એક્સપ્રેસ' મોંઘી નામની એક પ્રતિભાશાળી કલાકાર અને પરિણીત મહિલાની વાર્તા છે, જે પોતાની સાસુ સાથે એક અનોખો સંબંધ ધરાવે છે. માનસી પારેખ અને રત્ના પાઠક શાહ અભિનીત આ રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મ લગ્નજીવન, પારિવારિક અપેક્ષાઓ અને પોતાની આગવી ઓળખ સ્થાપિત કરવાની સફરને સુંદર રીતે રજૂ કરે છે.

તેમના માટે, જેઓ લગ્નજીવન પછીના જીવન અને સંબંધોની સમજણ પર આધારિત વિચારપ્રેરક તથા સુંદર દૃશ્યો ધરાવતી વાર્તા માણવા ઇચ્છે છે.

જીવનસાથીની પસંદગી અંગેની ચર્ચાઓ અને પ્રેમની શરૂઆતથી લઈને પારિવારિક અપેક્ષાઓ અને લગ્નની ઉજવણી સુધી, આ ૧૭ ફિલ્મો અને શો ગુજરાતી લગ્નજીવનના વિવિધ રંગો અને લાગણીઓને જીવંત કરે છે. પછી ભલે તમે લગ્નની ઉજવણીમાં વ્યસ્ત હો કે પછી મનોરંજનથી ભરપૂર કંઈક જોવાની ઇચ્છા ધરાવતા હો, ૧૯થી ૩૦ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન શેમારૂમી પર 'બેન્ડ બાજા બિંજ' સાથે મનોરંજનની આ સફર માણો અને તમારા લગ્નના મૂડને અનુરૂપ વાર્તા શોધી કાઢો.

લગ્નની સીઝન, બિંજ કરવાનું રીઝન!

પ્રિયંકાની બહાદુર દીકરી, માલતીએ મોન્સ્ટર લિઝાર્ડને ખોળામાં રમાડી

ગેંડાને પંપાળ્યો, કાંગારુ અને જીરાફને હાથેથી ખવડાવ્યું; દેશી ગર્લનું વિદેશી ઝૂમાં આઉટિંગ





(એજન્સી) મુંબઈ | તા.24

હોલિવૂડ અને ભારતીય ફિલ્મોમાં વ્યસ્ત હોવા છતાં બોલિવૂડની 'દેશી ગર્લ' પરિવારને સમય આપવાનું ભૂલતી નથી. શૂટિંગની વ્યસ્તતા વચ્ચે પ્રિયંકા ચોપરા પરિવાર સાથે ઓસ્ટ્રેલિયાના ઝૂમાં પહોંચી હતી. ફેમિલી આઉટિંગ દરમિયાન પ્રિયંકાની લાડલી માલતી મેરીની બહાદુરી જોવા મળી. તેણે પ્રાણીઓ સાથે સુંદર સમય પસાર કર્યો.

પ્રિયંકા ચોપરાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર ફેમિલી આઉટિંગના ફોટો શેર કર્યા છે. આ ફોટોમાં નાનકડી માલતી મેરીના ક્યુટ અને બહાદુરીભર્યા અંદાજે સૌનું ધ્યાન ખેંચ્યું. 4 વર્ષની માલતી મેરીએ મોન્સ્ટર લિઝાર્ડને ખોળામાં રાખીને રમાડી. આ દરમિયાન તેના ચહેરા પર અલગ જ ખુશી દેખાઈ રહી હતી.

લિઝાર્ડને રમાડવા ઉપરાંત માલતી મેરીએ ડીજે નામના રાયનાસોર (ગેંડો)ને પંપાળ્યો. સાથે જ કાંગારુ અને જીરાફને પણ હાથેથી ખવડાવતી જોવા મળી. આ સિવાય તેણે ઓસ્ટ્રેલિયાના સુંદર પ્રાણી કોઆલાને ગળે લગાવ્યું અને શાહુડીને પણ પંપાળી. કાચબાને પણ ખોરાક આપ્યો.

ફોટોમાં પ્રિયંકા પણ દીકરી માલતી મેરી સાથે પ્રકૃતિના ખોળે આનંદ માણતી જોવા મળી. તેણે ઓસ્ટ્રેલિયા ઝૂ, રસેલ ક્રો અને ટેરી ઈરવીનનો આભાર માન્યો.

તેણે 'એવો દિવસ, જેને તમે હંમેશા માટે યાદોમાં કેદ કરી લેવા માંગશો. આ શક્ય બનાવવા અને ઉષ્માભર્યા સ્વાગત માટે રસેલ ક્રો, ઓસ્ટ્રેલિયા ઝૂ અને ટેરી ઈરવીનનો આભાર. 'ડીજે' નામના ગેંડાને મળવું કોઈ જાદુથી ઓછું નહોતું. અહીંના અદ્ભુત સ્ટાફ અને ડૉક્ટરોના માર્ગદર્શન હેઠળ પ્રાણીઓની આસપાસ માલતી મેરીનો ચહેરો ખીલી ઊઠતો જોઈને મારું દિલ પીગળી ગયું.' તેણે આગળ લખ્યું, 'અને સ્ટીવ (ઈરવિન), તેમનો વારસો આ જગ્યાના ખૂણેખૂણામાં જીવંત છે- પ્રાણીઓની સંભાળમાં, હિંમતમાં અને વન્યજીવો પ્રત્યેના પ્રેમમાં. અમે તે દરેક જગ્યાએ અનુભવ્યું, અને તે જોઈને અમારી આંખોમાં આંસુ આવી ગયાં. આ પરિવાર અને તેમની ટીમ વન્યજીવો માટે જે કામ કરી રહી છે તે અસાધારણ છે. ચાલો, સ્ટીવના આ સપનાને જીવંત રાખવામાં તેમની મદદ કરીએ.'



શબાના આઝમીએ કહ્યું- 'કુરાનમાં નજરમાં સંયમ રાખવાની વાત, ધર્મના વચેટિયાઓએ સમાજમાં ભ્રમ ફેલાવ્યો'

'મને બુરખો પહેરતાં રોકશો તો ત્રણ બુરખા પહેરીશ' : શબાના

(એજન્સી) મુંબઈ | તા.24



દિગ્ગજ એક્ટ્રેસ શબાના આઝમીએ તાજેતરમાં ઉષા કાકડેના પોડકાસ્ટમાં બુરખો, હિજાબ, ધર્મ અને કલાકારોના રાજકારણમાં આવવા જેવા મુદ્દાઓ પર વાત કરી છે.

શબાનાએ કહ્યું કે, તેઓ પોતે ધાર્મિક રીતરિવાજોનું પાલન કરત નથી, પરંતુ સાંસ્કૃતિક રીતે પોતાને મુસ્લિમ માને છે. બુરખા વિવાદ પર તેમણે સ્પષ્ટ કર્યું કે, તેઓ બુરખો પહેરતાં નથી, પરંતુ જો કોઈ તેમને તે પહેરવાથી રોકશે, તો તેઓ વિરોધમાં એકસાથે ત્રણ બુરખા પહેરી લેશે. આ સાથે જ તેમણે ધર્મના નામે ભ્રમ ફેલાવતા વચેટિયાઓ અને સેક્યુલરિઝમની આડમાં કટ્ટરપંથ વધારનારાઓની પણ ટીકા કરી.

વાતચીત દરમિયાન શબાના આઝમીએ કહ્યું કે, કુરાનમાં ક્યાંય પણ મહિલાઓએ આ રીતે બુરખો પહેરવો જોઈએ એવી વાત લખવામાં આવી નથી. તેમના મુજબ, કુરાનમાં માત્ર એટલું જ કહેવામાં આવ્યું છે કે, તમારી આંખોમાં શરમ અને મર્યાદા હોવી જોઈએ, અને આ નિયમ માત્ર મહિલાઓ માટે જ નહીં પરંતુ પુરુષો માટે પણ લાગુ પડે છે.

શબાનાએ ધર્મનું ખોટું અર્થઘટન કરનારા વચેટિયાઓ (મિડલમેન) પર નિશાન સાધતાં કહ્યું કે, આ લોકો ધાર્મિક ઉપદેશોને તોડી-મરોડીને રજૂ કરી રહ્યા છે અને સમાજમાં પડદા અંગે ભ્રમ ફેલાવી રહ્યા છે.

પોતાની વાતને આગળ વધારતાં શબાનાએ કહ્યું, 'હું બુરખો પહેરતી નથી, પરંતુ મારું માનવું છે કે, જો કોઈ મને કહેશે કે હું તે પહેરી શકતી નથી, તો હું ત્રણ બુરખા પહેરી લઈશ. તમે કોણ છો મને આ કહેવા વાળા?' જોકે, તેમણે એ પણ ઉમેર્યું કે, સેક્યુલરિઝમના પડદા હેઠળ કટ્ટરવાદ ફેલાવવાની મંજૂરી આપી શકાય નહીં. શબાના આ પહેલાં વર્ષ 2022ના કર્ણાટક હિજાબ વિવાદ દરમિયાન પણ પોતાનો મત વ્યક્ત કરી ચૂક્યાં છે, જ્યારે ઉડુપીની એક કૉલેજમાં હિજાબ પહેરવાના કારણે છ વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપવાથી કથિત રીતે રોકવામાં આવી હતી.

અમિતાભને પંજાબની બદનામી સાથે જોડતો વીડિયો નકલી...!

KBCના જૂના એપિસોડને AIથી એડિટ કરાયો; અમિતાભને કાનૂની નોટિસ મોકલાઈ હતી

(એજન્સી) મુંબઈ | તા.24

ક્વિઝ શો 'કૌન બનેગા કરોડપતિ'માં પંજાબની બદનામી સાથે જોડાયેલો પ્રશ્ન પૂછતો અમિતાભ બચ્ચનનો વીડિયો નકલી હોવાનું સામે આવ્યું છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ અમિતાભ બચ્ચન અને સોની ટીવીને કાનૂની નોટિસ મોકલવામાં આવી હતી.

આ ક્લિપમાં કથિત રીતે પંજાબના પોલીસ સ્ટેશનોમાં થયેલા બોમ્બ વિસ્ફોટો સાથે જોડાયેલો પ્રશ્ન દર્શાવવામાં આવ્યો હતો. જોકે, તપાસમાં આ વીડિયો AIની મદદથી તૈયાર કરાયેલો હોવાનું જાણવા મળ્યું છે. વાસ્તવમાં, આ ઑક્ટોબર 2022ના KBC સીઝન-14ના એપિસોડ-58ની એડિટેડ ક્લિપ છે, જેમાં પંજાબ સાથે જોડાયેલો આ પ્રશ્ન ક્યારેય પૂછવામાં આવ્યો જ નહોતો.

2022ના એપિસોડમાં અમૃતા શેર-ગિલ વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો રિવર્સ-ઈમેજ સર્ચ અને મૂળ એપિસોડની તપાસથી સ્પષ્ટ થયું કે, વાયરલ ફૂટેજ ઓક્ટોબર 2022માં દિવાળી સપ્તાહ દરમિયાન પ્રસારિત થયેલા KBC સીઝન-14ના 58મા એપિસોડનું છે.

આ એપિસોડમાં હોટ સીટ પર ડૉ. સમિત સેન બેઠા હતા, જેઓ 22 વર્ષમાં અંડમાન અને નિકોબાર દ્વીપસમૂહમાંથી આવનાર પ્રથમ સ્પર્ધક હતા. 12 લાખ 50 હજાર રૂપિયાનો અસલી પ્રશ્ન એ હતો કે, આમાંથી કયા કલાકારનો જન્મ બુડાપેસ્ટમાં હંગેરિયન માતા અને ભારતીય પિતાના ઘરે થયો હતો.

ડૉ. સેને ખોટો જવાબ એફ. એન. સૂઝા આપ્યો હતો, જ્યારે સાચો જવાબ પ્રખ્યાત ચિત્રકાર અમૃતા શેરગિલ હતો. અમૃતાના પિતા ઉમરાવ સિંહ શેરગિલ મજીઠિયા ભારતીય પંજાબી જાટ શીખ હતા અને માતા મેરી એન્ટોનેટ ગોટેસમેન હંગેરીની ઓપેરા સિંગર હતાં. તકનીકી તપાસમાં આ ક્લિપ નકલી હોવાના અનેક પુરાવા સામે આવ્યા છે. સૌથી પહેલાં, સ્ક્રીન પર દર્શાવવામાં આવેલા વાક્યના અંતે પ્રશ્નાર્થ ચિહ્ન (?) પણ લગાવવામાં આવ્યું નહોતું.

ભુવન બામ ભજવે છે આખો પરિવાર: નેટફ્લિક્સની 'ઢિંઢોરા' સીઝન-2નું ટ્રેલર રિલીઝ, 20 નવેમ્બરથી પ્રસારણ



મુંબઈ : ટીટુ મામાના જીવનમાં એક સમસ્યા પૂરી થાય ત્યાં બીજી આવીને ઊભી રહી જાય છે! નેટફ્લિક્સે 'ઢિંઢોરા' સીઝન-2નું ટ્રેલર રજૂ કર્યું છે, જે 20 નવેમ્બરથી પ્રસારિત થશે. આ સીઝન સાથે 'બીબી કી વાઈન્સ'ની મજેદાર દુનિયા પાછી આવી રહી છે, જેમાં ભારતના પ્રથમ અને સૌથી મોટા કન્ટેન્ટ ક્રિયેટર ભુવન બામ એક આખા પરિવારનાં વિવિધ પાત્રો ભજવશે. આ ધાંધલધમાલની વચ્ચે છે ચાહકોના પ્રિય 'ટીટુ મામા' – એક એવા કમનસીબ કાકા, જેઓ અવારનવાર એવી પરિસ્થિતિઓમાં ફસાઈ જાય છે જે તેમણે ક્યારેય ઈચ્છી નથી હોતી. તેમની સાથે છે બબલુ જી, જાનકી, સમીર અને બાંચો – આ તમામ પાત્રો ભુવન બામ દ્વારા જ ભજવવામાં આવ્યાં છે. ઉપરાંત પરિવારમાં એક નવું અને મહત્વનું પાત્ર ઉમેરાયું છે: સંજીદા શેખ, જેઓ ટીટુ મામાની પત્ની 'કવિતા મામી'ની ભૂમિકામાં જોવા મળશે. સીઝન-2માં ટીટુ મામા 11 કરોડ રૂપિયાના નુકસાનનો સામનો કરી રહ્યા છે અને પરિવારના સભ્યો વચ્ચેના સંબંધો પણ નાજુક વળાંક પર છે. તેઓ પોતાના સાસરિયાં પક્ષ સાથે સમાધાન કરવાનો પ્રયાસ કરે છે, પરંતુ તેનાથી એક નવું જ તોફાન ઊભું થાય છે. શું તેમને ખજાનો મળશે કે પછી મુસીબતોનો પહાડ તૂટી પડશે? સ્નેહા શેટ્ટી કોહલી દ્વારા નિર્દેશિત 'ઢિંઢોરા' સીઝન-2ના લેખકો ભુવન બામ, અબ્બાસ દલાલ, હુસૈન દલાલ અને ચેતન ડાંગે છે, જ્યારે તેનું નિર્માણ રોહિત રાજ અને ભુવન બામ દ્વારા કરવામાં આવ્યું છે.પોતાની દુનિયાને નેટફ્લિક્સ પર લાવવા અંગે અભિનેતા અને સર્જક ભુવન બામ કહે છે, "જ્યારે મેં પહેલી વાર આ પાત્રોનું સર્જન કર્યું ત્યારે હું ઇચ્છતો હતો કે તે વિચિત્ર હોવા છતાં પરિચિત લાગે - અને આ જ બાબત 'બીબી કી વાઈન્સ'ના મૂળમાં છે. ટીટુ મામા હંમેશાં એવી પરિસ્થિતિઓમાં ફસાઈ જાય છે જેની તેમણે ક્યારેય કલ્પના પણ નહોતી કરી હોતી! આ વખતે તેઓ તેમના સાસરિયાં પક્ષ સાથે સમાધાન કરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને તમે સમજી જ શકો છો કે તેમાં કેટલી જટિલતાઓ આવી શકે છે! નેટફ્લિક્સ સાથે જોડાવાથી અમને 'બીબી કી વાઈન્સ'ની દુનિયાને એક વિશાળ ફલક પર લઈ જવાની તક મળી છે.

2500 કરોડની નેટવર્થની વાતો ખોટી, તેના 10 ટકા પણ નથી: અનુપમ ખેર



મુંબઈ : ગૂગલ પર અનુપમ ખેરની નેટવર્થ ૫૦૦ કરોડ રૂપિયા અંદાજવામાં આવે છે તે બાબતે અનુપમ ખેરે જણાવ્યું હતું કે મારી પાસે તેના દસ ટકા પણ સંપત્તિ નથી. સંપત્તિ વિશેના આ ખોટા દાવાઓને કારણે તે દોસ્તોમાં મજાકનું કારણ બની ગયો છે. દોસ્તો આ બધું જોઈ તેમાંથી થોડાં પૈસા અમને પણ આપ કહી મજાક ઉડાવે છે તેમ અનુપમે ઉમેર્યું હતું. મુંબઈમાં પોતે ભાડે શા માટે રહે છે તે બાબતે અનુપમે જણાવ્યું હતું કે દસ વર્ષ અગાઉ મેં ભાડે રહેવાનો નિર્ણય લીધો હતો.

પત્ની કિરણ ખેર સાંસદ થઈ ચંદીગઢમાં શિફ્ટ થઈ તે પછી મુંબઈની મારી સંપત્તિ મેં આલિયા ભટ્ટને વેચી દીધી હતી. એ પછી મારે મુંબઈમાં સંપત્તિ ખરીદવાનું કોઈ કારણ નહોતું. હું અને મારો ભાઈ બંને ભાડે રહીને ખુશ છીએ. અનુપમ ખેરે જણાવ્યું હતું કે સિમલામાં મારું પોતાનું આઠ બેડરૂમનું ઘર છે જે આજીવન લગભગ ૬૦ વર્ષ સુધી ભાડે રહેનારી મારી માતા માટે લીધું હતું.

અનીત અને અહાન એરપોર્ટ પર કેમેરાપર્સનથી બચવા માટે ભાગ્યાં

મુંબઈ : મોહિત સૂરીની આગામી ફિલ્મમાં ફરી સાથે કામ કરી રહેલાં અહાન પાંડે અને અનીત પડ્ડા એરપોર્ટ પર સાથે દેખાયાં હતાં. જોકે, તેઓ કેમેરાપર્સન્સને જોતાં જ તેમનાથી બચીને ભાગ્યાં હતાં. તેમની આ ચેષ્ટાથી તેમના વચ્ચે અફેરની ચર્ચાઓને સમર્થન મળ્યું છે. એરપોર્ટ પર અહાન લાલ હૂડી, સફેદ ટી શર્ટ અને લાઈટ બ્લુ જિન્સમાં હળવા મિજાજમાં જણાયો હતો જ્યારે અનીતે ગ્રીન ટોપ અને બ્રાઉન ટ્રાઉઝર પહેર્યું હતું. અનીતે કેમેરાથી બચવાના પ્રયાસમાં પોતાનું માથું નમાવી દીધું હતું. તેણે પોતાનો ચેહરો બ્લેક કેપ અને ડાર્ક સનગ્લાસીસથી ઢાંકી લીધો હતો. તાજેતરમાં બંનેએ એકસરખાં ગુલાબી રંગના કપડાં પહેરી સાથે દિવાળી ઉજવી હતી. અહાન પાંડેએ ચિકી પાંડે અને ડીન પાંડનો પુત્ર છે. ચંકી પાંડે તેના કાકા થાય છે. અહાનની માતા ડીન પાંડેએ તેમની આ ઉજવણીના ફોટો સોશિયલ મિડિયા પર શેર કર્યા હતા. અનીત અને અહાન પોતાને સારા મિત્રો ગણાવે છે પણ અનીત પાંડે પરિવારના ઘણાં પ્રસંગોમાં સામેલ થતી આવી છે. અગાઉ અહાનની બહેન અલ્લાના પાંડેના બેબીશાવર પ્રસંગે પણ તેણે અહાન અને અનન્યા સાથે ગેમ્સમાં ભાગ લીધો હતો. 'સૈયારા'ની જોડી જાહેરમાં સતત દેખાતી હોઈ તેમના ચાહકોને તેમના વિશે ઓનલાઈન ચર્ચા કરવામાં મજા પડે છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

પૃથ્વી શૉની યોગરાજ સિંહને છેલ્લી ચેતવણી

- વિનોદ કાંબલી સાથે સરખામણીથી વિવાદ, છબી ખરાબ કરનારા સામે કાર્યવાહી



(એજન્સી) મુંબઈ । તા. 24

ભારતીય ક્રિકેટર પૃથ્વી શૉએ પૂર્વ ક્રિકેટર યુવરાજ સિંહના પિતા યોગરાજ સિંહ દ્વારા વિનોદ કાંબલી સાથે પોતાની જીવનશૈલીની સરખામણી કરાયા બાદ સામાજિક માધ્યમ પર આકરી પ્રતિક્રિયા આપીને છબી ખરાબ કરનારા સામે કાયદાકીય કાર્યવાહી કરવાની છેલ્લી ચેતવણી આપી છે, જેના કારણે ક્રિકેટ જગતમાં નવો વિવાદ શરૂ થયો છે.

એક મીડિયા મુલાકાત દરમિયાન યોગરાજ સિંહે પૃથ્વી શૉની કારકિર્દીમાં આવેલી પડતીના કારણો પર વાત કરતા જણાવ્યું હતું કે પૃથ્વી પહેલા વિનોદ કાંબલી સાથે પણ આવું જ બન્યું હતું. યોગરાજ સિંહના મતે, પાર્ટી કરવા, મહિલાઓ પાછળ દોડવા તેમજ દારૂ અને સિગારેટ પીવાની આદતને કારણે ખેલાડીઓની કારકિર્દી પર અસર પડે છે. તેમણે કહ્યું હતું કે જ્યારે કોઈ વ્યક્તિ પાર્ટીમાં જાય છે અને દારૂ જેવી વસ્તુઓનું સેવન કરે છે, ત્યારે તેણે સમજી લેવું જોઈએ કે તે ખરાબ સંગતમાં છે. આ જ મુદ્દાઓનો હવાલો આપીને તેમણે પૃથ્વી શૉની જીવનશૈલીની તુલના વિનોદ કાંબલી સાથે કરી હતી, જેના પગલે મામલો ગરમાયો છે.

યોગરાજ સિંહના નિવેદન બાદ સત્તાવીસ વર્ષીય પૃથ્વી શૉએ સામાજિક માધ્યમ પર પોતાનો પક્ષ મૂકતા સ્પષ્ટ કર્યું કે તે પોતાનો ભૂતકાળ છુપાવતો નથી. તેણે લખ્યું હતું કે મારો ભૂતકાળ મારા જીવનનો એક ભાગ છે અને તેમાં શરમાવા કે કંઈ છુપાવવા જેવું કોઈ કારણ નથી. જોકે, જે લોકો જાણીજોઈને મારું નામ, જીવન અને ભૂતકાળનો ઉપયોગ નકારાત્મકતા ફેલાવવા, છબી ખરાબ કરવા, વિના કારણ વિવાદ ઊભો કરવા અને લોકોનું ધ્યાન ખેંચવા માટે કરે છે, હું તે બિલકુલ સાંખી લઈશ નહીં. પૃથ્વીએ યોગરાજ સિંહને સ્પષ્ટ શબ્દોમાં સમજાવતા કહ્યું કે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવો અને ખોટા, ભ્રામક, બદનક્ષી કરનારા કે દુર્ભાવનાપૂર્ણ લખાણ દ્વારા કોઈને નિશાન બનાવવા વચ્ચે મોટો તફાવત છે. આ મારી તરફથી છેલ્લી ચેતવણી છે અને આવી પ્રવૃત્તિમાં સામેલ કોઈપણ વ્યક્તિએ કાયદાકીય કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે.

તન્વી પાત્રીએ બેડમિન્ટનમાં બાજી મારી લીધી, બાવીસ મિનિટમાં સીધો વિજય



(એજન્સી) લખનૌ । તા. 24

સૈયદ મોદી ઇન્ટરનેશનલ સુપર ત્રણસો બેડમિન્ટન સ્પર્ધામાં મંગળવારે લખનૌ ખાતે રમાયેલા મુકાબલામાં યુવા ઓલિમ્પિક રજત ચંદ્રક વિજેતા પંદર વર્ષીય તન્વી પાત્રીએ ઈજિપ્તની દોહા હાનીને માત્ર બાવીસ મિનિટમાં એકવીસ-સાત અને એકવીસ-અગિયારથી સીધા સેટમાં હરાવીને મુખ્ય ડ્રોના બત્રીસના રાઉન્ડમાં પ્રવેશ મેળવી લીધો છે, જ્યાં તેનો મુકાબલો ઈન્ડોનેશિયાની ની કાડેક ધિન્દા અમર્ત્ય પ્રતિવી સામે થશે.

લખનૌના બીબીડી યુપી બેડમિન્ટન એકેડેમી સ્ટેડિયમ ખાતે યોજાયેલા ક્વોલિફિકેશન મુકાબલામાં તન્વી પાત્રીએ શરૂઆતથી જ પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો. પ્રથમ ગેમમાં યુવા ઓલિમ્પિક રજત ચંદ્રક વિજેતા તન્વીએ અત્યંત સહજ અને શક્તિશાળી સ્મેશ ફટકારતા માત્ર નવ મિનિટમાં એકવીસ-સાતથી એકતરફી સરસાઈ મેળવી લીધી હતી. બીજો ગેમ થોડો લાંબો ચાલ્યો હોવા છતાં ભારતીય ખેલાડી પર કોઈપણ ક્ષણે દબાણ જોવા મળ્યું નહોતું અને તેણે એકવીસ-અગિયારથી ગેમ જીતીને સીધા સેટમાં વિજય નિશ્ચિત કર્યો હતો. તન્વી પાત્રીએ બેડમિન્ટનમાં આ ઝડપી અને પ્રભાવશાળી રમત વડે દર્શાવી દીધું છે કે નાની વયે પણ તે મોટી સ્પર્ધાઓમાં ટક્કર આપવા સક્ષમ છે.



પ્રિયાંશ આર્યની તોફાની ઇનિંગ્સથી વિક્રમોનો વરસાદ

(એજન્સી) ઇન્દોર । તા. 24

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીના એલિટ ગ્રુપ-બીના મુકાબલામાં મંગળવારે ઈન્દોરના ડેલી કોલેજ મેદાન ખાતે દિલ્હીના કપ્તાન પ્રિયાંશ આર્યએ તમિલનાડુ સામે અડસઠ દડામાં એકસો એકાશી રન ફટકારીને ક્રિકેટ જગતમાં સનસનાટી મચાવી દીધી છે અને ઓગણીસ છગ્ગા તથા સાત ચોગ્ગાની મદદથી ક્રિસ ગેલના એકસો પંચોતેર રનના વિક્રમ સહિત અનેક મહાવિક્રમો તોડી નાખતા દિલ્હીએ વીસ ઓવરમાં પાંચ વિકેટના ભોગે બસો પંચોતેર રનનો વિશાળ સ્કોર ખડક્યો છે.

ઈન્દોરના ડેલી કોલેજ મેદાન પર રમાયેલા આ મુકાબલામાં દિલ્હીની શરૂઆત ધારણા મુજબની રહી નહોતી અને ત્રીસ રનના સ્કોર પર યશ ધૂલ આઠ રન બનાવીને ગુરજપનીત સિંહનો શિકાર બન્યો હતો. શરૂઆતના આંચકા બાદ ડાબોડી બેટ્સમેન પ્રિયાંશ આર્ય અને નીતીશ રાણાએ બીજી વિકેટ માટે એકસો અઢાર રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી નોંધાવી હતી. આ ભાગીદારીમાં પ્રિયાંશ આર્યએ એકલા હાથે નેવ્યાસી રન જ્યારે નીતીશ રાણાએ અઢાર રનનું યોગદાન આપ્યું હતું. પ્રિયાંશ આર્યની તોફાની ઇનિંગ્સથી તમિલનાડુના બોલરોની લય સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી અને તેણે માત્ર છત્રીસ દડામાં પોતાની સદી પૂરી કરી લીધી હતી, જે તેના ટ્વેન્ટી-ટ્વેન્ટી કારકિર્દીની ત્રીજી સદી છે. પ્રિયાંશના આ પ્રચંડ આક્રમણના સહારે દિલ્હીએ નિર્ધારિત વીસ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને બસો પંચોતેર રનનો પહાડ જેવો સ્કોર ઊભો કર્યો હતો.

પ્રિયાંશ આર્યની આ એકસો એકાશી રનની ઐતિહાસિક ઇનિંગ્સથી વિશ્વ ક્રિકેટના અનેક દિગ્ગજોના વિક્રમો પાછળ રહી ગયા છે. સમગ્ર વિશ્વના ટ્વેન્ટી-ટ્વેન્ટી ઇતિહાસમાં કોઈપણ બેટ્સમેન દ્વારા નોંધાયેલો આ બીજો સૌથી મોટો વ્યક્તિગત સ્કોર બન્યો છે, જેમાં દક્ષિણ આફ્રિકાના લુઆન-ડ્રે પ્રિટોરિયસ આ જ વર્ષે ટાઇટન્સ તરફથી નાઇટ્સ સામે અણનમ એકસો અઙ્યાસી રન સાથે પ્રથમ ક્રમે છે. પ્રિયાંશે કેરેબિયન દિગ્ગજ ક્રિસ ગેલને પાછળ છોડી દીધો છે, જેણે એપ્રિલ ૨૦૧૩માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ તરફથી પુણે વોરિયર્સ સામે અણનમ એકસો પંચોતેર રન બનાવ્યા હતા.

ટુરિન ફાઇનલમાં સીધા સેટમાં વિજય, ઝવેરેવની ક્ષમતા સામે નવા સવાલ



(એજન્સી) ટુરિન । તા. 24

કાંડાની ગંભીર ઈજા બાદ ચાર મહિના સુધી રમતથી દૂર રહ્યા પછી સ્પેનના ટેનિસ ખેલાડી કાર્લોસ અલકારાઝે ટુરિન ખાતે રમાયેલી ફાઇનલમાં વિશ્વના નંબર એક ખેલાડી જર્મનીના એલેક્ઝાન્ડર ઝવેરેવને સીધા સેટમાં પરાજય આપીને શાનદાર ખિતાબ જીત્યો છે, જેનાથી અલકારાઝની વાપસીની ગાથા વધુ મજબૂત બની છે અને બીજી તરફ વિશ્વના ટોચના ક્રમાંકિત ખેલાડી ઝવેરેવની ક્ષમતા સામે નવા પ્રશ્નો ઊભા થયા છે.

બે મહિના અગાઉ અમેરિકન ઓપનના ક્વાર્ટર ફાઇનલમાં બેન શેલ્ટન સામે નિર્ણાયક સેટના ટાઇબ્રેકરમાં કાર્લોસ અલકારાઝને કપરી હારનો સામનો કરવો પડ્યો હતો. અગાઉ મુખ્ય સ્પર્ધાઓમાં રમાયેલા સોળ પાંચ-સેટના મુકાબલાઓમાંથી એકને બાદ કરતાં બાકીના તમામ મેચમાં સ્પેનિશ ખેલાડીએ વિજય મેળવ્યો હતો. ખિતાબ બચાવવાની સફર પૂર્ણ થયા બાદ જ્યારે તેઓ ટનલ તરફ આગળ વધી રહ્યા હતા, ત્યારે કાંડાની ઈજાના કારણે ચાર મહિના સુધી કોઈ મેચ રમ્યા વગર અને રોલેન્ડ ગેરોસ તેમજ વિમ્બલ્ડન જેવી સ્પર્ધાઓ ગુમાવ્યા છતાં સેમિફાઇનલની નજીક પહોંચી શક્યા હોવાનો સંતોષ તેમના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. ત્રેવીસ વર્ષીય ખેલાડીને જાણે પોતાની ક્ષમતા પર ફરી વિશ્વાસ બેસી ગયો હતો કે તેઓ હજુ પણ ટોચના સ્તરે ટક્કર આપવા સક્ષમ છે.

અમેરિકન ઓપનમાંથી બહાર થયા બાદ કાર્લોસ અલકારાઝે અદભૂત લય પકડીને કુલ ચાર ખિતાબ પોતાના નામે કર્યા છે. તેમણે ટોક્યો અને વિયેના ખાતે પાંચસો શ્રેણીની સ્પર્ધાઓ, પેરિસ માસ્ટર્સ તેમજ વર્ષના અંતિમ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટના ખિતાબ જીત્યા છે. રવિવારે ટુરિન ખાતે રમાયેલા અંતિમ મુકાબલામાં અલકારાઝે જર્મનીના એલેક્ઝાન્ડર ઝવેરેવ સામે છ-બે અને સાત-છથી સીધા સેટમાં વિજય મેળવ્યો હતો.

ઝવેરેવની શાનદાર સફર અને ફાઇનલની સ્થિતિ

વર્ષના અંતિમ ટુર્નામેન્ટમાં બે વખત વિજેતા બની ચૂકેલા એલેક્ઝાન્ડર ઝવેરેવ સમગ્ર સપ્તાહ દરમિયાન ઉત્તમ ફોર્મમાં રહ્યા હતા. ફાઇનલ સુધી પહોંચતા પહેલાં રમાયેલા ચાર મુકાબલામાં તેમણે એકપણ સેટ ગુમાવ્યો નહોતો કે પોતાની સર્વિસ પણ ગુમાવી નહોતી. છ ફૂટ છ ઈંચ ઊંચા જર્મન ખેલાડીની જોરદાર સર્વિસ અને નિર્ણાયક ક્ષણોની રમત સામે વિરોધીઓ લાચાર જણાતા હતા. ફાઇનલ પહેલાં ઝવેરેવને પગની ઘૂંટીમાં અને અલકારાઝને ડાબા પગમાં સામાન્ય તકલીફ રહી હતી, પરંતુ બંને ખેલાડીઓએ શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ ફાઇનલ માટે પોતાને સજ્જ રાખ્યા હતા.

ગાંગુલી સ્પિનર મુદ્દે મોટો વિવાદ, સાતસો વીસ રન છતાં વિજય નહીં

(એજન્સી) વેલિંગ્ટન । તા. 24



ન્યૂઝીલેન્ડ સામે વેલિંગ્ટન ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે સાતસો વીસ રનનો વિશાળ સ્કોર બનાવવા છતાં મુકાબલો ડ્રોમાં સમાપ્ત થતા પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ નિષ્ણાત સ્પિનરની ગેરહાજરી સામે આકરો અસંતોષ વ્યક્ત કર્યો છે અને કુલદીપ યાદવ તેમજ માનવ સુથાર જેવા બોલરો ક્યાં છે તેવો સીધો સવાલ ઉઠાવીને વિદેશી ધરતી પર ટેસ્ટ જીતવા માટે સાચા સ્પિનરની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

પ્રથમ ઇનિંગ્સમાં સાતસો વીસ રનના જંગી સ્કોર છતાં ભારતીય ટીમ વિજય મેળવી શકી નહીં તે ઘટનાએ ટીમ સંયોજન અને પસંદગીની નીતિ સામે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. સૌરવ ગાંગુલીએ સામાજિક માધ્યમ પર ક્રિકેટ બોર્ડને ટેગ કરીને પોતાનો મત સ્પષ્ટ કર્યો હતો કે શ્રેણીમાં ભારતનું પ્રદર્શન સારું રહ્યું છે, પરંતુ વિદેશમાં ટેસ્ટ મેચ જીતવા માટે માત્ર ઓલરાઉન્ડર પર આધાર રાખી શકાય નહીં. ગાંગુલીના મતે વોશિંગ્ટન સુંદર એક ઓલરાઉન્ડર તરીકે રમી શકે છે, પરંતુ જેમ-જેમ મેચ આગળ વધે અને પિચ સપાટ થતી જાય તેમ વિકેટ ઝડપવા માટે એક અસલી અને નિષ્ણાત સ્પિનર હોવો અનિવાર્ય છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં પૂછ્યું હતું કે કુલદીપ અથવા માનવ સુથાર ક્યાં છે.

આ ઘટનાક્રમમાં કુલદીપ યાદવને ટીમમાંથી મુક્ત કરવાના નિર્ણય પર પણ ચર્ચા જાગી છે. શરૂઆતમાં ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે સોળ સભ્યોની ટેસ્ટ ટીમમાં કુલદીપ યાદવનો સમાવેશ કરાયો હતો, પરંતુ પ્રથમ મુકાબલાના થોડા દિવસો અગાઉ તેને રિલીઝ કરીને તેના સ્થાને ગુરનૂર બ્રારને ટીમમાં લેવામાં આવ્યો હતો. ટીમ સંચાલને વધારાના ફાસ્ટ બોલિંગ વિકલ્પ તરફ ઝુકાવ રાખ્યો હતો, જે સપાટ પિચ પર અસરકારક સાબિત થઈ શક્યો નહીં. બીજી તરફ, યુવા સ્પિનર માનવ સુથારને સમગ્ર શ્રેણી માટે ટીમમાં સ્થાન ન મળતા પણ નિષ્ણાતોએ સવાલ ઉઠાવ્યા છે. માનવ સુથાર ઘરેલુ ક્રિકેટમાં નિયમિતપણે વિકેટ ખેરવતો રહ્યો છે અને અગાઉ શ્રીલંકા સામે પણ તેણે પ્રભાવશાળી દેખાવ કર્યો હતો, છતાં તેની અવગણના થતા પસંદગી પ્રક્રિયા પર ચર્ચા શરૂ થઈ છે. બોલિંગ સંયોજન અંગે સવાલ ઉઠાવવાની સાથે સૌરવ ગાંગુલીએ વેલિંગ્ટન ટેસ્ટમાં ભારતીય બેટ્સમેનોની કામગીરીને બિરદાવી હતી. શ્રેણીમાં વ્હાઇટ બોલ અને રેડ બોલ બંનેમાં ભારતની રમત પ્રશંસનીય રહી હોવાનું અને બેટિંગ અભિગમ ઉત્તમ દેખાતો હોવાનું તેમણે જણાવ્યું હતું.

શુભમન ગિલના નિર્ણય પર અશ્વિન ભડક્યો, કોહલીની કેપ્ટનસીમાંથી શીખવાની સલાહ

(એજન્સી) વેલિંગ્ટન । તા. 24

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે વેલિંગ્ટન ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચના છેલ્લા દિવસે લગભગ પંદર ઓવર બાકી હતી અને વિરોધી ટીમની પાંચ વિકેટ પડી ચૂકી હોવા છતાં કેપ્ટન શુભમન ગિલે મેચ ડ્રો કરવાનો નિર્ણય લેતા પૂર્વ સ્પિનર રવિચંદ્રન અશ્વિને આકરી નારાજગી વ્યક્ત કરી છે અને વિરાટ કોહલીની આક્રમક કેપ્ટનસીમાંથી શીખવાની સલાહ આપીને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના મહત્ત્વપૂર્ણ અંક ગુમાવવા બદલ સવાલો ઉઠાવ્યા છે.

વેલિંગ્ટન ટેસ્ટના પાંચમા દિવસે ભારતીય ટીમ મજબૂત સ્થિતિમાં દેખાઈ રહી હતી. જ્યારે રમત ડ્રો કરવા પર સહમતિ સધાઈ ત્યારે ન્યૂઝીલેન્ડનો સ્કોર બસો ઓગણચાલીસ રન પર પાંચ વિકેટ હતો અને તેઓ હજુ પણ એકસો તેર રન પાછળ હતા. મેચમાં હજુ લગભગ પંદર ઓવરનો સમય બાકી હોવા છતાં ભારતે વિજય માટે અંતિમ પ્રયાસ કરવાને બદલે ડ્રો પર સંતોષ માન્યો હતો. રવિચંદ્રન અશ્વિને પોતાના પોડકાસ્ટમાં સ્પષ્ટ જણાવ્યું કે શુભમન ગિલની આગેવાનીમાં ટીમે લડવાનો જુસ્સો બતાવ્યો નથી, જે એક સમયે વિરાટ કોહલીના નેતૃત્વની સૌથી મોટી ઓળખ હતી. મેચ ડ્રો થવાના કારણે ભારતે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના અંક કોષ્ટકમાં મહત્ત્વપૂર્ણ અંક ગુમાવવા પડ્યા છે, જે અશ્વિનના મતે ગંભીર ખોટ સમાન છે.

પોતાના વિચારો વ્યક્ત કરતી વખતે અશ્વિને વિરાટ કોહલીની લડાયક વૃત્તિનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે વિરાટ કોહલી હંમેશા છેલ્લા દડા સુધી જીત માટે લડતા હતા અને ક્યારેય હાર કે ડ્રો પહેલાં હથિયાર હેઠાં મૂકતા નહોતા. અશ્વિને મેદાન પર બનેલી ઘટનાનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે ડેરિલ મિચેલ બેટિંગ કરી રહ્યા હતા ત્યારે સાઈટ-સ્ક્રીનને લઈને થતી વાતો, કેપ્ટન પાસે જવું અને ખેલાડીઓ સાથે હસી-મજાક કરવી એ અગાઉ ક્યારેય જોવા મળ્યું નહોતું. અશ્વિનના મતે આપણી ટીમમાં આવી રીતે હસવા-મજાક કરવાનો ટ્રેન્ડ નથી અને જ્યારે કોઈ પરિણામ માટે જોર લગાવવાનું હોય ત્યારે સંપૂર્ણ એકાગ્રતા અને લડાયક મિજાજ જાળવી રાખવો જરૂરી છે.

અશ્વિને ટેસ્ટ ક્રિકેટની માંગ અને ખેલાડીઓની માનસિક તૈયારી પર ભાર મૂકતા જણાવ્યું કે દરેક પડકાર માટે ટીમે સજ્જ રહેવું જોઈએ. તેમણે કહ્યું કે આ ટેસ્ટ મેચમાં બુમરાહે લાંબા સ્પેલમાં બોલિંગ કરી હતી, અને જો બુમરાહ પર વધારે બોજ ન નાખવો હોય તો સ્પિનરો પાસે બોલિંગ કરાવીને તેમજ દર્શકોનો ઉત્સાહ વધારીને વિકેટ ખેરવવાનો પ્રયાસ કરવો જોઈતો હતો. અશ્વિનના મતે આખા મુકાબલામાં દબદબો જાળવી રાખવા છતાં વિરોધી ટીમને સંપૂર્ણ રીતે પરાસ્ત ન કરી શકાય તો તેના માટે કોઈ અંક મળતા નથી, કારણ કે અંક તો મેચ જીતવા પર જ મળે છે.



વાઇલ્ડર અને બાકોલે ટકરાશે રિંગમાં મોટી હલચલ, ઓપેટાઈયા ખસી જતા બાકોલેની એન્ટ્રી

ફ્યુરી-જોશુઆ મેચ પહેલાં મહત્ત્વનો જંગ

(એજન્સી) કાર્ડિફ । તા. 24



આગામી અગિયાર ડિસેમ્બરના રોજ કાર્ડિફ ખાતે ટાયસન ફ્યુરી અને એન્થોની જોશુઆ વચ્ચેના મહામુકાબલા પૂર્વેના કાર્યક્રમમાં અમેરિકાના ભૂતપૂર્વ હેવીવેઇટ ચેમ્પિયન ડિઓન્ટે વાઇલ્ડર અને કોંગોના મુક્કેબાજ માર્ટિન બાકોલે વચ્ચે ટક્કર થવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે, કારણ કે મૂળ પ્રતિસ્પર્ધી જય ઓપેટાઈયા હાથની ઈજાના લીધે ખસી જતાં ત્રેત્રીસ વર્ષીય બાકોલેને આ મહત્ત્વના મુકાબલામાં સ્થાન મળ્યું છે.

ઓસ્ટ્રેલિયાના જય ઓપેટાઈયા ડિઓન્ટે વાઇલ્ડર સામે હેવીવેઇટ વર્ગમાં પોતાની શરૂઆત કરવાના હતા, પરંતુ આ મહિનાની શરૂઆતમાં હાથની સમસ્યાના કારણે તેઓ આ મુકાબલામાંથી બહાર થઈ ગયા હતા. તેમના ખસી જવાથી માર્ટિન બાકોલે માટે મોટો અવસર ખુલ્યો છે. અગાઉ બાકોલેનો મુકાબલો નાઈજીરિયાના સોલોમન અડેબાયો સામે નક્કી થયો હતો, પરંતુ હવે તેઓ વાઇલ્ડર સામે સહ-મુખ્ય મુકાબલામાં રિંગમાં ઉતરશે. માર્ટિન બાકોલે મે બે હજાર પચ્ચીસમાં નાઈજીરિયાના ઈકે અજાગ્બા સામે બહુમતી ડ્રો બાદ કોઈ મુક્કાબાજી રમ્યા નથી, અને તે પહેલાં આશરે ત્રણ મહિના અગાઉ ન્યૂઝીલેન્ડના જોસેફ પાર્કર સામે ટૂંકી નોટિસ પર સ્વીકારેલા મુકાબલામાં બીજા રાઉન્ડમાં નોકઆઉટ દ્વારા તેમને હાર મળી હતી.

બે હજાર પંદરથી બે હજાર વીસ સુધી હેવીવેઇટ ખિતાબ જાળવી રાખનાર ડિઓન્ટે વાઇલ્ડર પિસ્તાલીસ જીત, ચાર હાર અને એક ડ્રો સાથેનો વ્યાવસાયિક રેકોર્ડ ધરાવે છે. એકતાલીસ વર્ષીય વાઇલ્ડર પોતાના પ્રચંડ અને વિનાશક મુક્કાના પ્રહાર માટે જાણીતા છે, અને હવે તેઓ રિંગમાં એવા જ જોરદાર પ્રહાર કરનારા મુક્કેબાજ બાકોલે સામે ટકરાશે. વાઇલ્ડર અને બાકોલે ટકરાશે ત્યારે બંને ખેલાડીઓની આક્રમક શૈલીને કારણે મુકાબલો અત્યંત રોમાંચક બને તેવી શક્યતા છે.

આ સમગ્ર કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ભૂતપૂર્વ હેવીવેઇટ ચેમ્પિયન ટાયસન ફ્યુરી અને એન્થોની જોશુઆ વચ્ચેની પ્રથમ મુલાકાત છે. જાહેર માગ અને ભારે ઉત્સુકતા છતાં અગાઉ ક્યારેય સામસામે ન આવેલા આ બંને બ્રિટિશ પ્રતિસ્પર્ધીઓ આખરે રિંગમાં આમને-સામને થશે.

ડીઆરએમ ચેમ્પિયનશિપ 2026-27 // પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં 7મી ડીઆરએમ ચેમ્પિયનશિપ 2026-27નો ભવ્ય પ્રારંભ

11 રમતોની 38 ઇવેન્ટ્સમાં 1200 જેટલા રેલવે કર્મચારીઓ ભાગ લેશે

(એજન્સી) અમદાવાદ । તા. 24





પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં અમદાવાદ મંડળ સ્પોર્ટ્સ એસોસિએશન (ADSA) દ્વારા આયોજિત 7મી ડીઆરએમ ચેમ્પિયનશિપ વર્ષ 2026-27 નો શુભારંભ 24 નવેમ્બર, 2026ના રોજ સાબરમતી સ્થિત સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે એસોસિએશનના અધ્યક્ષ અને અમદાવાદના મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો શુભારંભ મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ દ્વારા ટ્રોફીનું અનાવરણ કરીને તેમજ તમામ સહભાગી ખેલાડીઓને ખેલદિલી અને નિષ્પક્ષ સ્પર્ધાની શપથ લેવડાવીને કરવામાં આવ્યો હતો.

વર્ષ 2026-27ની આ ચેમ્પિયનશિપમાં કુલ 11 રમતો અંતર્ગત 38 ઇવેન્ટ્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે. અમદાવાદ મંડળના 16 વિભાગોના આશરે 1100થી 1200 રેલવે કર્મચારીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. કર્મચારીઓની વ્યાપક સહભાગિતાને કારણે આ ચેમ્પિયનશિપ પશ્ચિમ રેલવેની મુખ્ય અને સૌથી મોટી રમતગમત સ્પર્ધાઓમાંની એક બની છે.

ચેમ્પિયનશિપમાં ક્રિકેટ, ફૂટબોલ, વૉલીબૉલ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, કેરમ, ચેસ અને એથ્લેટિક્સ સહિતની વિવિધ લોકપ્રિય રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સ્પર્ધામાં કુલ 16 ટીમો ભાગ લઈ રહી છે, જેમાં મંડળના વિવિધ વિભાગો, કારખાનું, સાબરમતી સ્ટોર તેમજ ગાંધીધામ એરિયા મેનેજરની ટીમનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશે પોતાના સંબોધનમાં ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે રમતગમત કર્મચારીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને સુધારવાની સાથે શિસ્ત, ટીમ ભાવના અને પરસ્પર સંકલનને પણ મજબૂત બનાવે છે. તેમણે તમામ સહભાગીઓને ખેલદિલીની ભાવના સાથે સ્પર્ધામાં ભાગ લેવા અને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

ડીઆરએમ ચેમ્પિયનશિપનો મુખ્ય ઉદ્દેશ રેલવે કર્મચારીઓમાં ખેલદિલીની ભાવનાને પ્રોત્સાહન આપવું, ટીમવર્ક અને પરસ્પર સહયોગને પ્રોત્સાહન આપવું તેમજ શારીરિક તંદુરસ્તી પ્રત્યે જાગૃતિ કેળવવાનો છે. આ આયોજન કર્મચારીઓને રમતગમતના માધ્યમથી પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવાની અને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવાની તક પૂરી પાડે છે.

ભારતીય બોડીબિલ્ડર શોધન રાયે લાસ વેગાસમાં નેચરલ ઓલિમ્પિયા 2026માં સિલ્વર મેડલ જીત્યો



લાસ વેગાસ : આયર્ન મેન વર્લ્ડ નેચરલ બોડીબિલ્ડિંગ વર્લ્ડ કપમાં બે ગોલ્ડ મેડલ જીત્યા બાદ 45 વર્ષીય નેચરલ બોડીબિલ્ડર શોધન રાયે યુએસએના લાસ વેગાસમાં નેચરલ ઓલિમ્પિયા 2026માં સિલ્વર મેડલ મેળવ્યો છે, જેનાથી ત્રણ દાયકાથી વધુ સમય સુધી ચાલેલી તેમની કારકિર્દીમાં વધુ એક આંતરરાષ્ટ્રીય સિદ્ધિનો ઉમેરો થયો છે.બીજી પેઢીના બોડીબિલ્ડર, બેંગલુરુ સ્થિત રાયે 39 આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે અને વર્લ્ડ કપ, યુનિવર્સ, ઈન્ટરનેશનલ પેસિફિક રિમ, નેચરલ ઓલિમ્પિયા અને એશિયા પેસિફિક ચેમ્પિયનશિપમાં પોડિયમ ફિનિશનો પ્રભાવશાળી રેકોર્ડ બનાવ્યો છે.સ્પર્ધા પહેલા પ્રદર્શનના મજબૂત દોર પછી સિલ્વર મેડલ મળ્યો છે. આ મહિનાની શરૂઆતમાં, રાયે આયર્ન મેન વર્લ્ડ નેચરલ બોડીબિલ્ડિંગ વર્લ્ડ કપમાં બે ગોલ્ડ મેડલ જીત્યા હતા, જે જુનિયર માસ્ટર્સ અને માસ્ટર્સ બંને કેટેગરીમાં પ્રથમ સ્થાને રહ્યા હતા. આ પ્રદર્શને નેચરલ બોડીબિલ્ડિંગ માટેના સૌથી મોટા આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પૈકીના એક નેચરલ ઓલિમ્પિયા પહેલા તેની તૈયારીને મહત્વપૂર્ણ પ્રોત્સાહન આપ્યું હતું.રાય અગાઉ નેચરલ ઓલિમ્પિયામાં આઠ મેડલ જીત્યા હતા, જેમાં બે સિલ્વર અને છ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. આ તાજેતરનું પરિણામ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં તેમના રેકોર્ડમાં ઉમેરો કરે છે.પોતાના પ્રદર્શન પછી બોલતા, શોધન રાયે કહ્યું, 'નેચરલ ઓલિમ્પિયામાં બીજો મેડલ જીતવો એ મારા માટે ખૂબ જ ખાસ ક્ષણ છે. હું 30 વર્ષથી વધુ સમયથી સ્પર્ધા કરી રહ્યો છું, અને જ્યારે પણ હું આંતરરાષ્ટ્રીય મંચ પર પગ મૂકું છું, ત્યારે ભારતનું પ્રતિનિધિત્વ કરવાનો ગર્વ એટલો જ રહે છે. મેં આ વર્ષે ગોલ્ડ જીતવા પર મારી નજર રાખી હતી, પરંતુ હું આ પરિણામ અને વિશ્વના કેટલાક શ્રેષ્ઠ નેચરલ બોડીબિલ્ડરો સાથે સ્પર્ધા કરવાની તક માટે આભારી છું. મારા માટે, આ સફર ભારતીય રમતવીરોની આગામી પેઢીને શિસ્ત, સુસંગતતા અને સ્વચ્છ રમત દ્વારા શું શક્ય છે તે બતાવવા વિશે પણ છે.'INBA હોલ ઓફ ફેમમાં પ્રવેશ મેળવનાર, રાય કર્ણાટક સરકાર તરફથી એકલવ્ય પુરસ્કાર પ્રાપ્તકર્તા પણ છે. સ્પર્ધાત્મક બોડીબિલ્ડિંગ ઉપરાંત, તેમણે પોતાને ફિટનેસ પ્રોફેશનલ તરીકે સ્થાપિત કર્યા છે અને ઝેરોડાના સહ-સ્થાપક નિખિલ કામથ સહિત અનેક ઉચ્ચ-પ્રોફાઈલ હસ્તીઓના સલાહકાર તરીકે સેવા આપી છે.રાય માને છે કે કુદરતી બોડીબિલ્ડિંગમાં ભારતમાં વિકાસ થવાની અને વ્યાપક પ્રેક્ષકો સુધી પહોંચવાની નોંધપાત્ર સંભાવના છે.

સોડિયમ પરક્લોરેટ જપ્ત કરાયું, બાંગ્લાદેશ જતું જહાજ ઝડપાયું

ચીનનું જહાજ જપ્ત થતાં સંરક્ષણ જગતમાં હલચલ

(એજન્સી) જાકાર્તા । તા. 24

ઈન્ડોનેશિયાના નૌકાદળે સાતમી નવેમ્બરના રોજ ઈન્ડોનેશિયન સમુદ્રમાં બેલાવન નજીક નિર્ધારિત માર્ગથી દૂર શંકાસ્પદ રીતે ફરતા ચીનના જહાજને અટકાવીને તેમાંથી ૧૦૦ જેટલા મિસાઈલ બનાવી શકાય તેટલો ૪૦૫ ટન સોડિયમ પરક્લોરેટનો જથ્થો જપ્ત કર્યો છે, જે ચીનના લિયાનયુગાંગ બંદરથી બાંગ્લાદેશના મોંગલા પોર્ટ તરફ જઈ રહ્યું હતું અને આ ઘટનાએ દરિયાઈ સુરક્ષા તથા વ્યૂહાત્મક સંતુલન અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

ઈન્ડોનેશિયાના સમુદ્રમાં બેલાવન નામના સ્થળ નજીક એક જહાજ નિર્ધારિત માર્ગ છોડીને અસામાન્ય રીતે ફરતું હોવાની માહિતી મળતા નૌકાદળ સતર્ક બન્યું હતું. સાતમી નવેમ્બરના રોજ આ જહાજ બેલાવનમાં રિફ્યુલિંગ માટે રોકાયું ત્યારે તેની હિલચાલ વધુ શંકાસ્પદ જણાઈ હતી. નૌકાદળના પેટ્રોલ વેસલ કેઆરઆઈ સિગલુ-૮૫૭ દ્વારા જહાજની ગતિવિધિઓ પર નજર રાખવામાં આવી હતી અને ચકાસણી માટે સંપર્ક સાધવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન જહાજના દસ્તાવેજો અને વહન કરવામાં આવી રહેલા માલસામાનમાં સ્પષ્ટ વિસંગતતા જોવા મળી હતી. ઈન્ડોનેશિયન નૌકાદળના પ્રાદેશિક કમાન્ડર રિયર એડમિરલ ડેની સેપ્ટિયાનાએ આ સમગ્ર કાર્યવાહીની વિગતો જાહેર કરી હતી. ચીનનું જહાજ જપ્ત થતાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો પર ગેરકાયદે કે શંકાસ્પદ પરિવહન સામે કડક દેખરેખની જરૂરિયાત ફરી એકવાર સામે આવી છે.

નૌકાદળની તપાસમાં બહાર આવ્યું કે જપ્ત કરાયેલા જહાજમાં કુલ ૧૬ કન્ટેનર હતા, જેમાંથી ૧૫ કન્ટેનર સોડિયમ પરક્લોરેટથી ભરેલા હતા. આ રસાયણનો કુલ વજન ૪૦૫ ટન જેટલો થાય છે. સોડિયમ પરક્લોરેટ એ ઔદ્યોગિક ઉપયોગ ધરાવતું વ્યૂહાત્મક ઓક્સિડાઇઝિંગ એજન્ટ છે, જેનો ઉપયોગ રોકેટના ઉત્પાદનમાં, મિસાઈલ પ્રોપેલન્ટ બનાવવામાં તેમજ



ખાસ પ્રકારના વિસ્ફોટકો તૈયાર કરવામાં થઈ શકે છે. રિયર એડમિરલ ડેનીએ સ્પષ્ટ જણાવ્યું હતું કે આ જથ્થામાંથી ઓછામાં ઓછા ૧૦૦ મિસાઈલ સરળતાથી તૈયાર કરી શકાય તેમ છે. આ ઉપરાંત જહાજ પરથી ૫૪ પેલેટ્સ પણ જપ્ત કરવામાં આવ્યા હતા, જેમાં લાખોની સંખ્યામાં બિન-નોંધાયેલા ફોર-જી એલટીઈ બ્લેન્ક સિમકાર્ડ હોવાનું સામે આવ્યું છે. આટલા મોટા પ્રમાણમાં સંવેદનશીલ રસાયણ અને સંચાર સાધનોના પરિવહનથી સુરક્ષા એજન્સીઓ ચોંકી ઉઠી છે.

આ જહાજ ચીનના લિયાનયુગાંગ બંદર પરથી રવાના થયું હતું અને આઠમી નવેમ્બરના રોજ બાંગ્લાદેશના મોંગલા બંદર પર પહોંચવાનું હતું. પરંતુ નિર્ધારિત સમયપત્રકથી વિપરીત તેણે ઈન્ડોનેશિયન સમુદ્રમાં બિન-નિર્ધારિત સ્ટોપ લીધું હતું. સૌથી મોટો પ્રશ્ન એ ઊભો થયો છે કે જ્યારે બાંગ્લાદેશ પાસે પોતાની મિસાઈલ સાઇટ્સ સુદ્ધા નથી, ત્યારે મિસાઈલ અને રોકેટ પ્રોપેલન્ટમાં ઉપયોગી ૪૦૫ ટન રસાયણનો જથ્થો બાંગ્લાદેશ તરફ કેમ મોકલવામાં આવી રહ્યો હતો.

સંરક્ષણ વિશ્લેષકોના મતે, પાડોશી દેશોની આસપાસ આવી વ્યૂહાત્મક સામગ્રીની હેરફેર ભારત માટે પણ ચિંતાનો વિષય બની શકે છે, કારણ કે તે ભારત વિરુદ્ધના સંભવિત કાવતરાં કે વ્યૂહાત્મક દબાણના ભાગરૂપે જોવામાં આવી રહી છે. હાલ આ કાર્ગોના વાસ્તવિક આયાતકારની ઓળખ પ્રસ્થાપિત થઈ શકી નથી, જે તપાસનો મુખ્ય મુદ્દો બન્યો છે.

સાત દરિયાઈ ડ્રોન વડે હુમલો, બેનગાઝી બંદરે જહાજ ગરકાવ

યુદ્ધજહાજ મર્કરી ડૂબતા લિબિયામાં ભીષણ હલચલ



(એજન્સી) મોસ્કો । તા. 24

યુક્રેનના સૈન્ય દળોએ બાવીસ નવેમ્બરના રોજ આફ્રિકન દેશ લિબિયાના બેનગાઝી બંદર પર સાત દરિયાઈ ડ્રોન વડે ધસમસતો હુમલો કરીને રશિયાના યુદ્ધજહાજ મર્કરીને સમુદ્રમાં ડુબાડી દીધું છે અને સાથોસાથ એક ફાઈટર હેલિકોપ્ટર તેમજ હથિયારોની હેરાફેરી કરતા જહાજને પણ નિશાન બનાવ્યું છે, જેના પગલે ભૂમધ્ય સમુદ્ર અને આફ્રિકાના દરિયાઈ વિસ્તારમાં લશ્કરી તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીએ પોતાના સત્તાવાર સંદેશા માધ્યમ પર આ ઘટનાની વિગતો જાહેર કરતા જણાવ્યું હતું કે યુક્રેની દળોએ પોતાની લશ્કરી કાર્યવાહીનો વ્યાપ વધારતા લિબિયાના દરિયાકાંઠે રશિયન નૌકાદળની સંપત્તિને નિશાન બનાવી છે. બાવીસ નવેમ્બરના રોજ સાત દરિયાઈ ડ્રોન દ્વારા બેનગાઝી બંદર ખાતે તૈનાત રશિયન યુદ્ધજહાજ મર્કરી પર હુમલો કરવામાં આવ્યો હતો, જેના પરિણામે આ જહાજ દરિયામાં સમાઈ ગયું હતું. આ હુમલા દરમિયાન જહાજ કે આસપાસ રહેલું રશિયન સેનાનું કા-૨૭ ફાઈટર હેલિકોપ્ટર પણ સંપૂર્ણપણે નાશ પામ્યું હતું. યુદ્ધજહાજ મર્કરી ડૂબતા રશિયન નૌકાદળની હાજરી અને દરિયાઈ પ્રભુત્વને મોટો ફટકો પડ્યો હોવાનું સંરક્ષણ નિષ્ણાતો માની રહ્યા છે.

આ જ કાર્યવાહીના ભાગરૂપે યુક્રેની દળોએ રશિયા સાથે જોડાયેલા અન્ય એક જહાજ એમવી અંગારાને પણ નિશાન બનાવ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ આ જહાજનો ઉપયોગ હથિયારોની હેરાફેરી માટે કરવામાં આવતો હતો. લિબિયન રાષ્ટ્રીય સેના દ્વારા જાહેર કરાયેલા દ્રશ્યો અનુસાર આ જહાજ પરનો હુમલો બેનગાઝીના દરિયાકાંઠાથી આશરે છ કિલોમીટર દૂર સમુદ્રમાં થયો હતો. હથિયારોના પુરવઠા સાથે સંકળાયેલા જહાજને નિશાન બનાવીને યુક્રેને રશિયાની લોજિસ્ટિક અને સૈન્ય પુરવઠા વ્યવસ્થાને નબળી પાડવાનો પ્રયાસ કર્યો છે.

આટલા મોટા હુમલા અને યુદ્ધજહાજ તેમજ હેલિકોપ્ટરના નુકસાન અંગે રશિયાના સંરક્ષણ મંત્રાલય તરફથી તાત્કાલિક કોઈ સત્તાવાર પ્રતિક્રિયા કે નિવેદન સામે આવ્યું નથી. ઉલ્લેખનીય છે કે ફિનલેન્ડની ખાડીમાં રશિયા સાથે સંકળાયેલા એક માલવાહક જહાજ પર ડ્રોન હુમલાના થોડા જ સમય બાદ યુક્રેને આફ્રિકાના દરિયાકાંઠે આ કાર્યવાહી કરી છે. આ ઘટનાક્રમ દર્શાવે છે કે યુક્રેન હવે માત્ર પૂર્વ યુરોપના યુદ્ધક્ષેત્ર પૂરતું સીમિત ન રહેતા દૂરના દરિયાઈ માર્ગો અને વિદેશી બંદરો પર પણ ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરીને રશિયાને પડકાર આપી રહ્યું છે.

આફ્રિકાના દરિયાકાંઠે બનેલી આ ઘટનાએ વૈશ્વિક દરિયાઈ સુરક્ષા અને બંદરોની સલામતી અંગે નવા પ્રશ્નો ઊભા કર્યા છે. જ્યારે આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર ડ્રોન હુમલા જેવી ઘટનાઓ બને છે, ત્યારે વૈશ્વિક વેપાર માર્ગો અને દરિયાઈ પરિવહન પર તેની અસર પડવાની શક્યતા રહે છે.

વીડિયો અને ઉપગ્રહ તસવીરો દ્વારા પુષ્ટિ

રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કીએ હુમલાનો વીડિયો જાહેર કર્યો છે, જેમાં દરિયાઈ ડ્રોન બંને જહાજો સાથે ટકરાતા અને ત્યારબાદ જહાજોમાંથી આગ તથા ધુમાડાના ઘટ્ટ ગોટેગોટા ઊઠતા સ્પષ્ટ જોઈ શકાય છે. મીડિયા અહેવાલ મુજબ, આંતરરાષ્ટ્રીય સમાચાર સંસ્થા દ્વારા વીડિયોમાં દેખાતા જહાજોની ઓળખ મર્કરી અને એમવી અંગારા તરીકે કરવામાં આવી છે. ઉપરાંત ઉપગ્રહ દ્વારા લેવામાં આવેલી તસવીરો પરથી પણ બાવીસ નવેમ્બરના રોજ બેનગાઝી બંદર ખાતે મર્કરી જહાજને ભારે નુકસાન પહોંચ્યું હોવાની પુષ્ટિ થઈ છે. આ પુરાવાઓએ સમગ્ર ઘટનાક્રમની ગંભીરતા વધુ સ્પષ્ટ કરી છે.

ન્યૂઝ બ્રીફ

શેખ હસીના વતન પરત ફરશે તો ધરપકડ નિશ્ચિત



ઢાકા | બાંગ્લાદેશના પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાએ બે વર્ષના નિર્વાસન બાદ આગામી સોળ ડિસેમ્બરના રોજ વિજય દિવસના અવસરે પોતાના વતન પરત ફરવાની જાહેરાત કરીને દિલ્હીથી ખાસ વિમાનની વ્યવસ્થા કરવાની માંગ કરી છે, પરંતુ ઢાકા સરકારે નવો પાસપોર્ટ આપવાનો ઇનકાર કરીને સ્પષ્ટ કરી દીધું છે કે જો તેઓ દેશમાં પગ મૂકશે તો માનવતા વિરુદ્ધના ગુનાઓ હેઠળ સંભળાવાયેલી ફાંસીની સજાના અમલ માટે તેમની તાત્કાલિક ધરપકડ કરવામાં આવશે. ઓગસ્ટ ૨૦૨૪માં વિદ્યાર્થીઓના ઉગ્ર આંદોલનને પગલે પંદર વર્ષ જૂના શાસનનો અંત આવ્યા બાદ શેખ હસીના દેશ છોડીને ભારત આવી ગયા હતા. હવે બે વર્ષ કરતાં વધુ સમય વીતી ગયા બાદ પહેલીવાર તેમણે ચોક્કસ તારીખ સાથે વતન પરત ફરવાનો નિર્ણય જાહેર કર્યો છે. બાંગ્લાદેશમાં સોળ ડિસેમ્બરનો દિવસ વર્ષ ૧૯૭૧માં પાકિસ્તાનથી મળેલી આઝાદીની યાદમાં વિજય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. હસીનાના પ્રવક્તા સૈયદ મોઝમ્મેલ અલીએ મંગળવારે માહિતી આપતા જણાવ્યું હતું કે પૂર્વ વડાંપ્રધાન આ ઐતિહાસિક દિવસે ઢાકા પરત ફરવા ઈચ્છે છે અને બાંગ્લાદેશ સરકારે તેમને દિલ્હીથી રાષ્ટ્રીય વિમાન સેવા મારફતે પરત લાવવાની વ્યવસ્થા કરવી જોઈએ.

હુથીઓ સાઉદી પર ત્રાટક્યા, આગામી વર્ષે ઈરાન પર હુમલાની ટ્રમ્પની ધમકી



વોશિંગ્ટન | યમનના બળવાખોર જુથ હુથી દ્વારા સાઉદી પર હુમલા કરવામાં આવ્યા હતા અને ઓઇલ રિફાઇનરીઓને નિશાન બનાવવામાં આવી હતી, આ દાવો હુથીઓ દ્વારા જારી એક નિવેદનમાં કરવામાં આવ્યો હતો, બળવાખોર જુથે વધુમાં કહ્યું હતું કે અમે સીધા સાઉદીના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન સાધીને આ હુમલો કર્યો હતો. જ્યારે ઈરાને પણ અમેરિકાને વળતા હુમલાની ધમકી આપી છે. હુથીઓએ જણાવ્યું હતું કે સાઉદી અને તેના સમર્થક સૈન્ય દ્વારા કરાયેલા હુમલામાં ૧૧ લોકો માર્યા ગયા હતા, બાદમાં સાઉદી પર હુમલો કરવામાં આવ્યો હતો. પશ્ચિમ યમનમાં કરાયેલા આ હુમલામાં ૧૯થી વધુ લોકો ઘાયલ થયા હતા. હાલ સાઉદી અને હુથીઓ બન્ને દ્વારા સામસામે હુમલા કરવામાં આવી રહ્યા છે. જ્યારે ઈરાને પણ અમેરિકાને વળતો હુમલો કરવાની ધમકી આપી છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વર્ષ ૨૦૨૭માં વધુ આકરા હુમલા કરવાની ચેતવણી આપી છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઇલ બઘેઇએ કહ્યું હતું કે અમારા પર હુમલો કરવામાં આવ્યો તો તેનો જડબાતોડ જવાબ આપવામાં આવશે. ઈરાનની બેલિસ્ટિક મિસાઈલો તૈયાર જ છે.

સાઇબેરિયાની રિફાઇનરી પર પણ હુમલો

રશિયન યુદ્ધ જહાજ ડૂબતા આફ્રિકા સુધી યુદ્ધની જ્વાળા, ડ્રોન હુમલામાં જહાજ સમુદ્રમાં ગરકાવ

(એજન્સી) મોસ્કો । તા. 24

યુક્રેન દ્વારા લિબિયામાં આવેલા રશિયાના નૌકાદળ મથક પર ડ્રોન વડે કરાયેલા ભીષણ હુમલામાં રશિયન યુદ્ધ જહાજ સમુદ્રમાં ડૂબી ગયું છે અને વિમાનવાહક જહાજ મર્ક્યુરીને પણ ભારે નુકસાન પહોંચ્યું છે, જ્યારે સામે પક્ષે રશિયાએ ચોવીસ કલાકમાં યુક્રેન પર ૮૪૩ હુમલા કરીને એક વ્યક્તિનો ભોગ લેતા યુદ્ધની જ્વાળા હવે આફ્રિકા ખંડ સુધી પ્રસરી છે અને લિબિયાએ સંયુક્ત રાષ્ટ્રને હસ્તક્ષેપ કરવા અપીલ કરી છે.

પૂર્વ યુરોપ પૂરતો સીમિત મનાતો રશિયા અને યુક્રેન વચ્ચેનો સંઘર્ષ હવે ભૌગોલિક સીમાઓ ઓળંગીને આફ્રિકાના દરિયાકિનારે પહોંચી ગયો છે. યુક્રેનના સૈન્ય દળોએ લિબિયામાં સ્થિત રશિયાના નેવી બેઝને નિશાન બનાવીને ડ્રોન હુમલાની શ્રેણી ચલાવી હતી.

આ હુમલામાં રશિયાનું એક મહત્ત્વપૂર્ણ યુદ્ધ જહાજ ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થઈને સમુદ્રમાં સમાઈ ગયું હતું. રશિયન યુદ્ધ જહાજ ડૂબતા નૌકાદળ મથક પર ભારે અફરાતફરી મચી ગઈ હતી અને સમગ્ર વિસ્તારમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ હુમલામાં રશિયાના વિમાનવાહક જહાજ મર્ક્યુરીને પણ મોટું નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે, સાથોસાથ રશિયાના એક માલવાહક જહાજને પણ નિશાન બનાવવામાં આવ્યું હતું. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ આ સમગ્ર કાર્યવાહીની પુષ્ટિ કરતો વીડિયો જાહેર કરીને રશિયન સૈન્યને મોટો ફટકો આપ્યો હોવાનો સંદેશ આપ્યો હતો.



દરિયાઈ મોરચે હુમલાની સાથોસાથ યુક્રેને રશિયાના આંતરિક વિસ્તારોમાં પણ પોતાની પ્રહાર ક્ષમતાનો પરચો બતાવ્યો છે. યુક્રેને આશરે ૨,૭૦૦ કિલોમીટર દૂર આવેલા સાઇબેરિયા વિસ્તારમાં રશિયાની ક્રૂડ ઓઇલ રિફાઇનરીઓ પર ડ્રોન હુમલા કર્યા હતા. આ ઉપરાંત રોસ્ટોવ પ્રાંતમાં પણ આવેલી એક રશિયન ઓઇલ રિફાઇનરી પર સોમવારે ડ્રોન અને મિસાઈલ વડે સતત છ કલાક સુધી હુમલા ચાલુ રહ્યા હતા, જેના કારણે રિફાઇનરીની કામગીરી સંપૂર્ણપણે અટકાવી દેવાની ફરજ પડી હતી.

સ્થાનિક ગવર્નર યુરીએ આ હુમલાની ગંભીરતા સ્વીકારતા જણાવ્યું હતું કે લાંબા સમય સુધી ચાલેલા પ્રહારોને લીધે ઊર્જા ઉત્પાદન પ્રક્રિયા ખોરવાઈ ગઈ છે. રશિયાના આર્થિક અને લશ્કરી પુરવઠાની કરોડરજ્જુ ગણાતા તેલ મથકો પર થયેલા આ હુમલાઓએ રશિયન તંત્રની ચિંતા વધારી દીધી છે.

યુક્રેનના આક્રમક વલણ સામે રશિયાએ પણ જમીની અને હવાઈ મોરચે પ્રચંડ વળતો પ્રહાર કર્યો છે. રશિયન સેનાએ માત્ર ચોવીસ કલાકના ટૂંકા ગાળામાં યુક્રેનના વિવિધ વિસ્તારો પર ૮૪૩ જેટલા હુમલા કર્યા હતા. આ ભીષણ બોમ્બમારામાં એક નાગરિકનું મૃત્યુ નીપજ્યું હતું અને સંખ્યાબંધ રહેણાંક તેમજ વ્યાવસાયિક ઇમારતોને ભારે નુકસાન પહોંચ્યું હતું. બીજી તરફ, લિબિયામાં થયેલા યુક્રેનના હુમલામાં લિબિયા અને રશિયાના મળીને દસથી વધુ નાગરિકો ઘાયલ થયા હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. બંને દેશો તરફથી થઈ રહેલા આ પ્રતિહુમલાઓ દર્શાવે છે કે યુદ્ધ શાંત પડવાને બદલે વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યું છે.

પોતાની ધરતી અને દરિયાઈ વિસ્તારમાં વિદેશી શક્તિઓના સીધા ટકરાવથી ચિંતિત લિબિયાની સરકારે આંતરરાષ્ટ્રીય સ્તરે અવાજ ઉઠાવ્યો છે. લિબિયાએ સંયુક્ત રાષ્ટ્રને સત્તાવાર પત્ર લખીને આ સમગ્ર મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગણી કરી છે, જેથી તેમના પ્રદેશમાં યુદ્ધની આગ વધુ ન ફેલાય. આંતરરાષ્ટ્રીય રાજકારણની દૃષ્ટિએ જોઈએ તો અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ રોકવા માટે સતત મોટા દાવાઓ અને બેઠકો કરી રહ્યા છે, પરંતુ જમીની હકીકત સાવ વિપરીત જોવા મળી રહી છે. અનેક તબક્કાની મંત્રણાઓ છતાં યુદ્ધવિરામની કોઈ નક્કર અસર દેખાતી નથી અને સંઘર્ષ નવા વિસ્તારોમાં વિસ્તરી રહ્યો છે.

રશિયન યુદ્ધ જહાજ ડૂબતા અને ઓઇલ રિફાઇનરીઓ પર હુમલા થતા આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઇલ બજાર અને દરિયાઈ વેપાર માર્ગો પર અનિશ્ચિતતાના વાદળો ઘેરાયા છે. જ્યારે વિશ્વના મુખ્ય તેલ ઉત્પાદક વિસ્તારો અને દરિયાઈ માર્ગો સંઘર્ષની ઝપેટમાં આવે છે, ત્યારે તેની સીધી અસર વૈશ્વિક ઈંધણના ભાવ અને પુરવઠા શૃંખલા પર પડતી હોય છે. ગુજરાત જેવા ઔદ્યોગિક અને વેપારી રાજ્યના વાચકો માટે આ ઘટનાક્રમ અત્યંત મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આંતરરાષ્ટ્રીય બજારની ઉથલપાથલ સ્થાનિક વેપાર, આયાત-નિકાસ અને ઊર્જા ખર્ચને પ્રભાવિત કરે છે. આફ્રિકા સુધી પહોંચેલો આ સંઘર્ષ આગામી દિવસોમાં વૈશ્વિક કૂટનીતિ માટે મોટી કસોટી સાબિત થશે તે નિશ્ચિત છે.

ખરીદી કરતા પહેલા ગૂગલ નહીં, એઆઈને પૂછશે કસ્ટમર

(એજન્સી) કેલિફોર્નિયા । તા. 24

એક સમયે કોઈ વસ્તુ ખરીદવી હોય તો લોકો ગૂગલ પર સર્ચ કરીને અલગ-અલગ વેબસાઇટની કિંમત અને રિવ્યૂ તપાસતા હતા. હવે આ પદ્ધતિમાં ઝડપથી ફેરફાર થઈ રહ્યો છે. ગ્રાહકો સીધા એઆઈને પૂછે છે કે કયો મોબાઇલ સારો છે, ઓછા બજેટમાં કઈ વોશિંગ મશીન ખરીદવી જોઈએ અથવા કઈ બ્રાન્ડની વસ્તુ વધુ સારી છે. એઆઈ ગ્રાહકના બજેટ, પસંદગી અને જરૂરિયાત પ્રમાણે વિકલ્પો સૂચવે છે. આ બદલાવને કારણે ઓનલાઇન ખરીદીની દુનિયામાં એઆઈ એક નવા સર્ચ એન્જિન તરીકે ઉભરી રહ્યું છે.

જાણીતી કન્સલ્ટિંગ કંપનીના નવેમ્બર ૨૦૨૬ના રિપોર્ટ અનુસાર, અમેરિકાના લગભગ ૩૩ ટકા અને યુરોપના ૩૬ ટકા ગ્રાહકો ખરીદીની પ્રક્રિયાના કોઈને કોઈ તબક્કે એઆઈ આસિસ્ટન્ટનો ઉપયોગ કરે છે. ૨૦૨૫માં આ આંકડો અમેરિકામાં ૧૯ ટકા અને યુરોપમાં માત્ર ૮ ટકા હતો. એટલે એક વર્ષમાં યુરોપમાં એઆનો ઉપયોગ કરનારા ગ્રાહકોની સંખ્યા સાડાચાર ગણી થઈ છે.

રિપોર્ટનો સૌથી રસપ્રદ આંકડો એ છે કે રિટેલ કંપનીઓની વેબસાઇટ પર એઆઈ મારફત આવતા ગ્રાહકોનો હિસ્સો હજુ એક ટકાથી ઓછો છે. જોકે, આવા ગ્રાહકોની ખરીદી કરવાની શક્યતા સામાન્ય રીતે અન્ય માધ્યમથી આવતા ગ્રાહકો કરતાં ૯૦ ટકા વધુ છે. તેનું કારણ એ છે કે એઆઈનો ઉપયોગ કરનારા ઘણા ગ્રાહકો પહેલેથી જ પોતાની જરૂરિયાત, બજેટ અને પસંદગી નક્કી કરીને આવે છે. તેઓ માત્ર માહિતી મેળવવા નહીં, પરંતુ ખરીદીનો નિર્ણય લેવા એઆઈની મદદ લે છે.

રશિયન લશ્કરી વિમાનો દેખાતા ફાઇટર જેટ્સ ઉડાવ્યા, ફાઇટર જેટ્સ દ્વારા સઘન દેખરેખ

(એજન્સી) સિઓલ । તા. 24

પૂર્વ કિનારે આવેલા સંવેદનશીલ હવાઈ ઓળખ વિસ્તારમાં મંગળવારે રશિયાના લશ્કરી વિમાનો અચાનક ધસી આવતા દક્ષિણ કોરિયાની સેના તાત્કાલિક હરકતમાં આવી હતી અને હવાઈ દળના યુદ્ધ વિમાનો આકાશમાં રવાના કર્યા હતા, પરંતુ કોઈપણ હવાઈ સીમાના ઉલ્લંઘન વગર આ વિમાનો પરત ફર્યા હતા અને સાથોસાથ પૂર્વ કિનારાના ટાપુ માટે અપાયેલી ખાલી કરવાની ચેતવણી માત્ર ત્રણ મિનિટમાં પાછી ખેંચી લેવામાં આવતા સ્થાનિક તંત્ર અને નાગરિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

મંગળવારે બપોરના સમયે દક્ષિણ કોરિયાના પૂર્વ કિનારે નિર્ધારિત હવાઈ સંરક્ષણ ઓળખ ઝોનમાં રશિયાના એક કરતાં વધુ લશ્કરી વિમાનો દાખલ થયા હોવાની જાણકારી મળતા જ સુરક્ષા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. દક્ષિણ કોરિયાના સંયુક્ત ચીફ્સ ઓફ સ્ટાફ કચેરી દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર નિવેદન મુજબ, રશિયન વિમાનો આ વિસ્તારમાં પ્રવેશ્યા ત્યારથી લઈને બહાર નીકળી ગયા ત્યાં સુધી સૈન્ય રડાર અને નિરીક્ષણ પ્રણાલી દ્વારા સતત તેમના પર નજર રાખવામાં આવી રહી હતી. સંભવિત કોઈ અનિચ્છનીય પરિસ્થિતિ કે અથડામણ ટાળવા માટે દક્ષિણ કોરિયાના ફાઇટર જેટ્સે આકાશમાં વ્યૂહાત્મક કાર્યવાહી અને કવાયત હાથ ધરી હતી. જોકે, સૈન્ય તંત્રે સ્પષ્ટતા કરી હતી કે રશિયન વિમાનોએ દેશની સાર્વભૌમ હવાઈ સીમામાં ઘૂસણખોરી કરી નથી અને આંતરરાષ્ટ્રીય નિયમો મુજબની હદમાં જ ગતિવિધિ નોંધાઈ હતી. આ પ્રકારની ઘટનાઓને કારણે પૂર્વ એશિયાના દરિયાઈ અને હવાઈ વિસ્તારમાં વ્યૂહાત્મક તણાવની સ્થિતિ સર્જાતી હોય છે, જેના કારણે દરેક સંરક્ષણ દળ અત્યંત સાવચેતી સાથે પગલાં ભરે છે.



રશિયન વિમાનોની હિલચાલ દરમિયાન દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રાલય દ્વારા પૂર્વ કિનારે આવેલા ઉલેઉંગ ટાપુના રહેવાસીઓ માટે સલામત સ્થળે ખસી જવા અંગેની ચેતવણી જાહેર કરવામાં આવી હતી. પ્રારંભિક તબક્કે મંત્રાલય તરફથી એવો સંદેશો ગયો હતો કે રશિયન વિમાન દેશની હવાઈ સીમામાં પ્રવેશી ચૂક્યું છે, જેના પગલે ટાપુ વિસ્તારમાં ચિંતાનું વાતાવરણ ફેલાયું હતું. પરંતુ વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ થતા જ માત્ર ત્રણ મિનિટના ટૂંકા ગાળામાં આ ચેતવણી રદ કરીને પાછી ખેંચી લેવામાં આવી હતી.

હરાજી કેમ્પબેલ્સ સૂપ કેન હરાજીમાં રેકોર્ડ, ક્રિસ્ટીઝ હરાજીમાં ૭૦.૨૬ લાખ બોલી

સૂપના ડબ્બાનું પેઇન્ટિંગ રૂપિયા ૪૦ કરોડમાં વેચાયું

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 24

વિશ્વપ્રસિદ્ધ કલાકાર એન્ડી વોરહોલ દ્વારા વર્ષ ૧૯૬૨માં હાથથી તૈયાર કરાયેલું સૂપના ડબ્બાનું પેઇન્ટિંગ તાજેતરમાં ન્યૂયોર્કના ક્રિસ્ટીઝ ખાતે યોજાયેલી હરાજીમાં ૯૦.૨૬ લાખ ડોલર એટલે કે આશરે રૂપિયા ૮૦ કરોડથી વધુની રકમમાં વેચાઈ જતાં વૈશ્વિક કળાજગતમાં ભારે ચર્ચા જાગી છે, અને ૪૦ લાખ ડોલરથી શરૂ થયેલી બોલીએ કળાપ્રેમીઓ અને સંગ્રાહકોનું ધ્યાન ખેંચ્યું છે.

સુપરમાર્કેટમાં સામાન્ય રીતે થોડા ડોલરમાં મળતા સૂપના ડબ્બાની તસવીરની કિંમત કરોડો રૂપિયા હોઈ શકે ખરી? ન્યૂયોર્કમાં યોજાયેલી આ હરાજીમાં આ સવાલનો સ્પષ્ટ અને ચોંકાવનારો જવાબ મળ્યો છે. સૂપના ડબ્બાનું પેઇન્ટિંગ રૂપિયા ૮૦ કરોડમાં વેચાયું હોવાના સમાચાર સામે આવતા જ કળાક્ષેત્રમાં નવા આયામો ચર્ચાવા લાગ્યા છે. ૬૪ વર્ષ જૂની આ કૃતિ માટે ક્રિસ્ટીઝના ન્યૂયોર્ક ખાતે યોજાયેલી હરાજીમાં શરૂઆતની બોલી ૪૦ લાખ ડોલર નક્કી કરવામાં આવી હતી.



ત્યારબાદ બોલી લગાવનારાઓ વચ્ચે તીવ્ર સ્પર્ધા જોવા મળી હતી અને અંતે આ કૃતિ ૯૦.૨૬ લાખ ડોલરમાં ખરીદવામાં આવી હતી. આટલી ઊંચી કિંમત મળવા પાછળ કૃતિની ઐતિહાસિકતા, કલાકારની પ્રતિષ્ઠા અને તેની રચનારીતિ મુખ્ય કારણભૂત મનાય છે. આ પેઇન્ટિંગની સૌથી મોટી ખાસિયત એ છે કે એન્ડી વોરહોલે તેને સંપૂર્ણપણે હાથથી તૈયાર કરી હતી. તેમણે લિનન પર કેસિન અને ગ્રેફાઇટનો ઉપયોગ કરીને સૂપના ડબ્બાનું ચિત્ર ઉપસાવ્યું હતું. વોરહોલની આ કૃતિ તેમની અત્યંત જાણીતી કેમ્પબેલ્સ સૂપ કેન શ્રેણીનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. આ પ્રારંભિક રચના બાદ તેમણે આ જ વિષય પર સિલ્કસ્ક્રીન પ્રિન્ટિંગ દ્વારા અનેક કૃતિઓ બનાવી હતી, પરંતુ હાથથી બનાવેલી મૂળ કૃતિનું મૂલ્ય હંમેશા વિશેષ ગણાય છે. કળા નિષ્ણાતોના મતે, કેસિન અને ગ્રેફાઇટથી થયેલું આ કાર્ય કલાકારના પ્રારંભિક પ્રયોગો અને સૂક્ષ્મ કલાકારીને સુંદર રીતે રજૂ કરે છે.

એન્ડી વોરહોલે કળાની પરંપરાગત વ્યાખ્યાથી અલગ રસ્તો અપનાવીને આધુનિક કળાને નવો ઓપ આપ્યો હતો. તેમણે રોજિંદા જીવનમાં સરળતાથી જોવા મળતી વસ્તુઓ, જાહેરાતો, ખાદ્ય પદાર્થોના પેકેટ અને ફિલ્મી કલાકારોને પોતાની કળાનો મુખ્ય વિષય બનાવ્યા હતા. કેમ્પબેલ્સ સૂપના ડબ્બા પણ તેમની આવી જ કલ્પના અને અવલોકનનું પરિણામ હતા. વોરહોલે એક વખત જણાવ્યું હતું કે તેઓ લગભગ ૨૦ વર્ષ સુધી દરરોજ બપોરે કેમ્પબેલ્સ સૂપ પીતા હતા. પોતાના રોજિંદા જીવનના આ સામાન્ય હિસ્સાને તેમણે પોતાની કળા દ્વારા વૈશ્વિક ઓળખ અપાવી હતી.

જેન્સેન હુઆંગ પરત ફરતા શેરબજારમાં મોટો ઉછાળો

(એજન્સી) વોશિંગ્ટન । તા. 24

અમેરિકન પ્રમુખ ટ્રમ્પના દબાણ અને સરકારી અધિકારીઓ સાથેની મંત્રણા બાદ એનવિડિયાના સંચાલક મંડળે વિવાદાસ્પદ વડા અને મુખ્ય કાર્યકારી અધિકારી જેન્સેન હુઆંગને તાત્કાલિક અસરથી ફરીથી કંપનીના પ્રમુખ અને મુખ્ય કાર્યકારી અધિકારી તરીકે નિયુક્ત કર્યા છે, જેના પગલે સોમવારે કંપનીનો શેર ૩૩.૭ ટકા ઉછળીને ૧૬૭.૫૬ ડોલરના સ્તરે પહોંચી ગયો

રાહુલ ગાંધી સામે બદનક્ષી કેસ કરનારા સાત્યકી સાવરકરે હવે સોનિયાને પણ નોટિસ આપી

વીર સાવરકર વિશે વાંધાજનક ઉલ્લેખોનો દાવો કરી સોનિયા ગાંધીને કાનૂની નોટિસ

(એજન્સી) મુંબઈ | તા.24



સોનિયા ગાંધીએ તેમનાં પુસ્તક 'બિલોંગિંગ, અ જર્ની ઓફ લવ'માં સ્વાતંત્ર્યવીર વિનાયક દામોદર સાવરકર વિશે ખોટી વિગતો દર્શાવી હોવાનો આરોપ કરી સાવરકરના પૌત્ર સાત્યકી સાવરકરે સોનિયા ગાંધીને કાનૂની નોટિસ મોકલી છે. તેમણે સોનિયા ગાંધી બિનશરતી માફી માગે, સ્પષ્ટતા કરે તથા પુસ્તકમાં સુધારા કરે તેવી માગણી કરી છે.નોટિસ અનુસાર પુસ્તકના પાના નંબર ૨૦૧માં જ્યારે કોંગ્રેસ સ્વાતંત્ર્ય સેનાનીઓ બ્રિટિશ શાસકોના હાથે હુમલાઓ અને કેદ સહન કરી રહ્યા હતા, ત્યારે વિનાયક દામોદર સાવરકર જેવા આરએસએસના વરિષ્ઠ વિચારકો તેમના શાસકોને દયા અરજીઓ લખી રહ્યા હતા અને તેમના સભ્યો બાતમીદાર તરીકે બ્રિટિશ અધિકારીઓ સાથે સાંઠગાંઠ કરી રહ્યા હતા તેવો ઉલ્લેખ છે. પાના નંબર ૪૪૩ પર પણ બિનતથ્યાત્મક ઉલ્લેખો છે. નોટિસ અનુસાર, પાના ૪૪૩ પર દેખાતા નિવેદનમાં લખ્યું છે,ગાંધીજીના સમકાલીન વિનાયક દામોદર સાવરકર હિન્દુત્વ તરીકે ઓળખાતી વિચારધારાના સ્થાપક હતા, તેમના દ્વારા વ્યક્ત કરાયેલ એક વિપરીત દ્રષ્ટિકોણ, ભારતને મુખ્યત્વે એક એવા રાષ્ટ્ર તરીકે જુએ છે જ્યાં હિન્દુઓ સર્વોચ્ચ છે - એક દૃષ્ટિકોણ જે આરએસએસ, બીજેપી અને દેશભરમાં તેમના અસંખ્ય સહયોગીઓ દ્વારા અપનાવવામાં આવે છે જેને સામૂહિક રીતે 'સંઘ પરિવાર' અથવા 'આરએસએસ પરિવાર' તરીકે ઓળખવામાં આવે છે.નોટિસમાં જણાવાયું છે કે પાના ૨૦૧ પરનું નિવેદન એવી છાપ ઉભી કરે છે કે વી.ડી. સાવરકર ભારતીય સ્વાતંત્ર્ય સેનાનીઓ વિરુદ્ધ બ્રિટિશ અધિકારીઓને માહિતી આપવા અથવા સહયોગ કરવાના કૃત્યો સાથે સંકળાયેલા હતા અથવા તેમના માટે જવાબદાર હતા.સોનિયા ગાંધી આ નોટિસ બાબતે ૧૫ દિવસમાં સુધારાત્મક પગલાં નહિ ભરે તો કાનૂની કાર્યવાહી હાથ ધરાશે તેવી ચિમકી નોટિસમાં અપાઈ છે. ઉલ્લેખનીય છે કે સાત્યકી સાવરકરે અગાઉ રાહુલ ગાંધી સામે પણ બદનક્ષી કેસ કર્યો છે જેની સુનાવણી હજુ ચાલી રહી છે. રાહુલ ગાંધીએ વિદેશમાં એક પ્રવચનમાં વીર સાવરકર વિશે બદનક્ષીકારક નિવેદનો કર્યાં હોવાના તેમનો આરોપ છે.

એક લાખ કેમિસ્ટ સંકટમા

નાની ભૂલથી પણ દવા સ્ટોરના લાયસન્સ સસ્પેન્ડ

મુંબઈ : મહારાષ્ટ્ર એફડીએ દ્વારા સાવ ટેકનિકલ કારણોસર કે વહીવટી ભૂલને લીધે મેડિકલ સ્ટોર સીલ કરી કેમિસ્ટોના લાયસન્સ સસ્પેન્ડ થઈ રહ્યાં છે. આ વધુ પડતી આકરી કાર્યવાહીને લીધે એક લાખે કેમિસ્ટસના વેપાર રોજગાર પર અસર પડી રહી છે તેવો આરોપ મહારાષ્ટ્ર સ્ટેટ કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસીએશન દ્વારામૂકાયો છે.એફડીએ દ્વારા ૧૧મી ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા સરક્યુલરને લીધે વિવાદ અને વિરોધ શરૂ થયો છે. એસોસીએશનના કહેવા મુજબ આ નવા સરક્યુલર



અનુસાર કેમિસ્ટોના લાયસન્સ તત્કાળ સસ્પેન્ડ કે રદ્દ કરવામાં આવે છે. આ પહેલાં દવા વિક્રેતાઓને એફડીએના અપીલ કરવા માટે ૯૦ દિવસનો સમય અપાતો હતો. હવે તો નવા સરક્યુલરને આધારે આદેશ તાત્કાલિક અમલી બને છે.કેમિસ્ટ સંગઠનના જણાવ્યા મુજબ કોઇ મેડિકલ સ્ટોરમાંથી રજિસ્ટર્ડ ફાર્મસિસ્ટ થોડા સમય માટે પણ બહાર ગયો હોય અથવા તો કોઇ બિલ ઉપર સહી કરવાનું ભૂલાઈ જાય તો પણ લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવે છે. અથવા દુકાન સીલ કરી દેવામાં આવે છે. એસોસીએશનનું કહેવું છે કે નકલી, મિલાવટી અને ગેરકાયદે દવાના વેચાણ સામે સખત પગલાં લેવામાં આવે અમારો તેને પૂરેપૂરો ટેકો છે. પરંતુ નાની નાની ભૂલ માટે મેડિકલ સ્ટોર બંધ કરાવવાનું યોગ્ય નથી.એફડીએના આકરા પગલાંને લીધે ગ્રામીણ વિસ્તારોમાં દરદીઓની પરેશાની વધી શકે છે. કેટલાય ગામડા એવા છે જ્યાં દવાની એક જ દુકાન હોય છે. હવે એ જ દુકાન જો સીલ કરવામાં આવે તો ગ્રામજનો અને બીમાર દરદીઓને કેટલી મુશ્કેલી પડે ? એસોસીએશને એવો આક્ષેપ કર્યો છે કે કેટલાક ડોકટરો અને ઓનલાઈન દવા વિક્રેતાઓ નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે છે. છતાં તેમની વિરૂદ્ધ કેમ સમાન ધોરણે એફડીએ કાર્યવાહી નથી કરતું ? એવો સવાલ ઉઠાવવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર સ્ટેટ કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસીએશનના અધ્યક્ષ જગન્નાથ શિંદે અને મહાસચિવ અનિલ નવંદરે ચેતવણી આપી છે કે એફ.ડી.એ. તરફથી ૧૧મી ઓગસ્ટનો સરક્યુલર પાછો ખેંચવામાં નહીં આવે તો રાજ્યવ્યાપી આંદોલન છેડવામાં આવશે. આંદોલન હેઠળ મેડિકલ સ્ટોર બંધ રખાશે, રોજ માત્ર આઠ કલાક દવાની દુકાનો ખુલ્લા રખાશે અને કાનૂની લડત પણ આપવામાં આવશે. સ્થિતિ વધુ વણસે એ પહેલાં એસોસીએશને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને હસ્તક્ષેપ કરવાનો અનુરોધ કર્યો છે.

નશાની હાલતમાં મહિલા કલેક્ટરના ઘરે પહોંચ્યો MLA, અશ્લીલ મેસેજનો આરોપ: હાઈકોર્ટે તમિલનાડુ સરકારને તતડાવી

(એજન્સી) તમિલનાડુ | તા.24

તમિલનાડુના રાજકારણ અને વહીવટી તંત્રમાં અત્યારે એક અત્યંત ગંભીર મામલે ખળભળાટ મચી ગયો છે. કલ્લાકુરિચીના એક મહિલા જિલ્લા કલેક્ટરે સત્તાધારી પક્ષ TVKના ધારાસભ્ય અરુલ વિગ્નેશ સામે જાતીય સતામણીના ગંભીર આક્ષેપો કર્યા છે. આ મામલે સમયસર યોગ્ય કાર્યવાહી ન કરવા બદલ મંગળવારે મદ્રાસ હાઈકોર્ટે જોસેફ વિજયના નેતૃત્વવાળી તમિલનાડુ સરકારને આડે હાથ લીધી હતી. મદ્રાસ હાઈકોર્ટે સરકારની



નિષ્ક્રિયતા પર આકરા સવાલો ઉઠાવ્યા હતા અને આ સમગ્ર મામલાની તપાસ માટે એક કમિટીની રચના કરવાનો નિર્દેશ આપ્યો છે.કલેક્ટરને કથિત રીતે અશ્લીલ મેસેજ મોકલવા અને અયોગ્ય ચેનચાળા કરવા સંબંધિત અરજી પર સુનાવણી કરતી વખતે જસ્ટિસ લક્ષ્મીનારાયણને સરકારની નિષ્ક્રિયતા સામે સવાલો ઉઠાવ્યા હતા. કોર્ટે પૂછ્યું કે મહિનાઓ પહેલાં આ આક્ષેપો અંગે જાણ કરવામાં આવી હોવા છતાં તંત્રએ કોઈને બચાવવાનો પ્રયાસ કર્યો છે કે શું અને અત્યાર સુધી શું પગલાં લીધાં છે? જસ્ટિસ લક્ષ્મીનારાયણને રાજ્ય સરકારને ચેતવણી આપતા કહ્યું કે, જો મને એવો અણસાર પણ આવશે કે તમે લોકોને બચાવી રહ્યા છો તો. હું તમને શરમાવવા માંગતો નથી.કોર્ટે એ બાબતે પણ જવાબ માંગ્યો કે જ્યારે 31 જુલાઈના રોજ પ્રથમ વખત આ આક્ષેપો સરકારના ધ્યાન પર લાવવામાં આવ્યા હતા, ત્યારે અસરકારક કાર્યવાહી કેમ કરવામાં આવી નહીં? જજે વિલંબ અંગે સ્પષ્ટતા માંગતા પૂછ્યું કે, જ્યારે 31 જુલાઈએ આ બાબત તમારા ધ્યાન પર લાવવામાં આવી ત્યારે શું કોઈ કાર્યવાહી કરવામાં આવી હતી? સુનાવણી દરમિયાન રાજ્યના પબ્લિક પ્રોસિક્યુટર આર. જ્હોન સત્યને કોર્ટમાં એક લેખિત નોટ રજૂ કરીને જાણકારી આપી કે ફરિયાદના સંબંધમાં FIR નોંધવામાં આવી છે.

13 ટકા લોકો વૈભવી મકાન, કાર, એસી છતાં ગરીબોનું રાશન મેળવે છે

નવી દિલ્હી : સરકાર દ્વારા અપાતા રાશનના લાભાર્થીઓમાં ૧૩ ટકા લોકો એવા છે કે જે આ યોજનાને લાયક જ નથી, જોકે તેમ છતા તેઓ નિયમિત રીતે રાશન મેળવી રહ્યા છે. આ ૧૩ ટકા લોકોમાં એવા પણ સામેલ છે કે જેઓની પાસે પાકા મકાન, કાર અને એર કંડીશનર (એસી) પણ છે. આ લોકો પાસે તમામ સુખ સુવિધા હોવા છતા તેઓ પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ તરીકે ફાયદો ઉઠાવી



રહ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કરવામાં આવેલા સરવે મુજબ અનેક એવા પરિવારજનો છે કે જે રાજ્ય સરકારો તરફથી નક્કી કરાયેલી શરતોમાં સામેલ નથી થતા જોકે તેમ છતા તેઓ રાશન મેળવી રહ્યા છે. આ એવા લોકો છે કે જેમને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા મુજબ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાનો લાભ મળી રહ્યો છે. સરવેમાં સામે આવ્યું કે ત્રણ કરતા વધુ રૂમ ધરાવતા મકાનો, કાર, એક કન્ડિશનર જેવી સુવિધા છે, એટલુ જ નહીં આ ૧૩ ટકામાંથી ઘણા એવા છે કે જેમના પરિવારમાંથી કોઈને કોઇ પાસે સરકારી નોકરી પણ છે. પ્રાપ્ત રિપોર્ટ મુજબ ડિપાર્ટમેન્ટ ઓફ ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન ડીએફપીડી દ્વારા આ સરવે હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં ૫૧૩૦૩ લાભાર્થીઓને સામેલ કરવામાં આવ્યા હતા, તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના શહેર તેમજ ગ્રામીણ વિસ્તારોમાં હાથ ધરાયેલા આ સરવેમાં સામે આવ્યું હતું કે પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, તમિલનાડુ જેવા રાજ્યોમાં આવા લાભાર્થીઓની સંખ્યા અન્ય રાજ્યો કરતા વધુ છે. ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ સરકાર ગ્રામીણ વિસ્તારમાં ૭૫ ટકા જ્યારે શહેરી વિસ્તારમાં ૫૦ ટકા પરિવારને યોજનાનો લાભ આપી રહી છે.

બેન્ક મેનેજર સાથે જ ક્રેડિટ કાર્ડ ફ્રોડ, સૂત્રધાર સહિત ત્રણ અમદાવાદથી ઝડપાયા

મુંબઈ : મુંબઈની એક બેંક શાખા મેનેજરને નિશાન બનાવતા રૂ.૪.૪૮ લાખના ક્રેડિટ કાર્ડ સાયબર છેતરપિંડીના કેસમાં અમદાવાદથી કથિત માસ્ટરમાઈન્ડની એલટી માર્ગ પોલીસે ધરપકડ કરી છે.આમ આ કેસમાં અત્યારસુધી ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને પોલીસે રૂ.૨૧.૯૩ લાખની કિંમતના ૩૩ હાઇ-એન્ડ સ્માર્ટફોન જપ્ત કર્યા છે. ઝવેરી બજારની એક બેન્ચના મેનેજરે અન્ય બેંકનું ક્રેડિટ કાર્ડ મેળવ્યું હતું. ફરિયાદીને ૧૫ સપ્ટેમ્બરના રોજ આ બેંકના પ્રતિનિધિ હોવાનો દાવો કરી ફોન કરતાં ઠગે કહ્યું હતું કે તેમના કાર્ડ પર ક્રેડિટ કાર્ડના પરોક્ષ ઉપયોગની સર્વિસ એક્ટિવ છે. તે તાત્કાલિક નિષ્ક્રિય કરવામાં નહીં આવે તો રૂ.૧૦હજારની દંડની ચેતવણી આપી હતી. ઠગે એપ દ્વારા આ સેવા ડિસએક્ટિવેટ નહીં થાય તેમ જણાવ્યું હતું. તેણે વાટ્સએપ પર ફિશિંગ લિંક મોકલી હતી. લિંક પર ક્લિક કર્યાના થોડા સમય પછી ફરિયાદીને અનધિકૃત ઓનલાઈન ઓર્ડર માટે ચેતવણી મળી હતી. આથી તેઓ કાર્ડ બ્લોક કરવા માટે નજીકની બેંક શાખામાં દોડી ગયા હતા. પરંતુ તેમને ખબર પડી કે તેમના ખાતામાંથી કુલ રૂ.૪.૪૮ લાખના ત્રણ છેતરપિંડીભર્યા વ્યવહારો થઈ ચૂક્યા છે. તેમણે ૧૯૩૦ સાયબર હેલ્પલાઈન પર ગુનો નોંધાવ્યો હતો. આ મામલામાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪), ૩૧૯(૨), અને ૩(૫), આઇટી એક્ટ હેઠળ એલટી માર્ગ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી હતી. આરોપીની માહિતી મેળવતા તપાસકર્તાઓને ખબર પડી કે ઉચાપત બાદ પૈસાનો ઉપયોગ અમદાવાદમાં આઈફોન ખરીદવા માટે કરવામાં આવ્યો હતો. મુંબઈ પોલીસની ટીમે બીજી ઓક્ટોબરના રોજ સ્થાનિક પોલીસની મદદથી અમદાવાદના બાપુનગરમાં દરોડો પાડયો અને બે સહયોગીઓ ડિલિવરી બોય અનિસબેગ સમીરબેગ મિર્ઝા (૨૩) અને દરજી મોઈન રહીમ શેખ (૩૪) ની ધરપકડ કરી હતી. વધુ માહિતી મેળવતા સાયબર ટીમે મુખ્ય શંકાસ્પદ સોહેલખાન શૌકતખાન પઠાણ (૨૯)ને પકડી લીધો હતો. તે બાપુનગરનો પણ રહેવાસી હતો. તેની અમદાવાદના ઘીકાંટા કોર્ટ પરિસરની બહારથી ધરપકડ કરવામાં આવી હતી.

સપા સાથે માત્ર 15 મિનિટની બેઠકમાં જ કોંગ્રેસે ઘટાડી દીધી સીટોની ડિમાન્ડ! સોંપી નવી યાદી

ઉત્તર પ્રદેશ : ઉત્તર પ્રદેશમાં 2027 માં યોજાનારી વિધાનસભા ચૂંટણીને લઈને સમાજવાદી પાર્ટી (SP) અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની વહેંચણી (Seat Sharing) મુદ્દે 23 નવેમ્બર 2026ના રોજ બેઠક યોજાઈ હતી, જે આશરે 15 મિનિટ ચાલી હતી. કોંગ્રેસે અગાઉની યાદીમાંથી 70-80 નામ ઘટાડીને સપાને આશરે 100-120 બેઠકોની નવી યાદી સોંપી છે. સપા આ યાદીનો અભ્યાસ કર્યા બાદ પોતાનો પ્રતિસાદ આપશે અને મંગળવારે ફરી બેઠક થવાની શક્યતા છે.વિનેબિલિટીને પ્રાથમિકતા: સૂત્રો મુજબ, બેઠકમાં એ બાબતે ચર્ચા થઈ કે કોઈપણ પક્ષનો હોય, પરંતુ જીતવાની ક્ષમતા (Winnability) ધરાવતા ઉમેદવારને પ્રાથમિકતા અપાશે. કોંગ્રેસે નવી યાદીમાં બેઠકોને A, B અને C એમ 3 કેટેગરીમાં વહેંચી છે, જેમાં A કેટેગરીમાં આશરે 70 બેઠકો અને B તથા C કેટેગરીમાં કુલ મળીને આશરે 60 બેઠકો રાખવામાં આવી છે.

જનરલ મેનેજર, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે, તિનસુકિયા ડિવિઝનમાં રેલ્વે સલામતી અને માળખાગત વિકાસની સમીક્ષા કરે છે





માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NER) ના જનરલ મેનેજર શ્રી વિવેક ખરેએ તિનસુકિયા ડિવિઝનની તેમની બે દિવસીય મુલાકાત સફળતાપૂર્વક પૂર્ણ કરી. મુલાકાત દરમિયાન, તેમણે મુખ્ય અને નાના પુલો તેમજ વિવિધ રેલ્વે સ્ટેશનોનું વ્યાપક નિરીક્ષણ કર્યું. મુલાકાત દરમિયાન, ઓપરેશનલ સલામતી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર જાળવણી, મુસાફરોની સુવિધાઓ અને ચાલુ બાંધકામ કાર્યોની પ્રગતિની સમીક્ષા પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું. નિરીક્ષણ દરમિયાન તિનસુકિયા ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર (DRM) અને નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે હેડક્વાર્ટર અને ડિવિઝનના વરિષ્ઠ અધિકારીઓ જનરલ મેનેજર સાથે હતા.

પુલોના નિરીક્ષણ દરમિયાન, શ્રી ખરેએ માળખાકીય સલામતી અને સંચાલન વિશ્વસનીયતા પર ખાસ ભાર મૂકીને તેમની સ્થિતિ અને જાળવણી વ્યવસ્થાની સમીક્ષા કરી. સમીક્ષામાં મુસાફરો અને માલવાહક ટ્રેનોના સલામત સંચાલનને ટેકો આપવા માટે પુલના માળખાગત માળખાના નિયમિત દેખરેખ અને સમયસર જાળવણી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

આ મુલાકાત 23 નવેમ્બરના રોજ હાથ ધરવામાં આવેલા નિરીક્ષણ કાર્યક્રમનો સિલસિલો હતો, જેમાં દિબ્રુગઢ ખાતે કોચિંગ જાળવણી સુવિધાઓનું નિરીક્ષણ, દિબ્રુગઢ અને સિલાપથર રેલ્વે સ્ટેશનો પર મુસાફરોની સુવિધાઓ, બોગીબીલ બ્રિજ અને ચાલુ ટ્રેક નવીકરણ કાર્યોનો સમાવેશ થતો હતો.

નિયમિત નિરીક્ષણો અને પ્રગતિ સમીક્ષાઓ દ્વારા, નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NER) રેલ્વે સલામતીને મજબૂત બનાવવા, જાળવણી પ્રથાઓમાં સુધારો કરવા અને માળખાગત વિકાસને આગળ વધારવાનું ચાલુ રાખે છે. આ પ્રયાસો સમગ્ર ઉત્તરપૂર્વ ક્ષેત્રમાં વિશ્વસનીય રેલ સેવાઓ અને સુધારેલ કનેક્ટિવિટી પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.

UPમાં ટ્રકે સ્કૂલ બસને ટક્કર મારી, 4 બાળકોનાં મોત





(એજન્સી) કન્નૌજ | તા.24

કન્નૌજમાં લખનઉ-આગ્રા એક્સપ્રેસ-વે પર સ્કૂલ બસને ટ્રકે પાછળથી ટક્કર મારી દીધી. અકસ્માતમાં 4 બાળકોનાં મોત થયા છે. 25 લોકો ઈજાગ્રસ્ત છે. બસમાં 50 બાળકો સહિત 58 લોકો સવાર હતા. બાળકો આગ્રામાં પિકનિક મનાવીને કૌશાંબી પરત ફરી રહ્યા હતા.એસપી વિનોદ કુમારે જણાવ્યું- બસ કૌશાંબીની ઓરિએન્ટલ પબ્લિક સ્કૂલની છે. તે રાત્રે 12 વાગ્યે આગ્રાથી રવાના થઈ હતી. મંગળવારે સવારે 6 વાગ્યે બાળકોને ટોયલેટ જવા માટે બસ એક્સપ્રેસ-વે પર ઊભી રાખવામાં આવી હતી.ત્યારે પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલા ટ્રકે સ્કૂલ બસને ટક્કર મારી દીધી. ટક્કર એટલી ભયાનક હતી કે બસનો પાછળનો ભાગ સંપૂર્ણપણે કચડાઈ ગયો હતો. સીટો તુટી ગઈ. બાળકો સીટો વચ્ચે ફસાઈ ગયા. ચીસાચીસ મચી ગઈ હતી.પોલીસે રાહદારીઓની મદદથી બચાવ કામગીરી શરૂ કરી. બાળકોને બહાર કાઢ્યા. એમ્બ્યુલન્સ દ્વારા તિર્વા મેડિકલ કોલેજ પહોંચાડવામાં આવ્યા. અકસ્માત ઠઠિયા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ થયો હતો. અકસ્માતનું કારણ ટ્રક ડ્રાઇવરને ઝોકું આવી જવું હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.મૃતકોમાં 4 બાળકોમાં કૌશાંબીના આર્યન ચૌરસિયા (14), રજી ઉલ્લાહ (16), ફતેહપુરના જૈદ મિર્ઝા (17) અને અરમાન (17)નો સામેલ છે. સ્કૂલ મેનેજર સલમાન

25 ઈજાગ્રસ્ત, કન્નૌજમાં એક્સપ્રેસ-વે પર અકસ્માત; પિકનિક મનાવીને પરત ફરી રહ્યા હતા

અને અન્ય એક બાળકની હાલત ગંભીર છે, જેમને કાનપુરની હેલેટ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે.કન્નૌજ અકસ્માતમાં જીવ ગુમાવનાર કૌશાંબીના રજિ ઉલ્લાહની માતા સહાના બાનોની રડી-રડીને હાલત ખરાબ છે. તેઓ વારંવાર પોતાના એકમાત્ર પુત્રને યાદ કરીને રડી રહ્યાં છે. કન્નૌજ અકસ્માતમાં ફતેહપુરના ધાતા બ્લોકના જ્યાંગીર નગર ગહુરેના રહેવાસી અરમાનનું મોત થયું છે. તે હાઈસ્કૂલનો વિદ્યાર્થી હતો. અરમાનના મોતના સમાચાર સાંભળીને પરિવારમાં આક્રંદ મચી ગયો. માતા સોની અને પિતા રિયાઝ અહમદનો રડી-રડીને હાલ બેહાલ છે. રિયાઝ ગાડી ચલાવે છે. નાના ભાઈનું નામ અબ્દુલ રહમાન છે.

કન્નૌજ અકસ્માતમાં કૌશાંબીના અફઝલપુરવાહી ગામના રહેવાસી રજીઉલ્લાનું પણ મોત થયું છે. રજીઉલ્લા ઓરિએન્ટલ પબ્લિક સ્કૂલનો વિદ્યાર્થી રહી ચૂક્યો હતો. હાલમાં તે અજહુવા સ્થિત લિટલ બ્લોસમ સ્કૂલમાં ધોરણ 11નો વિદ્યાર્થી હતો. ભૂતપૂર્વ વિદ્યાર્થી હોવાના કારણે શાળાના સ્ટાફે તેને ટૂર પર જવા માટે બોલાવ્યો હતો. પિતા સમીઉલ્લા ખેતી કરે છે. રજીઉલ્લા ઘરમાં એકમાત્ર પુત્ર હતો. ઉત્તર પ્રદેશના કન્નૌજ જિલ્લામાં લખનઉ-આગ્રા એક્સપ્રેસ-વે પર મંગળવારે (તા. ૨૪ નવેમ્બર ૨૦૨૬) વહેલી સવારે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો. આગ્રાથી પિકનિક મનાવીને કૌશાંબી પરત ફરી રહેલી સ્કૂલ બસને પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રકે જોરદાર ટક્કર મારતા ૪ બાળકોનાં કરુણ મોત નીપજ્યાં હતાં, જ્યારે ૨૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. કન્નૌજ લખનઉ આગ્રા એક્સપ્રેસ વે સ્કૂલ બસ અકસ્માત ૨૦૨૬ અંગે કન્નૌજના એસપી વિનોદ કુમારે જણાવ્યું હતું કે, આ બસ કૌશાંબીની ઓરિએન્ટલ પબ્લિક સ્કૂલની હતી અને તેમાં ૫૦ બાળકો સહિત કુલ ૫૮ લોકો સવાર હતા.ઘટનાક્રમ: બસ રાત્રે ૧૨ વાગ્યે આગ્રાથી કૌશાંબી જવા રવાના થઈ હતી. મંગળવારે સવારે લગભગ ૬ વાગ્યે ઠઠિયા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ બાળકોને ટોયલેટ જવા માટે બસ એક્સપ્રેસ-વે પર સાઈડમાં ઊભી રાખવામાં આવી હતી.ભયાનક ટક્કર: બસ ઊભી હતી તે દરમિયાન પાછળથી બેફામ ઝડપે આવતા ટ્રકે સ્કૂલ બસને ટક્કર મારી હતી. પ્રાથમિક તપાસમાં ટ્રક ડ્રાઇવરને ઝોકું આવી જવાના કારણે આ અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે.

મોદીએ બાલેનને તેમના પિતાની જૂની તસવીર ભેટમાં આપી:ગુજરાતમાં અભ્યાસ દરમિયાન ખેંચવામાં આવી હતી તસવીર; ગયા વર્ષે તેમનું નિધન થયું હતું

(એજન્સી) નવી દિલ્હી | તા.24

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેપાળના પ્રધાનમંત્રી બાલેન શાહને તેમના પિતા ડૉ. રામ નારાયણ શાહનો એક જૂનો ફોટો ભેટ આપ્યો.આ ઉપરાંત, પીએમ મોદીએ બાલેન શાહને વારાણસીનું ગંગાજળ, બનારસી બ્રોકેડનો સ્ટોલ અને રામાયણની સંપૂર્ણ કથા દર્શાવતું કલમકારી ચિત્ર પણ ભેટ આપ્યું. બનારસી સ્ટોલને પરંપરાગત ગુજરાતી સાડેલી ડબ્બામાં રાખવામાં આવ્યો હતો. વડાપ્રધાન મોદીએ સોમવારે બાલેન શાહને ગંગાજળથી ભરેલો કળશ ભેટમાં આપ્યો. બીજી તરફ, બાલેને પીએમ મોદીને પશુપતિનાથ મંદિરનો પ્રસાદ ભેટમાં આપ્યો.

વડાપ્રધાન મોદીએ સોમવારે બાલેન શાહને ગંગાજળથી ભરેલો કળશ ભેટમાં આપ્યો. બીજી તરફ, બાલેને પીએમ મોદીને પશુપતિનાથ મંદિરનો પ્રસાદ ભેટમાં આપ્યો.ડૉ. રામ નારાયણ શાહનો જન્મ 1948માં નેપાળના મહોત્તરી જિલ્લાના એકડારા ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ મુની લાલ શાહ હતું. તેઓ વિસ્તારના મોટા જમીનમાલિક અને પ્રભાવશાળી લોકોમાં ગણાતા હતા.અલ જઝીરા અનુસાર, રામ નારાયણ શાહનો પરિવાર ખેતી અને સ્થાનિક સમુદાય સાથે જોડાયેલો હતો. તેમણે આયુર્વેદને પોતાની કારકિર્દી તરીકે પસંદ કર્યું. વધુ સારું શિક્ષણ મેળવવા માટે તેઓ ભારત આવ્યા અને ગુજરાતના જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીમાં પ્રવેશ લીધો.અહીં તેમણે અનુસ્નાતક અભ્યાસ કર્યો. આ સંસ્થા હવે ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ તરીકે ઓળખાય છે. તે આયુર્વેદના અભ્યાસ અને સંશોધન માટેની મોટી સંસ્થાઓમાંની એક છે. ભારતમાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ રામ નારાયણ શાહ 1980ના દાયકાની શરૂઆતમાં નેપાળ પરત ફર્યા. તેઓ પોતાના પરિવાર સાથે કાઠમંડુમાં રહેવા લાગ્યા. અહીં તેમણે સરકારી આયુર્વેદિક ડૉક્ટર તરીકે કામ શરૂ કર્યું.તેમની નિમણૂક 'સિંહ દરબાર વૈદ્યખાના'માં કરવામાં આવી. આ નેપાળની સૌથી જૂની સરકારી સંસ્થાઓમાંની એક છે, જ્યાં આયુર્વેદિક દવાઓ બનાવવામાં અને વહેંચવામાં આવે છે. શરૂઆતમાં આ સંસ્થામાં રાજપરિવાર માટે દવાઓ તૈયાર કરવામાં આવતી હતી. બાદમાં સામાન્ય લોકોને પણ અહીંથી દવાઓ મળવા લાગી.રામ નારાયણ સાહે અનેક દાયકાઓ સુધી નેપાળની સરકારી આરોગ્ય વ્યવસ્થામાં કામ કર્યું. 2001થી 2005 વચ્ચે તેઓ સિંહ દરબાર વૈદ્યખાનાના મેનેજિંગ ડિરેક્ટર રહ્યા. આ દરમિયાન તેમણે સંસ્થામાં આયુર્વેદિક દવાઓ બનાવવાનું અને તેને સામાન્ય લોકો સુધી પહોંચાડવાનું કામ સંભાળ્યું.તેમની સંપૂર્ણ કારકિર્દી નેપાળમાં આયુર્વેદિક સારવારને જાળવી રાખવા અને આગળ વધારવા સાથે જોડાયેલી રહી.

સિટી
એક્સપ્રેસ
WEDNESDAY 25 NOVEMBER-2026
AHMEDABAD

ગુજરાત પોલીસમાં 3,000ની જગ્યાએ હવે 12,993 પર સીધી ભરતી

ગાંધીનગર | ગુજરાતમાં પોલીસ ભરતીની તૈયારી કરતા યુવાનો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની અગાઉ જાહેર કરાયેલી 3000 ભરતીમાં જગ્યાઓનો વધારો કરવામાં આવ્યો છે. ગૃહ વિભાગ તરફથી વધારાની જગ્યાઓ મંજૂર કરવામાં આવતાં હવે લોકરક્ષક કેડરમાં કુલ 12,752 જગ્યાઓ સીધી ભરતીથી ભરવામાં આવશે. આ ઉપરાંત PSI કેડરમાં પણ 241 જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરવામાં આવી છે. આમ, બંને ભરતી મળીને કુલ 12,993 જગ્યાઓ પર ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

લાખો રૂપિયાનો દારુ જૂનાગઢ રેન્જ પોલીસે બારોબાર વેચી નાખ્યાનો આક્ષેપ

ગાંધીનગર |ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે જૂનાગઢ રેન્જ પોલીસ સામે જ દારૂના જથ્થામાં કથિત સેટિંગ કરી લાખો રૂપિયાનો દારૂ બારોબાર વેચી દેવાનો ગંભીર આક્ષેપ થયો છે. દિવાળીની રાતે પકડાયેલા દારૂના બે ટ્રકમાંથી આશરે 500 પેટી દારૂ, જેની કિંમત અંદાજે રૂ.60 લાખ હોવાનું કહેવાય છે, તે બુટલેગરોને વેચી દેવામાં આવ્યો હોવાની રજૂઆત કરવામાં આવી છે. આ મામલે ગોપાલ ઇટાલિયાએ ધારાસભ્યના લેટરપેડ પર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) સમક્ષ રૂબરૂ લેખિત ફરિયાદ કરી તપાસની માગ કરી છે.

દારૂડિયાઓનો અડ્ડો બન્યું મેમકો વેજીટેબલ માર્કેટ:AMCએ બે મહિનાથી ફેરિયાઓને ફાળવેલું માર્કેટ બંધ, ડે.મ્યુ. કમિશનરનો DCPને પત્ર; પોલીસની માર્કેટમાં તપાસ...

(એજન્સી) અમદાવાદ | તા. 24

અમદાવાદ | અમદાવાદના વિવિધ વિસ્તારોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શાકભાજીની લારીઓવાળા માટે વેજીટેબલ માર્કેટ બનાવવામાં આવ્યા છે. જોકે, મેમકો બ્રિજ નીચે દારૂના અડ્ડાઓ અને દારૂડિયાઓનો ખૂબ ત્રાસ હોવાથી વેજીટેબલ માર્કેટ હજી સુધી શરૂ કરી શકાયું નથી.

આસપાસના વિસ્તારમાં દારૂના અડ્ડા ચાલતા હોવાથી દારુ પી અને ત્યાં લોકો ફરતા હોવાથી માર્કેટમાં વેપાર કરવા માટે મહિલાઓ તૈયાર નથી, જેથી આ વેજીટેબલ માર્કેટ હાલ અત્યારે બંધ હાલતમાં છે. વેજીટેબલ માર્કેટમાંથી દારૂની ખાલી બોટલો અને દેશી દારૂની થેલીઓ મળી આવી છે. માત્ર દારૂ જ નહીં ગાંજો પણ ત્યાં પીવાતો હોવાને લઈ તેના ગોગો પેપર પણ મળી આવ્યા છે.

AMCના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર દ્વારા સ્થાનિક શહેર કોટડા પીઆઈ અને ડીસીપીને પત્ર લખીને આવા અસામાજિક તત્વોને ત્યાંથી દૂર કરવા જાણ કરી છે. દારૂના અડ્ડા અને દારૂડિયાઓના કારણે વેજીટેબલ માર્કેટ શરૂ કરી શકાયું નથી. જેની વચ્ચે કોંગ્રેસના નેતા દ્વારા પણ શહેર કોટડા પોલીસની કામગીરી સામે સવાલો ઊભા કરવામાં આવ્યા છે. જોકે, મેમકો બ્રિજ નીચે વેજીટેબલ માર્કેટમાં અસામાજિક



તત્વોનો ત્રાસ અને નશાકારક પ્રવૃત્તિ ચાલતી હોવાના વીડિયો અને અહેવાલ પ્રસારિત થયા બાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ દ્વારા મેમકો બ્રિજ નીચે વેજીટેબલ માર્કેટ ખાતે તપાસ કરવામાં આવી હતી. કોઈપણ પ્રકારની પ્રવૃતિ ચાલે છે કે નહી અને લોકોને કેવી રીતે આ માર્કેટમાં પોલીસ પોઈન્ટ સાથે બેસાડવા તેને લઈ તપાસ કરવામાં આવી હતી.

ઉત્તર ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર વિશાલ ખાનામાએ જણાવ્યું હતું કે, મેમકો બ્રિજ નીચે વેજીટેબલ માર્કેટ બનાવવામાં આવ્યું છે, જેનો દિવાળી પહેલા જ ડ્રો કરી અને શાકભાજીના થડા વેપારીઓને ફાળવી દેવામાં આવ્યા છે. જોકે મેમકો બ્રિજની નીચે અને આસપાસના વિસ્તારમાં દારૂના અડ્ડાઓ ચાલી રહ્યા છે અને દારૂડિયાઓ ત્યાં ફરતા હોવાથી શાકભાજીનો વેપાર કરતી મહિલાઓ ત્યાં બેસવા તૈયાર નથી.

મહિલા વેપારી અને શાકભાજી લેવા આવનાર મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સ્થાનિક પોલીસને પત્ર લખી અને આવા અસામાજિક તત્વોને ત્યાંથી દૂર કરવા જાણ કરે છે જેને દૂર કર્યા બાદ વેજીટેબલ માર્કેટ શરૂ કરવામાં આવશે. સ્થાનિક પીઆઈ દ્વારા દિવાળી બાદ ત્યાં મુલાકાત લઈને કાર્યવાહી કરવા કહ્યું હતું. વેજીટેબલ માર્કેટમાં અસામાજિક તત્વોનો ત્રાસ હોવાના પગલે માર્કેટમાં લગાવવામાં આવેલા લાઈટના બોર્ડ વાયરીંગ સહિતની ચીજ વસ્તુઓને નુકસાન પણ પહોંચાડવામાં આવ્યું હતું.

સ્થાનિક શહેર કોટડા પોલીસ સ્ટેશનના પીઆઈ અને ઝોન 3 ડીસીપીને પત્ર લખી પોલીસ પોઈન્ટ મૂકવા માટેની તેમજ પીઆઈને દરરોજ સાંજે આ માર્કેટમાં રાઉન્ડ લેવા માટે જાણ કરી છે. વેજીટેબલ માર્કેટમાં પોલીસ પોઈન્ટ, અલગ અલગ જગ્યા ઉપર સીસીટીવી કેમેરા અને વધુ પ્રમાણમાં લાઈટિંગ કર્યા બાદ આ વેજીટેબલ માર્કેટ શરૂ કરવામાં આવશે.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ મહામંત્રી રાજેશ ટી. સોનીએ મેમકો બ્રિજ નીચે બનાવવામાં આવેલા વેજીટેબલ માર્કેટને નશાકારક પ્રવૃત્તિનો અડ્ડો બનાવી દેવાનો આક્ષેપ કરીને શહેર કોટડા પોલીસની કામગીરી સામે સવાલો ઊભા કરી આક્ષેપો કર્યા છે. શહેરકોટડા પોલીસ સ્ટેશનની હદમાં મેમકો બ્રિજ નીચે વેજીટેબલ માર્કેટમાં દારૂ અને ચરસ જેવા ધંધાઓ કરતા હોવાને લઈ ગુજરાતમાં દારૂબંધી અને નશાબંધીની વાતોને લાંછન લગાડવામાં આવી રહ્યું છે. ખુલ્લેઆમ લોકો દારૂ અને ચરસ પીવે છે.

મેમકો બ્રિજ નીચે બનાવવામાં આવેલા વેજીટેબલ માર્કેટમાં દારૂની ખાલી બોટલો, દેશી દારૂની ખાલી પોટલીઓ, ચરસ પીવા માટે ઉપયોગમાં લેવાતા રોલિંગ પેપરનાં પેકેટ તથા નશીલા પદાર્થોની ખાલી પડીકીઓ મળી આવી હતી. આવી પ્રવૃત્તિઓને લઈને વેજીટેબલ માર્કેટની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કરે છે. જે સ્થળે સામાન્ય નાગરિકો જતાં પણ અસુરક્ષિત અનુભવે છે, ત્યાં શાકભાજીના વેપારીઓ પણ જવા માટે તૈયાર નથી. જેને લઈને હવે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પોલીસની મદદથી ત્યાં નશાકારક પ્રવૃત્તિઓ દૂર કરાવીને પોલીસ પોઈન્ટ અને સીસીટીવી કેમેરા લગાડ્યા બાદ જ ત્યાં માર્કેટ શરૂ કરવામાં આવશે.

રામોલ રિંગરોડ નજીક હોટલના માલિકે દારૂનો જથ્થો મંગાવ્યો, દારુ પીતા 11 ઝડપાયા

ખાણી-પાણીની દુકાનની આડમાં દારુ મહેફિલ:

(એજન્સી) અમદાવાદ | તા. 24

રામોલ રિંગરોડ પાસે ટોલટેક્ષ પાસે આવેલી રાજ ફ્રાય હોટલનો માલિક ઈંગ્લીશ દારુનો જથ્થો મંગાવીને હોટલમાં ખાવા આવતા લોકોમાંથી કેટલાક લોકોને ઈંગ્લીશ દારુ પીરસતો હોવાની બાતમી પોલીસને મળી હતી. પોલીસે બાતમીના આધારે દરોડા પાડતા દારુ પીધેલી હાલતમાં 11 લોકો મળી આવ્યા હતા. રામોલ પોલીસે હોટલના માલિક સહીત 11 લોકો વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધીને તમામની ધરપકડ કરી લીધી હતી. સરદાર પટેલ રિંગરોડ પરના રામોલ વિસ્તારમાં આવેલા ટોલટેક્ષ પાસે આવેલી રાજ ફ્રાય હોટલનો માલિક રૂબેદ આલમ શેખ વિદેશી દારુનો જથ્થો લઈને રાખ્યો હતો. અને હોટલમાં દારૂનો જથ્થો રાખીને બહારથી ગ્રાહકોને બોલાવીને બિન્દાસ દારૂની સાથે અન્ય ખાવાની અન્ય ચીજવસ્તુઓ પૂરી પાડવામાં આવતી હતી. આ સમગ્ર વાતની બાતમી રામોલ પોલીસને મળતા જ દરોડા પાડ્યો હતો. ટેબલો પર દારૂની બોટલો પડી હતી. જેથી પોલીસે દારૂ પીવા આવનાર બ્રિજેશ પટેલ, મોહિત મહેતા, જયમીન પટેલ, બ્રિજેશ મનહરનભાઈ પટેલ, લોકેશ કિશોર સતવાણી, રાજન જયેન્દ્રભાઈ પટેલ, કિશન ભરતભાઈ પટેલ, સજીત શશીધરણ પીલ્લઈ, રજત પ્રવીણસિંહ ચાવડા, સુબી રાજનભાઈ ઈઝવા અને હોટેલ માલિક રુબેદઆલમ લતીફુલ રામન સહીત કુલ. 11 શખ્સોની પ્રોહીબીશન એક્ટ હેઠળ ધરપકડ કરીને રૂપિયા 400નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.



'બનાવટી દેવી-દેવતાઓની પૂજા ટાળો, મૂળ ધર્મગ્રંથોને વળગી રહો' : 'બોલિવૂડે આવા બધા દેવી-દેવતાઓને ઊભા કર્યાં' : શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીનું નિવેદન

(એજન્સી) ગાંધીનગર | તા. 24

અમદાવાદના વિશ્વ ઉમિયાધામ ખાતે દ્વારકાપીઠના શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીએ સનાતન ધર્મ અને દેવી-દેવતાઓની ઉપાસનાને લઈને મોટું નિવેદન આપ્યું છે. સ્વામિનારાયણ સંપ્રદાયનું નામ લીધા વિના તેમણે આકરા પ્રહારો કર્યા હતા. તેમજ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, બનાવટી કે નકલી દેવી-દેવતાઓની પૂજા કરવાનું ટાળવું. તેમને ભગવાન માનીને પૂજા કરવાની જરૂર નથી. મુંબઈના બોલિવૂડે આવા દેવી-દેવતાને ઉભા કર્યા હોવાના આક્ષેપ પણ કર્યાં હતા.

શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીએ હિંદુઓને પોતાના બાપદાદાની પરંપરા મુજબ શિવ-શક્તિ, પંચદેવ અને કુળદેવી-કુળદેવતાની ઉપાસના કરવા અપીલ કરી હતી. સાથે જ સાચા હિંદુની વ્યાખ્યા સમજાવી મૂળ સનાતન પરંપરાથી ભટકતા લોકોને સીધો સંદેશ આપ્યો હતો.



શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીએ જણાવ્યું કે, સનાતન ધર્માવંબીઓ પંચદેવો અને શિવ-શક્તિની ઉપાસના કરે છે, તેથી દરેક વ્યક્તિને પોતાના મૂળ ધર્મ અને પરંપરાનું સાચું જ્ઞાન હોવું અત્યંત જરૂરી છે. આપણા પૂર્વજો પિતા, દાદા, નાના અને તેમની અગાઉની પેઢીઓ જે દેવી-દેવતાઓની પૂજા કરતા આવ્યા છે, તેમની જ પૂજા કરવી જોઈએ. શાસ્ત્રો અને પુરાણોમાં જેનો ઉલ્લેખ નથી તેવા બનાવટી કે નકલી દેવી-દેવતાઓની પૂજા કરવાની કોઈ જરૂર નથી.

ગંગા નદીની ધારાનું ઉદાહરણ આપતા તેમણે જણાવ્યું કે, જેમ ગંગા ગંગાસાગરમાં મળે છે અને તેમાં ગમે ત્યાં સ્નાન કરવાથી પુણ્ય મળે છે, તેમ આમતેમ ભટક્યા વિના મૂળ ધારા અને મૂળ ધર્મગ્રંથોને વળગી રહેવું જોઈએ. શ્રીમદ્ ભગવદ્ ગીતા, રામાયણ, અઢાર પુરાણ અને ચાર વેદ સિવાયના નવા-નવા લખાણોમાં 'દૂધમાં પાણી ભેળવવા' જેવી પ્રવૃત્તિ થઈ રહી છે. તેમણે ભવિષ્યમાં આવી બાબતો સામે ચેતવણી આપી હતી.

અંતમાં તેમણે 'હિંદુ' અને 'સનાતન ધર્માવંબી'ની વ્યાખ્યા સ્પષ્ટ કરતા કહ્યું કે જે પંચદેવની ઉપાસના કરે, ધર્મશાસ્ત્રોને માને, દ્વારકાધીશ, ચારેય ધામ, નવદુર્ગા, દસ મહાવિદ્યા, ઉમિયા માતા, અંબાજી, આશાપુરા, પોતાના કુળદેવી-કુળદેવતા અને સોમનાથ દાદાને માને, તે જ સાચો હિંદુ છે અને આ જ હિંદુત્વના લક્ષણો છે.

નલિયામાં સૌથી ઓછું 11.2 ડિગ્રી તાપમાન નોંધાયું : આગામી દિવસોમાં તાપમાનમાં કોઈ મોટો બદલાવ જોવા નહીં મળે

(એજન્સી) ગાંધીનગર | તા. 24

અમદાવાદ | હવામાન વિભાગ દ્વારા આગામી 30 નવેમ્બર સુધી વાતાવરણ સામાન્ય રીતે સૂકું રહેવાની આગાહી કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન લઘુતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. દરિયાકાંઠા વિસ્તારોમાં પવન ઉત્તર-પૂર્વ દિશામાંથી ફૂંકાય તેવી સ્થિતિ બની રહેશે.

સ્ટીપ પ્રેશર ગ્રેડિયન્ટના કારણે પવનની ઝડપ થોડી વધારે રહેશે, જે 15થી 20 કિમી પ્રતિ કલાક અને ઝટકા સાથે 25 કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાની સંભાવના છે. માછીમારો માટે પણ ભારે પવનની આગાહી આપવામાં આવી છે,



જેમાં પવનની ઝડપ 30થી 40 કિમી પ્રતિ કલાક અને ઝટકા સાથે 50 કિમી પ્રતિ કલાક સુધી રહેવાની શક્યતા છે.

અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે અને લઘુત્તમ તાપમાન 19 ડિગ્રી આસપાસ રહેવાની સંભાવના છે. નોંધાયેલા તાપમાનની વાત કરીએ તો રાજ્યમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં 11.2 ડિગ્રી નોંધાયું છે, જે સામાન્ય કરતાં 3.3 ડિગ્રી નીચું છે. અમદાવાદમાં 18.9 ડિગ્રી તાપમાન નોંધાયું છે, જે સામાન્ય કરતાં 2.9 ડિગ્રી વધુ છે, જ્યારે બીજું સૌથી ઓછું તાપમાન કંડલા એરપોર્ટ પર 13.9 ડિગ્રી નોંધાયું છે, જે સામાન્ય કરતાં 2.1 ડિગ્રી નીચું છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણના જણાવ્યા અનુસાર, આગામી 7 દિવસ તાપમાન યથાવત્ રહશે. ઉત્તરપૂર્વ-પૂર્વના પવન ફૂંકાયા છે. લઘુતમ તાપમાન 18થી 20 ડિગ્રી આસપાસ રહશે. કડકડતી ઠંડી માટે રાહ જોવી પડશે. પવનની દિશા બદલાશે નહિ, ત્યાં સુધી તાપમાન ઘટવાની કોઈ શકયતા નથી.

શાહપુરની સીમમાં પરપ્રાંતીય યુવકની હત્યા :વાળ કપાવવા જવાનું કહી સાથીદાર સાથે નીકળેલા યુવકની લોહીલુહાણ લાશ મળી

ગાંધીનગર | ગાંધીનગર તાલુકાના શાહપુર ગામની સીમમાં નજીકથી એક પરપ્રાંતીય શ્રમિક યુવકની હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. મૃતક યુવક તેના જ વતનના એક સાથીદાર સાથે રાત્રે વાળ કપાવવા માટે નીકળ્યો હતો. જે બાદ સવારે કાચા રોડની સાઈડમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટના બાદથી સાથે ગયેલો શખ્સ ફરાર થઈ જતાં તેની સામે હત્યાની પ્રબળ આશંકા વ્યક્ત કરીને ડભોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મૂળ પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લાના મહમદબજાર થાના વિસ્તારના ડોંમપારા (પોસ્ટ. અમડોલા પહાડી) ખાતે રહેતા અને હાલ શાહપુર ગામની સીમમાં આવેલા હાઈટેક પ્રોજેક્ટમાં રહી મજૂરી કામ કરતા અમિત રામચંદ્ર દોમે ડભોડા પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી છે. અમિત છેલ્લા ચારેક મહિનાથી તેમના સાળા રબિ તમલ બિત્તર (ઉ.વ. 33, મૂળ રહે. બામનીગ્રામ, પોસ્ટ. દોહીરા, થાના. સાંઈથીયા, જિ. બીરભૂમ, પશ્ચિમ બંગાળ) સાથે અહીં રહીને મજૂરી કામ કરતા હતા.

જ્વેલર્સની દુકાનમાં બાકોરું પાડીને લાખોના દાગીના ચોરનાર 3ની ધરપકડ

(એજન્સી) અમદાવાદ | તા. 24

કણભા પોલીસે અમદાવાદના ચંદિયલ ગામમાં જ્વેલર્સની દુકાનની દિવાલ તોડી લાખોના દાગીના ચોરનાર 3 આરોપીઓને ઝડપી પાડ્યા છે. સીસીટીવી ફૂટેજના આધારે સુનિલ પ્રજાપતિ, જગદીશ માળી અને ભંવરદાસ વૈષ્ણવની ધરપકડ કરીને ચોરીનો તમામ મુદ્દામાલ જપ્ત કરાયો છે. દિવાળી દરમિયાન રેકી કરીને ચોરીનો પ્લાન ઘડાયો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકામાં આવેલા ચંદિયલ ગામમાં આવેલી જ્વેલર્સ શોપની દુકાનની દિવાલ તોડીને લાખો રૂપિયાની કિંમતના સોનાના દાગીનાના ચોરી કરનાર ત્રણ શખસોને કણભા પોલીસે સીસીટીવી ફુટેજના આધારે ઝડપીને ચોરી થયેલો તમામ મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

શહેરના નવા નરોડામાં આવેલી પાર્શ્વનાથ ટાઉનશીપમાં રહેતા જીગ્નેશ પારેખ દસ્ક્રોઈના ચંદિયલ ગામમાં જ્વેલરી શોપ ધરાવે છે. થોડા દિવસ પહેલા તેમની શોપની પાછળની દિવાલમાં બાકોરું પાડીને કેટલાંક શખસોએ લાખો રૂપિયાની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરીને જતા રહ્યા હતા.

આ અંગે કણભા પોલીસે સીસીટીવી ફુટેજ અને ટેકનીકલ એનાલીસીસના આધારે સુનિલ પ્રજાપતિ (રહે. શક્તિનગર સોસાયટી, ચાંદલોડિયા) , જગદીશ માળી (રહે. બાબુનગર સોસાયટી, ઘાટલોડિયા) અને ભંવરદાસ વૈષ્ણવ (રહે. જાલોર, રાજસ્થાન)ને ઝડપીને ચોરી કરાયેલો તમામ મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આરોપીઓએ દિવાળી દરમિયાન રેકી કરીને સમગ્ર ચોરીનો પ્લાન કર્યો હતો. આરોપીઓ દ્વારા અન્ય ચોરી કરવામાં આવી હોવાની શક્યતાને આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.



અમદાવાદ | અમદાવાદના શહેરના ગ્યાસપુર વિસ્તારમાં મેટ્રો ડેપો નજીક કેનાલ સમાંતર ઝૂંપડપટ્ટી આવેલી છે. જેમાં આજે સવારે આગ લાગવાની ઘટના બની હતી. ઘટનાની જાણ ફાયરબ્રિગેડની ટીમને કરવામાં આવતાં ફાયરબ્રિગેડની 12 જેટલી ગાડીઓ ઘટનાસ્થળ પર પહોંચી હતી. ફાયરબ્રિગેડ દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. 50 જેટલા ઝૂંપડાઓ આગમાં બળી ગયા હતા. મેયર હિતેશ બારોટ ઘટનાસ્થળ પર પહોંચ્યા હતા. હાલમાં ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

બે વિદ્યાર્થીઓને ઈજા, બંને પક્ષે સમાધાન બાદ ફરિયાદ ન નોંધાઈ; પર્સનલ કામમાં સરકારી ગાડીનો ઉપયોગ કરતા સવાલો ઉઠ્યા

MPના ડે.કલેકટરની ઈનોવા કારે ઈકોને ટક્કર મારી

(એજન્સી) અમદાવાદ I તા. 24

અમદાવાદના મોટેરામાં મધ્ય પ્રદેશના ડેપ્યુટી કલેકટરની કારે ટ્યૂશનના વિદ્યાર્થીઓ ભરેલી ઈકો કારને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બે વિદ્યાર્થીને સામાન્ય ઈજા પહોંચી હતી, જ્યારે ઘટનાસ્થળે લોકોના ટોળા એકઠા થઈને પોલીસને જાણ કરતા પોલીસ પહોંચીને કારમાં સવાર ડેપ્યુટી કલેકટરના પુત્ર સમય જયસ્વાલને લઈને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જોકે, આ મામલે કોઈ પોલીસ ફરિયાદ થઈ નથી.

મોટેરામાં સધી માતા રોડ પર આકાશ ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીને ભરીને જતી ઈકો કારનો સોમવાર રાત્રે અકસ્માત સર્જાયો હતો. ઈકો કાર ચાર રસ્તા ક્રોસ કરી રહી હતી ત્યારે પૂરઝડપે આવતી મધ્ય પ્રદેશ પાસિંગવાડી ઈનોવાએ ઈકોને અડફેટે લેતા બે વિદ્યાર્થીઓને સામાન્ય ઈજા પહોંચી હતી. ઈનોવા કારમાં લાલબત્તી અને આગળ અપર કલેકટર લખેલું બોર્ડ પણ જોવા મળ્યું હતું.

અકસ્માત થતાં જ લોકોએ કારમાં સવાર બંને લોકોને રોકી રાખ્યા હતા અને પોલીસને જાણ કરી હતી.



ઘટનાસ્થળે પહોંચી બંને લોકોને પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. આ અંગે એલ ડિવિઝન પીઆઈ એસ.ડી. પટેલે જણાવ્યું હતું કે, કારમાં સવાર મધ્ય પ્રદેશના ડેપ્યુટી કલેકટરનો પુત્ર હતો. આ અંગે બંને પક્ષો વચ્ચે સમાધાન થઈ ગયું હોવાથી કોઈ ફરિયાદ નોંધવામાં આવી નથી. તેમજ આ અંગે વધુ તપાસ કરી રહ્યા છીએ.

કાર ચાલક સમય જયસ્વાલ મધ્ય પ્રદેશના ડેપ્યુટી કલેકટરનો પુત્ર છે અને અહીં ખરીદી કરવા નીકળ્યો અને અકસ્માત કર્યો હતો. કાર પોતે જ ચલાવતો હતો. મહત્વનું છે કે, સરકારી ગાડીનો ઉપયોગ ડેપ્યુટી કલેકટરનો પુત્ર કરતો હોવાથી કોઈ કાર્યવાહી થશે કે કેમ તેને લઈને સવાલો ઊભા થઈ રહ્યા છે.